કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
-: સ્થળ :-
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૦૫ માર્ચ, ૨૦૨૬ ગુરૂવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
પ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૨૫૫◆વર્ષ : ૩૨ ◆પાના - ૧૨◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ ફાગણ વદ-૨◆ગાંધીધામ મો.૯૮૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

### અમેરિકાએ મિસાઈલ પરિક્ષણ કરતા તર્કવિતર્કો

# મધ્ય - પૂર્વનું યુદ્ધ ચરમસીમાએ

## ટ્રમ્પ આર-યા-પારના મુડમાં

વોશીંગ્ટન : મધ્ય પૂર્વમાં તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. ઈરાન અમેરિકા અને ઈઝરાયલની સંયુક્ત કાર્યવાહીની આકરી ટીકા કરી રહ્યું છે. અમેરિકાએ કેલિફોર્નિયાથી મિનિટમેન III બેલિસ્ટિક મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. જ્યારે આ પરીક્ષણને નિયમિત ગણાવવામાં આવ્યું છે, ત્યારે પરમાણુ ક્ષમતા અને પ્રાદેશિક સંઘર્ષની સંભાવના અંગે વૈશ્વિક ચિંતાઓ વધી છે.

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે, અમેરિકાએ મંગળવારે રાત્રે કેલિફોર્નિયાના દરિયાકાંઠે ડ્રમ્સડે બેલિસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યું. ન્યૂ યોર્ક પોસ્ટ અનુસાર, હિરોશિમા પર ફેંકવામાં આવેલા પરમાણુ બોમ્બ કરતાં ૨૦ ગણા વધુ શક્તિશાળી પરમાણુ હથિયાર વહન કરવામાં સક્ષમ મિનિટમેન III બેલિસ્ટિક મિસાઈલને રાત્રે ૧૧ વાગ્યે સાન્ટા બાર્બરા નજીક વેન્ડેનબર્ગ સ્પેસ ફોર્સ બેઝ પરથી લોન્ચ કરવામાં આવી હતી.યુએસ સ્પેસ ફોર્સ અનુસાર, GT ૨૫૪ તરીકે ઓળખાતા નિઃશષા રોકેટે ૫.-મધ્ય પેસિફિક મહાસાગરમાં માર્શલ ટાપુઓ નજીક તેના લક્ષ્ય પર પ્રહાર કર્યો. ફોર્સના ગ્લોબલ સ્ટ્રાઈક કમાન્ડ અનુસાર, મિસાઈલ અસરકારકતા, તૈયારી અને ચોકસાઈ ચકાસવા માટે છોડવામાં આવી હતી.

અમેરિકાએ કેલિફોર્નિયાના વેન્ડેનબર્ગ સ્પેસ ફોર્સ બેઝ પરથી મિનિટમેન III ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યું છે. અહેવાલો અનુસાર, આ પરમાણુ ક્ષમતા ધરાવતી મિસાઈલ હિરોશિમા પર ફેંકાયેલા બોમ્બ કરતાં લગભગ ૨૦ ગણી વધુ શક્તિશાળી વોરહેડ વહન કરવામાં સક્ષમ છે. આ મિસાઈલ અમેરિકાની પરમાણુ પ્રતિરોધક પ્રણાલીનો મુખ્ય ઘટક છે અને હજારો કિલોમીટર દૂરના લક્ષ્યોને પ્રહાર કરી શકે છે.

તાજેતરમાં, અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યો, જેમાં દેશના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેનીની તેહરાનમાં હત્યા કરવામાં આવી. આ પછી, સમગ્ર મધ્ય પૂર્વ યુદ્ધમાં ડૂબી ગયું છે.ખામેનીના મૃત્યુ પછી, ઈરાને ઈઝરાયલ અને મધ્ય પૂર્વમાં યુએસ બેઝ પર હુમલા કરવાનું ચાલુ રાખ્યું છે. દરમિયાન, હિઝબુલ્લાહના સક્રિય થયા પછી, ઈઝરાયલે લેબનોનની રાજધાની બૈરુત પર શ્રેણીબદ્ધ હુમલાઓ શરૂ કર્યા છે.રાષ્ટ્રપતિ ટ્રમ્પે બાદમાં ઈરાન પર હુમલાઓ વધુ તીવ્ર બનાવવાની પ્રતિજ્ઞા લીધી અને ચેતવણી આપી કે એક મોટો હુમલો નિકટવર્તી છે.એરફોર્સ ગ્લોબલ સ્ટ્રાઈક કમાન્ડે જણાવ્યું હતું કે, મંગળવારનું પરીક્ષણ-પ્રક્ષેપણ નિયમિત હતું અને ઘણા વર્ષોથી સુનિતિ હતું. મિનિટમેન III મિસાઈલ અમેરિકાના પરમાણુ ત્રિપુટીનો એક ભાગ છે, જેમાં જમીન, સમુદ્ર અને હવામાંથી વિશ્વ-વિનાશક શષો લોન્ચ કરવાની ક્ષમતા શામેલ છે. તે પરમાણુ શષોને રોકવા માટે રચાયેલ છે,

### તહેરાનમાં ૬૬ અમેરીકીઓને બંધક બનાવાયા

#### ઈરાન પર અમેરીકાનો સૌથી મોટો આરોપ

નવી દીલ્હી : ઈઝરાયેલ ઈરાન યુદ્ધવચ્ચે આજ રોજ અમેરીકાએ ઈરાન પર એક સૌથી મોટો આરોપ લગાડયો છે. અમેરીકા વ્હાઈટ હાઉસે કહ્યુ છે કે, તહેરાનમાં અમેરીકન એમ્બેસી પર ઈરાન દ્વારા કબ્જો કરી લેવામા આવ્યો છે અને ત્યા ૬૬ જેટલા અમેરીકનને બંધક બનાવવામા આવ્યા છે.

### ઈરાન નબળુ પડયું : ટ્રમ્પનો દાવો

નવી દિલ્હી : મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ મામલે અમેરીકાએ આજ રોજ મોટુ નિવેદન આપ્યું છે. ટ્રમ્પ દ્વારા કહેવાયુ છે કે ઈરાન હવે નળળું પડયું છે. ઈરાનની પાસે મિસાઈલ-ડ્રોનનો જથ્થો ખુટી રહ્યો છે. અમે એક જ અઠવાડીયામાં ઈરાનના આકાશમાં કબ્જો કરી લઈશુ.

પરંતુ જો યુનાઈટેડ સ્ટેટ્સ પર

અનુસંધાન પાના નં.૪ પર

## ટેરિફ મુદ્દે ટ્રમ્પને પ્રચંડ ફટકો : અબજો ડોલર પરત કરવા અમેરિકાને આદેશ

### સુપ્રીમ કોર્ટ દ્વારા 'લિબરેશન ડે' ટેરિફ ગેરકાનૂની જાહેર કરાયા બાદ હવે રિફંડનો માર્ગ મોકળો; અંદાજે ૧૭૫ અબજ ડોલરની રકમ પરત કરવી પડશે, ભારત સહિત અનેક દેશોના વેપાર પર પડશે મોટી અસર

વોશિંગ્ટનઃ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની આર્થિક નીતિઓને મોટો આંચકો આપતા યુએસ ટ્રેડ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે ટ્રમ્પ પ્રશાસન દ્વારા લાદવામાં આવેલા આયાત શુલ્ક (ટેરિફ) ને રદ કરી, તે રકમ સંબંધિત કંપનીઓને પરત કરવાનો આદેશ જારી કર્યો છે. યુએસ કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડે બુધવારે કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શનને સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે કે IEEΠA કાયદા હેઠળ વસૂલવામાં આવેલી રકમ કંપનીઓને રિફંડ કરવામાં આવે.ગયા મહિને ફેબ્રુઆરીમાં અમેરિકાની સુપ્રીમ કોર્ટે ૬-૩ના બહુમતી ચુકાદા સાથે ટ્રમ્પના ઈમરજન્સી ટેરિફને ગેરબંધારણીય અને ગેરકાનૂની ગણાવ્યા હતા. અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે IEEPA કાયદો રાષ્ટ્રપતિને મનસ્વી રીતે આવા ટેરિફ લાદવાની સત્તા આપતો નથી. ટ્રમ્પે ગયા વર્ષે એપ્રિલમાં મેક્સિકો, કેનેડા અને ચીન સહિતના દેશો પર ૧૦% થી ૫૦% સુધીના 'લિબરેશન ડે' ટેરિફ લાદ્યા હતા, જેના દ્વારા સરકારને અંદાજે ૧૩૦ અબજ ડોલરની આવક થઈ હતી.જજ રિચર્ડ ઈટને જણાવ્યું હતું કે જે પણ ઈમ્પોર્ટર્સની એન્ટ્રી IEEPA ડ્યુટી હેઠળ થઈ હતી, તેઓ આ રિફંડ મેળવવાના હકદાર છે. નિષ્ણાતોના મતે હવે સરકાર પર હજારો કેસ થઈ શકે.

અનુસંધાન પાના નં.૪ પર

## ધર્મમાં ભેદભાવને કોઈ સ્થાન નહીં : મોહન ભાગવત

### આરએસએસના સરસંઘ સંચાલકશ્રીએ અમદાવાદમાં આપ્યું નિવેદન

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર : રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના વડા મોહન ભાગવતે અમદાવાદ મધ્યે એક કાર્યક્રમમાં ધર્મનો મહિમા વર્ણવતા સૌને અપીલ કરી હતી. તેઓએ કહ્યુ કે ધર્મમાં ભેદભાવને કોઈ સ્થાન રહેલું નથી. ધર્મ બધાને જોડીને સાથે ચાલે છે. ધર્મ બધાને ઉન્નત બનાવે છે. બોલવાથી નહી થાય, સ્વપ્ના માત્ર જોવાથી નહી થાય, આચરણમાં તે વાતો ઉતારવી પડશે. આચરણ પણ વધારે ધ્યાન આપવુ પડશે. ધર્મની રક્ષા ધર્મના પાલનથી આપણે જ કરવી જોઈએ. ધર્મનુ કામ જોડવાનુ છે. આપણને તોડનારાઓ નથી જોઈતા. સંઘે શકિત કલૌયુગે. મનમાં સમરસતા હોવી પણ જરૂરી છે. ધર્મની રક્ષા આપણે જ કરવાની છે. આપણે સૌએ ધર્મનું પાલન કરવું જોઈએ. ધર્મ સૌને જોડે છે.



## હિંદ મહાસાગરમાં યુદ્ધના ભણકારા : ઈરાની યુદ્ધજહાજ આઈઆરઆઈએસ પર હુમલો : ૧૦૧ ક્રુના મોત

નવી દીલ્હી : ઈરાનનું ગૌરવ ગણાતું 'IRIS દેના' સબમરીન હુમલામાં તબાહ, ૧૦૧ નાવિકોના જીવ જોખમમાંહિંદ મહાસાગરના શાંત પાણીમાં એક એવી ઘટના બની છે જેણે આંતરરાષ્ટ્રીય રાજકારણ અને દરિયાઈ સુરક્ષા ક્ષેત્રે ખળભળાટ મચાવી દીધો છે. શ્રીલંકાના ગૉલ તટ પાસે ઈરાની નૌકાદળના અત્યાધુનિક યુદ્ધજહાજ IRIS દેના પર અચાનક થયેલા



સબમરીન હુમલાએ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે.રોઈટર્સ અને અલ જઝીરાના

અનુસંધાન પાના નં.૪ પર

## ગુજરાત યુનિવર્સીટીમાં વિવિધ પ્રકલ્પોનું સીએમની ઉપસ્થીતીમાં લોન્ચિંગ

ગાંધીનગર : ગુજરાત યુનિવર્સિટી ખાતે આજે રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીની ગરિમામય ઉપસ્થિતિમાં વિવિધ નૂતન પ્રકલ્પોના નામકરણ, ઉદઘાટન અને લોન્ચિંગનો ભવ્ય કાર્યક્રમ સંપન્ન થયો હતો. શિક્ષણ ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરવાના ધ્યેય સાથે યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલા આધુનિક ભવનો અને વિદ્યાર્થીલક્ષી





સુવિધાઓને મુખ્યમંત્રીશ્રીના હસ્તે ખુલ્લી મૂકવામાં આવી હતી. આ પ્રસંગે યુનિવર્સિટીના વિવિધ વિભાગોનું મહાનુભાવોની સ્મૃતિમાં ગૌરવપૂર્ણ નામકરણ કરવામાં આવ્યું હતું, જે આવનારી પેઢીને પ્રેરણા પૂરી પાડશે. મુખ્યમંત્રીશ્રીએ આ નવીન પહેલોને બિરદાવતા જણાવ્યું હતું કે ગુજરાત યુનિવર્સિટી સંશોધન અને ઈનોવેશનના ક્ષેત્રે રાજ્યનું ગૌરવ વધારી રહી છે. આ કાર્યક્રમમાં શિક્ષણ મંત્રીશ્રી, કુલપતિશ્રી, વિવિધ વિદ્યાશાખાના વડાઓ અને મોટી સંખ્યામાં

અનુસંધાન પાના નં.૪ પર

### ભારતની મદદે રશિયા : તેલ મોકલવાની તૈયારી તેજ

નવી દિલ્હી : ઈરાન-ઈજરાયેલ વચ્ચે યુદ્ધ છેડાઈ ગયુ છે અને તે આજે છઠ્ઠા દિવસે પ્રવેશી ચુકયુ છે ત્યારે તેલના સપ્લાય પર અસર પડી છે અને ભારત પણ તેના હેઠળ અવી ગયુ છે. ભારતની પાસે માત્ર ૨૫ દીવસ ચાલે તેટલું જ તેલ છે ત્યારે હવે ભારતની મદદે રશીયા આવ્યુ છે. ૯૫ લાખ બરેલ તેલ મોકલવાનીતૈયારી રશીયાએ શરૂ કરી દીધી છે. જલ્દી જ ભારત આવશે એક મોટું શીપમેન્ટ.

## ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ગરમાવો



### માર્ચના અંત સુધીમાં જાહેરનામું બહાર પડવાની શક્યતા, OBC અનામત અને રોટેશનથી દિગ્ગજોના પત્તા કપાશે : ૨૭% OBC અનામત અને ૫૦% મહિલા અનામતના અમલથી રાજકીય સમીકરણો ધરમૂળથી બદલાશે; રાજ્યની ૬ જૂની અને ૯ નવી રચાયેલી મહાનગરપાલિકાઓ સહિત પંચાયતોમાં ચૂંટણીનો જંગ ખેલાશે, સીટિંગ ઉમેદવારોમાં ફફડાટ

ગાંધીનગર : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. લાંબા સમયથી જેની રાહ જોવાઈ રહી હતી તે મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આ મહિનાના અંત સુધીમાં સત્તાવાર સમયપત્રક અને જાહેરનામું બહાર પાડવામાં આવે તેવી પ્રબળ શક્યતાઓ છે. આ વખતે અનામત અને રોટેશનના નવા નિયમોને કારણે વર્ષોથી સત્તા પર કાબિજ રહેલા અનેક દિગ્ગજ નેતાઓના રાજકીય ભાવિ પર જોખમ તોળાઈ રહ્યું છે.રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટે અનામત ૧૦% થી વધારીને ૨૭% કરવામાં આવી છે. આ ફેરફારને કારણે જે બેઠકો અત્યાર સુધી સામાન્ય (જનરલ) કેટેગરીમાં હતી, ત્યાં હવે OBC ઉમેદવારોને પ્રાધાન્ય મળશે. આ ઉપરાંત, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ની બેઠકોનું ત્રીજું રોટેશન અમલમાં આવનાર હોવાથી અનેક વર્તમાન કાઉન્સિલરો અને પંચાયત સભ્યોએ પોતાની પરંપરાગત બેઠકો ગુમાવવી પડશે. કોવિડ-૧૯ ને કારણે ૨૦૨૧ની વસ્તી ગણતરી ન થઈ હોવાથી, ૨૦૧૧ના આંકડા મુજબ જ બેઠકોની ફાળવણી કરવામાં આવશે.

તમામ બેઠકો પર મહિલાઓ માટે ૫૦% અનામતની જોગવાઈ હોવાથી રાજકીય પક્ષોએ મોટા પાયે મહિલા ઉમેદવારોની શોધ કરવી પડશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નવા જ્ઞાતિગત સમીકરણો અને અનામતના માળખાને કારણે મોટાભાગના પક્ષોએ પોતાના સીટિંગ ઉમેદવારોને બદલીને નવા ચહેરાઓને મેદાનમાં ઉતારવા પડશે.

રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી નવી ૯ મહાનગરપાલિકાઓ - નડિયાદ, સુરેન્દ્રનગર, આણંદ, નવસારી, વાપી, મોરબી, ગાંધીધામ, પોરબંદર અને મહેસાણામાં પ્રથમ વખત

અનુસંધાન પાના નં.૪ પર

## રાજયસભાનો સભ્ય બનવા જઈ રહ્યો છું : નીતિશ

પટના : રાજયસભાનો જંગ છેડાઈ જવા પામ્ય છે. ૩૭ બેઠકો પર જંગ ખેલાશે ત્યારે બિહરાનારાજકારણમાં મોટી હલચલ જોવા મળી રહી છે. આજ રોજ નીતીશકુમાર દ્વારા સોશ્યલ મીડીયા પર પોસ્ટ કરી અને કહેવાયું છે કે, રાજયસભાનો સભ્ય બનવા જઈ રહ્યો છું.બિહારની નવી સરકારને મારૂ માર્ગદર્શન અને સહયોગ રહેશે. નવી સરકારને મારૂ માર્ગદર્શન મળતુ રહેશે. સંસદના બન્ને ગૃહનો સભ્ય બનવાની ઈચ્છા હતી.



**સોશ્યલ મીડીયા પર બિહારના સીએમ નીતીશકુમારનો ટવિટ**

**જનસંઘના યુગ બાદ પ્રથમવાર બિહારમાં ભાજપનો પોતાનો મુખ્યમંત્રી બનાવવાનો માર્ગ થયો મોકળો**

## જેન-જી બળવા બાદ નેપાળમાં આજે પહેલી ચૂંટણી

(એજન્સી દ્વારા)

નવી દીલ્હી : ભારતના પાડોશી દેશ નેપાળમાં આજે નવી સરકાર બનાવવા માટે મતદાન થઈ રહ્યું છે. ૨૦૨૫ના GEN-Zના ઉગ્ર વિરોધ પ્રદર્શન પછી નેપાળમાં આ પહેલી સામાન્ય ચૂંટણી છે. જોકે, આ ચૂંટણી નેપાળના લાંબા સમયથી સત્તામાં રહેલા નેતાઓ અને યુવાનો વચ્ચેની સ્પર્ધા છે. પાછલી ચૂંટણીઓથી વિપરીત આ વખતે યુવાનો પણ ઘણી બેઠકો પર ચૂંટણી લડી રહ્યા છે. ગયા વર્ષની હિંસા પછી જનતા સરકાર બનાવવા માટે કોને મત આપશે તે જોવાનું બાકી છે.




## ઈરનમાં યુદ્ધ વચ્ચે અમેરિકામાં જ ટ્રમ્પનું વધ્યું ટેન્શન

(પ્રતિનિધિ દ્વારા)

નવી દિલ્હી : ઈરાનમાં એકતરફ યુદ્ધમાં અમેરીકાને વિવિધ મોરચે ફટકાઓ પડવા પામી રહ્યા છે ત્યારે બીજીતરફ હવે ખુદના ઘરમાં જ તેઓ ઘેરાઈ રહ્યા હોવાની સ્થિતી બની રહી છે. ઈરાનમા યુદ્ધ વચ્ચે અમેરીકામા જ ટ્રમ્પનું ટેન્શન વધ્યું છે. ડેમોક્રેટસે કહ્યું કે સંસદની મંજુરી વિના યુદ્ધ ગેરકાયદેસર કહેવાય.

## દાહોદમાં ભુકંપનો આંચકો અનુભવાયો

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : વિષમ હવામાનની વચ્ચે હવે ધરતીના પેટાળમાં પણ સખળડખળ જોવા મળી રહ્યો છે. દરમ્યાન જ દાહોદમાં આજ રોજ સવારે ૧૧:૫૫ કલાકે ભુકંપનો આંચકો અનુભવાયો છે. આંચકાની તીવ્રતા ૨.૫ની રહેવા પામી હતી.

## એલનની 33 દડામાં સૌથી તેજ સદી : દ.આફ્રિકાને કચડી કિવિઝ ફાઈલનમાં

કોલકાતાઃ ન્યૂઝીલેન્ડના ઓપનર ફિન એલને દક્ષિણ આફ્રિકા સામે ૨૦ વર્લ્ડ કપના પહેલા સેમિફાઈનલમાં માત્ર ૩૩ બોલમાં સદી ફટકારી હતી, જે ઈતિહાસની સૌથી ઝડપી સદી બની હતી. ફિનના અણનમ ૧૦૦ (૩૩ બોલ, ૧૦ ચોગ્ગા અને ૬ છગ્ગા) એ વેસ્ટ ઈન્ડીઝના ક્રિસ ગેઈલ (૪૭ બોલ વિરુદ્ધ ઈંગ્લેન્ડ, ૨૦૧૬) અને ટિમ સેફર્ટ (૫૮ રન, ૩૩ બોલ, ૭ ચોગ્ગા અને ૨ છગ્ગા) નો રેકોર્ડ




તોડ્યો હતો.ન્યૂઝીલેન્ડે ૧૭૦ રનના લક્ષ્યનો પીછો કરવા માટે ૪૩ બોલ બાકી રહેતા એક વિકેટ ગુમાવી દીધી હતી અને ૫ માર્ચે અમદાવાદમાં યોજાનારી ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. કિવીઓએ ફક્ત સેફર્ટની વિકેટ ગુમાવી હતી, જેમણે ૫૫ બોલમાં પ્રથમ વિકેટ માટે ૧૧૭ રન ઉમેર્યા હતા.અગાઉ, મુશ્કેલ પરિસ્થિતિમાં, દક્ષિણ આફ્રિકાના ઓલરાઉન્ડર માર્કો યાનસેને (૫૫★, ૩૦ બોલ, ૨ ચોગ્ગા, ૫ છગ્ગા) એ તેની ઝ૨૦ કારકિર્દીની સૌથી મોટી ઈનિંગ રમી, જેના કારણે દક્ષિણ આફ્રિકાએ કુલ ૧૬૯/૪ રન બનાવ્યા.દક્ષિણ આફ્રિકાની ટીમ સંપૂર્ણપણે પાછળ પડી ગઈ હતી .

# આદિપુરમાં સામાજિક બાબતેના ડખ્ખામાં મારામારી થતાં પાંચ સામે ગુનો

ગાંધીધામ - કચ્છઉદય : અંજાર - ગાંધીધામમાં મારામારીના ત્રણ બનાવો સામે આવ્યા હતા. આ બાબતે આદિપુર પોલીસમાંથી મળતી વિગતો મુજબ ત્રણ વાડી સેવાકુંજ પાસે આ બનાવ બન્યો હતો. ફરિયાદી ચંદ્રશેખર મોહનભાઈ નાયકના જણાવ્યા પ્રમાણે આરોપીઓએ ફરિયાદીને સમાજ આવવા દેતા ન હોઈ સમાજમાં ફરિયાદીની બદનામી કરતા હોઈ જે બાબતે કહેવા જતાં આરોપીઓ સામે અગાઉ ગુના દાખલ થયા હોઈ તે વાતનું મનદુઃખ રાખીને ફરિયાદીને ગાળો આપી સળિયો મારતા ફરિયાદીના પિતા વચ્ચે પડ્યા હતા, તેઓને પણ ઈજા પહોંચાડવામાં આવી હતી. ફરિયાદીના માતા અને પત્ની અને ભાઈને પણ મુઢ ઈજાઓ કરી હતી. જેથી યશ દિલીપભાઈ બાજીગર, દિલીપ ચંદુભાઈ બાજીગર, ગોપાલ ચંદુભાઈ બાજીગર, રાજુબેન ગોપાલભાઈ બાજીગર, દિપાબેન દિલીપભાઈ બાજીગર સામે આદિપુર પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો.

**મેઘપર બોરીચીમાં હોમગાર્ડને માર મરાયો : અંજારમાં પરિવાર પર હુમલો**

અંજારમાં મફતનગર ગુલાબ મિલ રોડ પાસે મારામારી થઈ હતી. ફરિયાદી ગોપાલ જેસાભાઈ જાદવના જણાવ્યા પ્રમાણે આરોપીઓ મહિપાલસિંહ રાઠોડ, કુલદીપસિંહ રાઠોડ અને અન્ય ઈસમે ફરિયાદી ૭૦ વર્ષિય ગોપાલભાઈ તેમજના દિકરા અને પૌત્રને ઢીકા પાટુનો મારમારી ફરિયાદીને લોખંડની ટામી મારી ઈજા પહોંચાડતા અંજાર પોલીસમાં ગુનો નોંધાયો હતો.

આ દરમિયાન મેઘપર બોરીચીમાં અનમોલ રેસીડેન્સીના ગેટ પાસે મારામારી થઈ હતી. ફરિયાદી મૂળ સાનગઢના દિપકભાઈ મેરામણભાઈ કોલી અંજારમાં હોમગાર્ડ તરીકે ફરજ બજાવે છે. તેમના દિકરાની પ્રથમ હોળી હોવાથી પત્રિકા ગામના ગ્રુપમાં નાખી હતી. જેથી આરોપીઓ ફરિયાદીના પરિવાર વિશે ગાળો આપી આ બાબતનું મનદુઃખ રાખી ઘર પાસે આવી સાનગઢના દિલીપ કાનજીભાઈ કોલી, સુરેશભાઈ ભલા કોલી, સુખદેવ ભલા કોલી અને ત્રંબૌના તીર્થભાઈ અમરસિંહ સુરાણીએ ફરિયાદી તેમજ દિલીપને મારમારી ફરિયાદીને છરી વડે ઈજા પહોંચાડતા અંજાર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## ગળપાદર અને ગોકુળગામ પાસે અકસ્માતમાં બે ઘવાયા

ગાંધીધામ : ગળપાદરમાં ગાયત્રી ક્રેનની સામે કચ્છ આર્કેડ બ્રિજના સર્વિસ રોડ પર અકસ્માત થયો હતો. ફરિયાદી અસલમ અલીહુસેન શેખના જણાવ્યા પ્રમાણે તેઓ બાઈક લઈને જતા હતા, ત્યારે ટ્રક નંબર જી.જે. ૩૯ ટી ૭૪૪૬ના ચાલકે ડ્રાઈવર સાઈડથી ટક્કર મારતા અકસ્માતમાં ફરિયાદીને શરીરે અલગ અલગ ભાગોમાં ઈજાઓ થઈ હતી, જેથી એ ડિવિઝનમાં ગુનો દાખલ કરાયો હતો. દરમિયાન ગોકુળગામ બ્રિજ પાસે સર્વિસ રોડ પર માથકના રાજેશભાઈ કરશનભાઈ ડાંગર રસ્તો ક્રોસ કરતા હતા, ત્યારે બાઈક નંબર જી.જે. ૩૯ જે ૩૮૦૮ના ચાલકે ટક્કર મારતા ફ્રેકચર સહિતની ઈજાઓ થઈ હતી, જેથી ભચાઉ પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

## સુખપરમાં સવા છ લાખનો દારૂ પકડાયો



ભુજ : તાલુકાના સુખપર ગામે રહેતા જયદિપ ઉર્ફે જેડી વિજયભાઈ ચુડાસમા નામના શખ્સે પોતાના મકાનમાં અંગ્રેજી દારૂનો જથ્થો વેચાણ માટે છુપાવીને રાખ્યો હતો, તે બાતમીના આધારે માનકૂવા પોલીસે દરોડો પાડી દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની મોટી ૯૯૪ બોટલ કિ.રૂા. ૬,૧૫,૫૮૫નો મુદામાલ કબ્જે કરી ગુનો દાખલ કર્યો હતો. આરોપી રેડ દરમિયાન હાજર મળ્યો ન હતો.

## કચ્છમાં ખનિજ ચોરી પર ફ્લાઈંગ સ્ક્વોડનો સપાટો





ભુજ - કચ્છઉદય : કચ્છ ફ્લાઈંગ સ્ક્વોડની તપાસ ટીમે ગેરકાયદે ખનન અને વહન સામે લાલ આંખ કરી છે. ગત તા. ૩/૩ના રોજ બોરાણા સીમ વિસ્તારમાં આકસ્મિક તપાસ દરમિયાન સાદી રેતીનું ગેરકાયદે ખનન કરતા બે ડમ્પર અને બે લોડર મશીન ઝડપી પાડવામાં આવ્યા હતા. આ તમામ વાહનો સીઝ કરીને મુંદ્રા પોલીસ મથકે સોંપાયા છે. આ ઉપરાંત, ગત તા. ૨/૩ના રોજ અંજાર ખાતેથી રોયલ્ટી પાસ વગર સિલિકા ખનિજનું વહન કરતું એક ડમ્પર પણ પકડી પાડી તેને કસ્ટડીમાં સોંપવામાં આવ્યું હતું. બે દિવસની કાર્યવાહીમાં ટીમે કુલ ૮૪.૫ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**ભકિત જ્ઞાનનો ત્રિવેણી સંગમ**

# ચિત્રોડની પવિત્ર ધરા પર વ્રજવાટિકા મધ્યે શ્રીમદ ભાગવતકથા મહોત્સવનું મંગળ આયોજન

**ચિત્રોડ ગાના ઈતિહાસમાં આ આયોજન એક સીમાચિહ્નરૂપ બની રહેશે : આ કથા દરમ્યાન માત્ર ભકિત જ નહીં પરંતુ ગામમાં પરસ્પર પ્રેમ, એકતા, સંસ્કારનું સિંચન પણ થશે**

ગાંધીધામ - કચ્છઉદય : કચ્છની ધર્મપરાયણ ધરા પર આવેલા ચિત્રોડ ગામે ભક્તિ અને આધ્યાત્મિકતાનો એક નવો ઈતિહાસ રચાવવા જઈ રહ્યો છે. પૂજ્ય સ્વામી શ્રી બાલમુકુંદજી મહારાજના દિવ્ય આશીર્વાદથી અને સમસ્ત ચિત્રોડ ગ્રામજનોના અતૂટ સહયોગથી, આગામી તારીખ ૧૯-૦૩-૨૦૨૬ (ચૈત્ર સુદ એકમ) થી ૨૫-૦૩-૨૦૨૬ (ચૈત્ર સુદ સાતમ) સુધી સાત દિવસીય 'શ્રીમદ્ ભાગવત મહાપુરાણ' કથા જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વ્યાસપીઠ પરથી વહેશે ભક્તિની સરવાણી.આ મહોત્સવમાં સુપ્રસિદ્ધ યુવા કથાકાર વક્તા શાસ્ત્રીશ્રી ઉદય પ્રસાદ ગોર વ્યાસાસન પર બિરાજમાન થઈ શ્રોતાઓને ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યના સાક્ષાત્કાર કરાવશે. શાસ્ત્રીજીના ગહન શાસ્ત્રીય અભ્યાસ અને મધુર વાણી દ્વારા શ્રીમદ્ ભાગવતના ગૂઢ રહસ્યો સરળ શૈલીમાં પીરસાશે. કથા દરમિયાન નંદ મહોત્સવ, ગોવર્ધન લીલા અને પ્રહલાદ ચરિત્ર જેવા દિવ્ય પ્રસંગોની ભાવસભર રજૂઆત કરવામાં આવશે, જે શ્રોતાઓને સાક્ષાત્ વ્રજભક્તિનો અનુભવ કરાવશે.ભવ્ય પોથીયાત્રા અને મંગલ દીપ પ્રાગટ્ય.કથાના પ્રારંભે ગામના રાજમાર્ગો પર ભવ્ય પોથીયાત્રા નીકળશે. મહોત્સવનો મંગલ પ્રારંભ અને દીપ પ્રાગટ્ય સમાજ અને ધર્મના અગ્રણી મહાનુભાવોના વરદહસ્તે કરવામાં આવશે, જેમાં:

શ્રી બાબુભાઈ હુંબલ (કચ્છ ભામાશા, શ્રીરામ ગ્રુપ), પૂજ્ય ભાનુપ્રસાદ ગોર (મહંતશ્રી, માનસ હનુમંત ધામ), શ્રી ભાણજીભાઈ મામાદેવ, શ્રી ઉમિયાશંકરભાઈ જોશી (પૂર્વ પ્રમુખ, સમસ્ત બ્રહ્મ સમાજ), શ્રી લક્ષ્મણભાઈ પટેલ (રામ ઝરૂખો, રવ),આ તમામ મહાનુભાવોની ઉપસ્થિતિ આ પ્રસંગને વધુ ગરિમામય બનાવશે.

ચિત્રોડ ગામના ઈતિહાસમાં આ આયોજન એક સીમાચિહ્ન રૂપ બની રહેશે. સોમનાથ ધામ – વ્રજ વાટિકા ખાતે યોજાનારા આ મહોત્સવ માટે ગામના સેવાભાવી યુવાનો અને ઉદારદિલ દાતાશ્રીઓ રાત-દિવસ જહેમત ઉઠાવી રહ્યા છે. આ કથા દ્વારા માત્ર ભક્તિ જ નહીં, પરંતુ ગામમાં પરસ્પર પ્રેમ, એકતા અને સંસ્કારનું સિંચન થશે.

"શ્રીમદ્ ભાગવત એ સાક્ષાત્ કૃષ્ણનું વાંગ્મય સ્વરૂપ છે, જેના શ્રવણ માત્રથી જીવ પરમાત્મા સાથે એકાકાર થાય છે."સમસ્ત ગ્રામજનો વતી આ ભક્તિમય અવસરમાં પધારવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



**૧૯મી માર્ચથી યોજનાર શ્રી મદ ભાગવત ગીતા જ્ઞાનયજ્ઞના વ્યાસપીઠ પરથી સુપ્રસિદ્ધ યુવા કથાકાર વકતા શાસ્ત્રીશ્રી ઉદય પ્રસાદ ગોર બિરાજમાન થઈ શ્રેતાઓને ભકિત-જ્ઞાન- અને વૈરાગ્યનો સાક્ષાત્કાર કરાવશે : કથા દરમ્યાન નંદ મહોત્સવ, ગોવર્ધન લીલા, અને પ્રહલાદ ચરિત્ર જેવા દિવ્ય પ્રસંગોની ભાવસભર રજુઆત થશે**

# કચ્છમાં રંગોત્સવની ભવ્ય ઉજવણી : ધુળેટીના પર્વે અબાલ-વૃદ્ધ સૌ રંગોમાં તરબતર









ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાભરમાં રંગોના પર્વ ધુળેટીની પરંપરાગત હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે હોળી-ધુળેટીના તહેવાર સાથે શનિ અને રવિવારની રજાઓનો ત્રિવેણી સંગમ રચાતા ઉત્સવનો આનંદ બમણો જોવા મળ્યો હતો. જિલ્લાના મુખ્ય મથક ભુજ સહિત તમામ તાલુકાઓમાં યુવાનો અને બાળકોએ મન મૂકીને એકબીજા પર ગુલાલ અને રંગોનો છંટકાવ કરી ભાઈચારાના પર્વની ઉજવણી કરી હતી. વડીલોએ વહેલી સવારથી જ મંદિરોમાં દર્શન અને દાન-પુણ્ય કરી પૂર્વજોની પરંપરાઓને નિભાવી હતી.

ધુળેટીના પૂર્વ નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ માંડવીના રમણીય દરિયા કિનારે રંગોત્સવની ઉમંગભેર ઉજવણી કરાઈ હતી. કચ્છ ઉપરાંત જિલ્લા બહારથી અનેક પરિવારો ધુળેટીની ઉજવણી માટે માંડવી પહોંચ્યા હતા.

માંડવી ઉપરાંત કચ્છના ધાર્મિક પ્રવાસન સ્થળો જેવા કે,

**રજાઓના સંગમ વચ્ચે માંડવીના દરિયાકિનારે પ્રવાસીઓનું ઘોડાપૂર ઉમટ્યું : ચંદ્રગ્રહણની અસમંજસતા બાદ પણ કચ્છીમાડુઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો : પંચરંગી શહેર ગાંધીધામમાં ઉત્તર ભારતીય પરિવારો દ્વારા પરંપરાગત રંગોત્સવ ઉજવાયો : કચ્છના મુખ્ય ધાર્મિક - પ્રવાસન સ્થળો પર પણ પ્રવાસીઓ ઉમટ્યા : ખાનગી ફાર્મહાઉસોમાં ધૂળેટીની ધૂમ**

માતાનામઢ, નારાયણ સરોવર, કોટેશ્વર, ગોધરા અંબાજી ધામ, રવેચી, જોગણીનાર, મોગલધામ જેવા ધાર્મિક સ્થળો પર ભાવિકો દર્શનાર્થે ઉમટ્યા હતા. પંચરંગી શહેર ગાંધીધામમાં વસવાટ કરતા ઉત્તર ભારતીય પરિવારો દ્વારા પણ રંગોત્સવની ઉત્તર ભારતીય પરંપરા અનુસાર ઉજવણી કરવામાં આવી હતી. સામાન્ય રીતે ઉત્તર ભારતના કેટલાક વિસ્તારો અને રાજસ્થાનમાં રંગોત્સવનું ખાસ મહત્ત્વ છે. જ્યાં ૧૫ દિવસ સુધી રંગોત્સવની ઉજવણી થતી હોય છે ત્યારે કચ્છમાં નોકરી - ધંધાર્થે વસવાટ કરતા અનેક પરપ્રાંતિયો વર્ષના આ સૌથી મોટા તહેવારને પરિવાર સાથે ઉજવવા પોતાના વતન પહોંચ્યા હતા. જ્યારે કોઈ કારણોસર વતન ન જઈ શકેલા પરિવારોએ કચ્છમાં જ પોતાની ભાતિગળ સંસ્કૃતિ અનુસાર રંગોના તહેવારને માણ્યો હતો. ભુજ સહિત કચ્છભરમાં આવેલા ખાનગી ફાર્મહાઉસોમાં પણ રંગોત્સવની ઉજવણીના આયોજનો થયા હતા.

જોકે, આ વર્ષે હોળીના પર્વ પર ચંદ્રગ્રહણના સાયાને કારણે રંગોત્સવની ઉજવણી ક્યારે કરવી તે અંગે લોકોમાં થોડા મતમતાંતર જોવા મળ્યા હતા, પરંતુ આ તમામ દ્વિધાઓને બાજુએ મૂકીને લોકોએ ધુળેટીના દિવસે ભારે ઉત્સાહપૂર્વક હોળીના બીજા દિવસની પરંપરા જાળવી રાખી હતી. બપોર સુધી રંગોની ધમાલ ચાલ્યા બાદ સાંજ પડતા જ લોકો પરિવાર સાથે ફરવાલાયક સ્થળો પર ઉમટી પડ્યા હતા. ખાસ કરીને માંડવીના રમણીય દરિયાકાંઠે પ્રવાસીઓ અને સ્થાનિકોની ભારે ભીડ જોવા મળી હતી, જેના કારણે બીચ પર મેળા જેવો માહોલ સર્જાયો હતો. આ સાથે જ જિલ્લાના અન્ય પ્રવાસન સ્થળો પણ સહેલાણીઓથી છલકાઈ ઉઠ્યા હતા.

## રોઝા-૧૫

### પુનજીવન અને પરલોક

**ઈફ્તાર : ૭:૦૧** **સહેરી : ૫:૪૭**

જગતના ત્રણ મોટા ધર્મો ખ્રિસ્તી, યહૂદી અને ઈસ્લામ જેના માનવાવાળાઓની સંખ્યા પૃથ્વી ઉપર ઘણી મોટી છે. ધર્મો પુનર્જીવનની માન્યતામાં વિશ્વાસ ધરાવે છે. પૃથ્વી ઉપર ઘણાં ઓછા લોકો છે જે પુનર્જન્મને આ અર્થમાં માને છે કે મનુષ્ય પોતાના કર્મો અનુસાર મૃત્યુ પછી ફરીથી આ જગતમાં જન્મ લે છે. આપણા ભારત દેશમાં આમ તો કેટલાક લોકો પહેલાં પણ આવાગમનીય પુનર્જન્મના સિદ્ધાંતને માનતા હતા. પરંતુ વેદકાળના ઘણા સમય પછી આ સિદ્ધાંત ફેલાવવામાં આવ્યો, અહીં સુધી કે આ વૈદિક ધર્મ પછી ધીમે ધીમે ઉત્પન્ન થનારા બહુદેવવાદી ધર્મનો મુખ્ય આધાર બની ગયો. નહી તો વેદમાં ક્યાંય આવાગમનના અર્થમાં "પુનર્જન્મ'નો ઉલ્લેખ નથી મળતો. તેમાં માત્ર 'પુનજીવન'ના અર્થમાં જ પુનર્જન્મની ચર્ચા જોવા મળે છે.

સંસ્કૃત ભાષામાં પુનઃનો અર્થ છે ફરીથી નહી કે વારંવાર. બીજીવાર પછી ત્રીજી અને ચોથીવાર જન્મનો અર્થ આવાગમનના ચક્રને માનવું ન કેવળ સંસ્કૃત ભાષાથી બલ્કે વૈદિક ધર્મથી પણ મેળ નથી ખાતું. ભાષાની વાત તો સંસ્કૃત શબ્દકોશથી સમજવાની છે. રહી વાત વેદોની તો આના ઘણાં મોટા મોટા વિદ્વાનોએ પણ આ જ વાત સ્પષ્ટરૂપે કહી છે. બે - ચાર ઉદાહરણો પ્રસ્તુત છે શ્રી રાહુલ સાંકૃત્યાયન પોતાના પુસ્તક 'દર્શન - દિગ્દર્શન'ના પૃષ્ઠ-૪૦૩ ઉપર વિસ્તારથી ઉલ્લેખ કર્યા પછી લખે છે "આખું વિશ્વ જાણે છે કે ઉપનિષદ વેદોના સમય પછીના છે, અર્થાત્ વેદોમાં આવાગમનનો સિદ્ધાંત નથી.

ડો. ફરીદા ચૌહાણ પોતાના પુસ્તક પુનજન્મ ઔર વેદના પૃષ્ઠ-૧૩ પર લખે છે "વેદોમાં પુનજન્મ મળે છે જરૂર પરંતુ એમાં આ જન્મ પછી માત્ર એક વધુ જન્મનું વિવરણ છે, હજારો જન્મોનું નહીં. શ્રી સત્યપ્રકાશ વિદ્યાલંકાર લખે છે કે, વેદોમાં આવાગમન નથી. આ વાત પર તો હું જુગાર પણ રમી શકું છું. (આવાગમન, પૃ. ૧૦૪) શ્રી દુર્ગાશંકર સત્યાર્થીએ પોતાના લેખ "વેદ ઓર પુનજીવન'માં આ જ વાત સિદ્ધ કરી છે કે વેદોમાં આવાગમન નથી. વેદોના અનુસાર બે જ જીવન છે, એક વર્તમાન જીવન બીજું મરણોપરાંત પરલોક અથવા પારલૌકિક જીવન. વેદ પુનજીવનના આવાગમનીય સિદ્ધાંતનુ જોરદાર ખંડન કરે છે. આ લેખમાં વેદોમાં વર્ણવવામાં આવેલ અંતિમ દિવસ અને પ્રલયનું શબ્દચિત્ર રજૂ કરવામાં આવ્યું છે. સત્યાર્થીજીએ આના ખંડનના પ્રમાણ રૂપે કેટલાક શ્લોકો પણ રજૂ કર્યા છે અને બતાવ્યું છે કે વેદોના સમયમાં પણ કેટલાક લોકો પાંચ જન્મોને માનતા હતા પરંતુ વેદોએ એનું ખંડન કર્યું છે. ઋગ્વેદના શ્લોક ૨/૧૪/૯૨-૨૦ને એમણે વિશેષરૂપે પ્રસ્તુત કર્યું છે, જે આ સંબંધે સ્પષ્ટ છે. આ લેખો ખાસ કરીને સત્યાર્થીજીના લેખોમાં બતાવવાં આવ્યું છે કે આવાગમન નહીં બલ્કે 'અંતિમ દિવસ'નો સિદ્ધાંત વેદોનો સિદ્ધાંત છે. અને વેદોમાં એનાથી જ ડરાવવામાં આવ્યા છે. આ એ જ વાત છે જેને અંતિમ ઈશ્વરીય ગ્રંથ પવિત્ર કુઆને "કયામત" કહ્યું છે. **-સૈયદ અલીઅસગર-ઢોરી**

**નોંધ : આ સમય ભુજ તથા માંડવી માટે છે. બાકીના શહેરો અને ગ્રામીણ વિસ્તારોએ આ સમયને સ્થાનિક સમય સાથે મેળવી લેવું. દા.ત. : નખત્રાણા ૨ મિનીટ ઉમેરવી (વધારવી), મુન્દ્રા ૨ મિનીટ બાદ કરવી (ઘટાડવી)**

## ખાવડાના આરઈ પાર્કમાંથી ૬.૧૦ લાખના મુદ્દામાલની ચોરી

**માનકૂવાની વાડીઓમાંથી ૩.૨૯ લાખના દાડમ અને મુંદરામાં સીઝ કન્ટેનરમાંથી ૫ લાખનો ભંગાર ચોરી જવા મામલે આરોપી ન પકડાયા**

ભુજ કચ્છઉદય : જિલ્લામાં ખાવડા ખાતે આવેલા આરઈ પાર્કમાં બસબાર અને કોપરની પ્લેટો ચોરી જવાનો સીલસીલો યથાવત રહેવા પામ્યો છે. આ સાથે વધુ ચોરીના બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. ભુજ તાલુકાના આરઈપાર્ક ખાવડા ખાતે આવેલ જેએસ ડબલ્યુ કંપનીના ગોડાઉન આગળ રાખેલા સામાનની ચોરી થઈ હતી. ચાર લાખના બસબાર અને ૨.૧૦ લાખના જમ્પર ચોરાઈ ગયા હતા. કુલ ૬.૧૦ લાખના મુદામાલની ચોરી થતાં ઓમપ્રકાશ બોદનરામે ખાવડા પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો. માંડવી તાલુકાના ધુણઈ ગામે સ્વેલબેલ માઈકેમ નામની બેન્ટોનાઈટ કંપનીમાંથી બાઈકની ચોરી થઈ હતી. ફરિયાદી યુપીના મુના જોગીભાઈ મોર્યાના જણાવ્યા પ્રમાણે કોઈ અજાણ્યા ઈસમો દ્વારા ૨૦ હજારની ડ્રીમ યુગા બાઈકની ચોરી કરવામાં આવી હતી. આ તરફ ભુજ તાલુકાના માનકૂવા, નાગિયારી અને સામત્રા ગામની સીમમાં આવેલ ખેતરોમાંથી દાડમની ચોરી થઈ હતી. આ બાબતે ફરિયાદી માનકૂવામાં રહેતા લાલજીભાઈ કાનજીભાઈ વેલાણીએ માનકૂવા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે, ફરિયાદી અને સાહેદોની વાડીઓમાંથી પોણા પાંચ ટન દાડમ કિ.રૂા. ૩.૨૯ લાખ અને ૯ હજારના કેમેરાની ચોરી થઈ હતી. આ બનાવને પખવાડિયા ઉપરાંતનો સમય વીતી જવા છતાં હજુ સુધી આરોપીઓ પકડાયા નથી. દરમિયાન મુંદરા પોર્ટમાં એક્ઝીમ કન્ટેનર યાર્ડમાં ૯ વર્ષ અગાઉ કસ્ટમ દ્વારા ૭ કન્ટેનર સીઝ કરવામાં આવ્યા હતા, જે પૈકીના એક કન્ટેનરમાંથી તસ્કરો ૧૦ ટન કોપર અને એલ્યુમીનિયમનો ભંગાર કિંમત રૂપિયા ૫ લાખના મુદામાલની ચોરી કરી ગયા હતા. આ બાબતે કન્ટેનર યાર્ડના મેનેજર અભીનેશ આનંદન મીનનઘટે મુંદરા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ બનાવમાં પણ આરોપી પકડાયા નથી.

## ઝારખંડના યુવાનને મુંદરા પોલીસની મદદથી માનવજ્યોતને સોંપાયો



મુંદરા : અહીંના અદાણી વિલમાર પાસે ઝારખંડનો રમેશ નામનો માનસિક વિકલાંગ મળી આવતાં જન સેવાના રાજ સંઘવીનો સંપર્ક કરી ભુજની માનવજ્યોત સંસ્થામાં મોકલી પ્રબોધભાઈ મુનવરને જાણ કરવામાં આવી હતી. આ સેવાકીય કામગીરીમાં જયેન્દ્રસિંહ ઝાલા, કાનાભાઈ રબારી, નવીન ખટાણા, વિષ્ણુભાઈ, રામભાઈ જોડાયા હતા.

## મેઘપર બોરીચીમાં રિસોર્ટના પાર્કિંગમાંથી બાઈક ચોરાઈ

અંજાર : તાલુકાના મેઘપર બોરીચીમાં આવેલ હોલીડે રિસોર્ટ ગેટ નંબર ૪ પાસે આવેલ પાર્કિંગમાંથી બાઈક ચોરાઈ હોવાનું જાણવા મળ્યું હતું. આ બાબતે ફરિયાદી સિનોગ્રામાં રહેતા મનોજભાઈ અમૃતલાલ જેઠવાના જણાવ્યા પ્રમાણે કોઈ અજાણ્યા ઈસમ દ્વારા ૬૦ હજારની બાઈક નંબર જી.જે. ૩૯ એ ૩૧૩૫ની ચોરી કરવામાં આવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## કચ્છના દરિયાઈ સીમાડે સુરક્ષા એજન્સીઓનું સઘન ફૂટ પેટ્રોલિંગ





**હિરણાથી સાકરીયા સુધી મરીન કમાન્ડો દ્વારા સર્ચ ઓપરેશન**

ભુજ - કચ્છઉદય : ગુજરાત રાજ્યના દરિયાઈ સુરક્ષા ઘેરાને વધુ મજબૂત બનાવવાના હેતુથી ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ કચ્છના દરિયાઈ વિસ્તારમાં સુરક્ષા એજન્સીઓ દ્વારા સઘન તપાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. અધિક પોલીસ મહાનિદેશક અમિતકુમાર વિશ્વકર્મા અને પોલીસ મહાનિરિક્ષક પી.એલ. માલની સૂચના તેમજ પોલીસ અધિક્ષક એસ.જે. પરમારના સીધા માર્ગદર્શન હેઠળ ગત ૨ માર્ચ ૨૦૨૬ના રોજ આંતકવાદી પ્રવૃત્તિઓ પર રોક લગાવવા અને દરિયાકાંઠાના વિસ્તારોમાં શંકાસ્પદ હિલચાલને ડામવા માટે વિશેષ કવાયત યોજાઈ હતી. આ કામગીરીમાં નાયબ પોલીસ અધિક્ષક બી.કે. ઝાલા, પી.આઈ. આર.ડી. ઝાલા તથા મરીન કમાન્ડોની ટીમોએ સંયુક્ત રીતે હિરણાથી સાકરીયા સુધીના ૫ કિલોમીટરથી વધુના દરિયાઈ પટ્ટામાં ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. આ સર્ચ ઓપરેશન દરમિયાન મરીન કમાન્ડોની વિવિધ ટીમો દ્વારા દરિયાકાંઠે આવેલી અવાવરું જગ્યાઓ, શંકાસ્પદ વાહનો, બોટો તેમજ ઈસમોનું ઝીણવટભર્યું ચેકિંગ કરવામાં આવ્યું હતું. ડ્રગ્સની હેરાફેરી, દાણચોરી અને ડ્રોન જેવી અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા માટે પોલીસ પ્રશાસન દ્વારા દરિયાઈ સુરક્ષાની તકેદારીના ભાગરૂપે આ સઘન કોસ્ટલ પેટ્રોલિંગનું આયોજન કરી સુરક્ષા વ્યવસ્થા સુદ્રઢ કરવામાં આવી છે.

## આડેસર પોલીસ દ્વારા એનડીપીએસના આરોપીઓના ગેરકાયદેસર વીજ જોડાણો કપાયા



ગાંધીધામ - કચ્છઉદય : આડેસર પોલીસ દ્વારા અસામાજિક તત્વો વિરુદ્ધ કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ કામગીરી અંતર્ગત ભચાઉ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક સાગર સાંબડાના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર વી.એ. સેંગલ અને તેમની ટીમે ભીમાસર ગામમાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન એનડીપીએસ એક્ટ હેઠળ અગાઉ ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓ પ્રભુભાઈ ભાણાભાઈ સોઢા અને મનસુખભાઈ વજાભાઈ ગોયેલ પોતાના મકાનમાં વીજ મીટર વગર ગેરકાયદેસર રીતે વીજળીનો વપરાશ કરતા ઝડપાયા હતા. આડેસર પોલીસે પીજીવીસીએલ ભીમાસરની ટીમને સાથે રાખીને આ બંને શખ્સોના રહેણાંક મકાનોના વીજ જોડાણો સ્થળ પર જ કાપી નાખ્યા હતા. પીજીવીસીએલ દ્વારા આ બંને આસામીઓ પર અંદાજે ૬૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# કચ્છ જિલ્લા પંચાયતનું ૨ અબજ ૪૦ કરોડનું બજેટ પસાર





**ચાલુ ટર્મની અંતિમ બજેટ સામાન્ય સભામાં તમામ તાલુકાઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં લેવાયો હોવાનો મત દર્શાવાયો**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લા પંચાયતની આજરોજ જિલ્લા પંચાયત સભાખંડ ખાતે અંદાજ પત્રની સામાન્ય સભા મળી હતી, જેમાં નાણાંકીય વર્ષનું ૨ અબજ ૪૦ કરોડનું બજેટ પસાર કરવામાં આવ્યું હોવાનું જણાવાયું હતું.

બજેટની વિગતવાર જોગવાઈની વાત કરીએ તો તા. ૧-૪-૨૦૨૬ના સુધારેલ અંદાજ પત્રની ઉઘડતી સિલક ૯ અબજ ૯૪ કરોડ ૭૨ લાખ ૨૪ હજાર દર્શાવાઈ છે. વર્ષ દરમિયાન ૨૦ અબજ ૩૫ કરોડ ૬૫ હજારની અંદાજીત આવક દર્શાવાઈ છે, જેની સામે વર્ષ દરમિયાન ૧૯ અબજ ૬૦ કરોડ ૨૭ લાખ ૧૭ હજારનો ખર્ચ થશે. તેમ માનીને નાણાંકીય વર્ષના અંતે અંદાજીત બંધ સિલક ૧૦ અબજ ૬૯ કરોડ ૪૫ લાખ ૭૨ હજાર રહેશે તેમ જણાવાયું છે. આ સિવાય નાણાંકીય વર્ષ દરમિયાન ઉઘડતી સ્વભંડોળની સિલક ૧ અબજ ૩૪ કરોડ ૧૨ લાખ ૮૪ હજાર રહેશે તેમ જણાવી નાણાંકીય વર્ષ દરમિયાન ૧ અબજ ૫ કરોડ ૯૭ લાખ ૭૫ હજારની આવક માની ૨ અબજ ૪૦ કરોડ ૧૦ લાખ ૫૯ હજારનું બજેટ પસાર કરવામાં આવ્યું હતું. સામાન્ય વહિવટમાં ૧.૩૨ કરોડ, શિક્ષણ ક્ષેત્રે ૪.૨૩ કરોડ, મહેકમ ક્ષેત્રે ૬૫.૭૫ લાખ, આર્યુવેદમાં ૨ લાખ, આરોગ્ય અને ખેતી ક્ષેત્રે ૭.૩૦ લાખ, સમાજ કલ્યાણ ક્ષેત્રે ૨૦.૬૦ લાખ, સિંચાઈમાં ૧૩ લાખ, બાંધકામ ક્ષેત્રે ૨.૪૧ કરોડ, આઈસીડીએસમાં ૮.૫૦ લાખ તેમજ તાલુકાઓને ૫૩ કરોડ ફાળવાયા છે. રેતીની રોયલ્ટીના ૬.૨૦ કરોડ વિકાસકામ માટે અનામત રખાયા છે. સ્ટેમ્પ ડયુટીના ૨ કરોડ અને જિલ્લાના વિકાસ કાર્યો માટે દોઢ કરોડની દરખાસ્ત કરાઈ હોવાનું જાણવા મળ્યું હતું.

જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાએ અધ્યક્ષ સ્થાનેથી જણાવ્યું કે, ગુજરાત પંચાયત અધિનિયમ તેમજ જિલ્લા પંચાયતના સ્વભંડોળની પ્રવૃતિઓને સલંગ્ન કરી છેવાડાના માનવી સુધી પહોચાડી શકાય તેવી જોગવાઈઓ સાથે વાર્ષિક અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. ૨ અબજ ૪૦ કરોડ ૧૦ લાખ ૫૯ હજારના બજેટમાં જિલ્લા પંચાયતની તમામ શાખાઓ આરોગ્ય, શિક્ષણ, સિંચાઈ, કૃષિ, બાંધકામ સહિતનાનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિવિધ સમિતિઓના ચેરમેન અને સાથી સદસ્યોનો આ તકે આભાર માન્યો હતો.

જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાના અધ્યક્ષ સ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં ઉપપ્રમુખ મનીષાબેન વેલાણી તેમજ સદસ્યો હરિ હિરા જાટિયા, પરસોત્તમભાઈ મારવાડા, કેશવજીભાઈ રોશિયા, દામજીભાઈ ચાડ, મ્યાજરભાઈ આહિર, ફકીરમામદભાઈ, મશરૂભાઈ રબારી, કરશનજી જાડેજા, મામદ જુગ જત સહિતના સદસ્યો હાજર રહ્યા હતા.

## અંજારના ખત્રી ચોકમાં આગ લાગી



અંજારના ખત્રી ચોક ખાતે કચરાના ઢગલામાં ભયંકર આગ લાગી હતી. જેની જાણ થતાં આસપાસ અફરાતફરી ફેલાઈ હતી. ફાયર વિભાગે આગ કાબૂમાં લેવાની તજવીજ હાથ ધરી છે.

## રાપર ધારાસભ્યના પ્રયાસોથી જૂની અદાવતમાં સુખદ સમાધાન



ભચાઉ - કચ્છઉદય : ભચાઉ ખાતે રાપર વિધાનસભાના ધારાસભ્ય શ્રી જાડેજા ફાર્મ હાઉસ મધ્યે અનુ. જાતિના આગેવાનોની જૂની અદાવત ના કારણે થયેલા મનદુખ બાબતે વિરેન્દ્રસિંહ જાડેજાની આગેવાની હેઠળ રાજીખુશીથી સુખદ સમાધાન થયું હતું. આ અંગેની વિગત મુજબ છેલ્લા ઘણા સમયથી ભચાઉ મુકામે ચાલતા ઝઘડા બાબતે સામસામે ઘણી બધી ફરિયાદો દાખલ થયેલ તેમજ ઝઘડાઓ થયેલ જેમાં રવજીભાઈ ગણેશાભાઈ દાફડા તેમજ વિરજીભાઈ છગનભાઈ દાફડા તેમજ તેમનો પરિવાર કુટુંબ તેમજ સામેવાળા હીરાભાઈ ગણેશભાઈ રાઠોડ કાનજીભાઈ હીરાભાઈ રાઠોડ તેમજ તેમના પરિવાર વચ્ચે રાજી ખુશીથી સમાધાન થયેલ તેમજ બંને પક્ષકારો રાજી ખુશીથી એકબીજાના જુના મનદુખો ભૂલીને એક બીજા ને હાથ મિલાવી ને ગળે મળેલ આ અવસરમાં મુખ્ય આગેવાન ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજા, ભચાઉ નગરપાલિકા પૂર્વ પ્રમુખ કુલદીપસિંહ વિરેન્દ્રસિંહ જાડેજા, ભચાઉ નગરપાલિકા પ્રમુખ પેથાભાઈ વસતાભાઈ રાઠોડ, વાઘુભા જાડેજા, નરેન્દ્રદાન ગઢવી, મહાવીરસિંહ રાણા, ગોકળભાઈ પરમાર, હરિભાઈ પરમાર, ઉમેદભાઈ વાઘેલા, દિનેશભાઈ કાટેચા, હરેશભાઈ કાઠેચા, રમેશભાઈ દાફડા, કે ડી ચૌહાણ, કાંતિ લોચા, નરેશ દાફડા, ખીમજી રાઠોડ, ખાનજી રાઠોડ વગેરે હાજર રહ્યા હતા

# ૪.૨૭ લાખનો વેરો બાકી હોતા ગાંધીધામ મહાનગરપાલિકાએ ૬ મિલકત સીલ કરી





**સીલિંગની કાર્યવાહી દરમિયાન ૧૪ મિલકત ધારકોએ સ્થળ પર જ ૮.૨૦ લાખ ભર્યા**

ગાંધીધામ - કચ્છઉદય : મહાનગરપાલિકા દ્વારા વેરા વસૂલાત માટે અત્યંત કડક વલણ અપનાવવામાં આવ્યું છે. ગાંધીધામ મહાનગરપાલિકાના કમિશનર મનીષ ગુરવાનીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ ટેક્સ વિભાગની ટીમ મેદાનમાં ઉતરી છે. લાંબા સમયથી મિલકત વેરો ભરવામાં ઉદાસીનતા દાખવતા મોટા બાકીદારો સામે તંત્રએ હવે સીલિંગની કાર્યવાહી કરી છે.

ગાંધીધામના નેશનલ હાઈવે વિસ્તારમાં આવેલ પ્લોટ નંબર ૧૪ પરની મિલકતોને અગાઉ વારંવાર બિલ અને અંતિમ નોટિસો આપવા છતાં મિલકત ધારકો દ્વારા વેરો ભરવામાં બેદરકારી દાખવવામાં આવી હતી. આથી, ટેક્સ વિભાગની ટીમે સ્થળ પર પહોંચીને દુકાન અને ઓફિસ નંબર ૮, ૧૪, ૧૫, ૧૬, ૧૮ અને ૨૧ એમ કુલ ૬ મિલકતો કે જેમનો અંદાજે ૪,૨૭,૪૮૮ રૂપિયા જેટલો વેરો બાકી હતો, તેને નિયમોનુસાર સીલ કરી દીધી હતી. પાલિકાની આ આક્રમક કાર્યવાહી જોઈને આસપાસના અન્ય બાકીદારોમાં પણ ભારે દોડધામ મચી ગઈ હતી.સીલિંગની આ કાર્યવાહીની ધાક એવી પડી હતી કે તે જ વિસ્તારના અન્ય ૧૪ જેટલા મિલકત ધારકોએ પોતાની મિલકત સીલ થવાના ડરથી તાત્કાલિક સ્થળ પર જ ચેક દ્વારા વેરાની ચુકવણી કરી દીધી હતી. આ રીતે પાલિકાની ટીમે સ્થળ પર જ ૮,૨૦,૪૮૬ રૂપિયાની માતબર રકમની વસૂલાત કરી હતી. આ સમગ્ર કામગીરીમાં ઈન્ચાર્જ હેડ ટેક્સ ઈન્સ્પેક્ટર નિયત ધોળકિયા, કનૈયાલાલ સાધુ, કમલ કેલા, અનિલ ભાટિયા અને જયકુમાર મૌર્યાની સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર દ્વારા કચ્છના આ મહાનગરમાં વસતા તમામ મિલકત ધારકોને તાકીદ કરવામાં આવી છે કે જે આસામીઓ વેરો ભરવામાં નિષ્કાળજી દાખવી રહ્યા છે તેમની સામે આગામી દિવસોમાં મિલકત જપ્તી અને ટાંચમાં લેવાની કાર્યવાહી વધુ તેજ બનાવવામાં આવશે. ખાસ કરીને જે મિલકતો બંધ હાલતમાં છે અને તેમના માલિકો વેરો ભરતા નથી, તેવી મિલકતોને પણ જપ્ત કરવાની તૈયારીઓ તંત્ર દ્વારા કરી લેવામાં આવી છે.

## શિણાય કેનાલમાં ડૂબેલા બાળકનો બીજા દિવસે દેહ મળી આવ્યો





ગાંધીધામ તાલુકાના શિણાય ખાતે આવેલ નર્મદા કેનાલમાં ગઈકાલે બપોર પછી એક બાળક ડૂબી ગયો હોવાની જાણ થતાં શોધખોળ હાથ ધરવામાં આવી હતી. પ્રાંત અધિકારી અને મામલતદારની હાજરીમાં ફાયર વિભાગ દ્વારા ગુમ બાળકની શોધખોળ કરવામાં આવી હતી. ઘટના સ્થળે મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા. બાળક ન્હાવા ગયો અને ડૂબી ગયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. દરમિયાન ગત રોજ કોઈ કારણોસર પોલીસ અને પરિવારજનો વચ્ચે ઝપાઝપી થઈ હોવાનો વીડિયો પણ સામે આવ્યો હતો. દરમ્યાન આજે બપોરે જાણવા મળતી માહિતી મુજબ આ બાળકનો દેહ મળી આવ્યો હતો. હાલ પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## અંજારના માધવરાય મંદિરે હોળીની ઉજવણી







અંજાર શહેરના માધવરાય મંદિરે હોળિકા દહન કરાયું હતું, આ પ્રસંગે પૂર્વ રાજ્યમંત્રી વાસણભાઈ આહિર, નગર અધ્યક્ષ વૈભવભાઈ કોડરાણી, રશ્મિનભાઈ પંડ્યા, ગોવિંદભાઈ કોઠારી, જગદીશભાઈ માથકિયા વગેરે હાજર રહ્યા હતા. પૂજારી ધર્મેશભાઈ જોષીએ વ્યવસ્થા સંભાળી હતી.

## રાપર પોલીસ પરિવાર દ્વારા ધુળેટી પર્વની ઉજવણી



રાપર - કચ્છઉદય : રાપર પોલીસ પરિવાર દ્વારા ભારતીય સંસ્કૃતિ અને પરંપરા મુજબ ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. વાગડ વિસ્તારના મુખ્ય મથક રાપર પોલીસ સ્ટેશન ખાતે બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડિયા અને પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ પીઆઇ વી.કે. ગઢવી, પીએસઆઇ પી.એલ. ફણેજા, એચ.વી.કાતરીયાના માર્ગદર્શન હેઠળ ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. રાપર પીઆઇ વી.કે.ગઢવીએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, ભારતીય પરંપરા મુજબ ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. એક બીજાને કલર ઉડાડી ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે રાપર પોલીસ સ્ટેશન ખાતે નરેશ ઠાકોર, મુકેશસિંહ રાઠોડ, સામજી આહિર, મનહર ચૌધરી, બાબુભાઈ કારોત્રા, મહેશ પટેલ, રાજેશસિંહ જાદવ, વરસા કોલી, રંજન મુલીયાણા, જસીબેન આહિર, ઉવરસી સોલંકી, કિરણ બારોટ, જીગરનાથ ગુંસાઈ, ભાવેશ પરમાર, દશરથ મારાજ, મહેન્દ્રસિંહ વાઘેલા, તેજાભાઈ રબારી, વિજય ઠાકોર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# વડોદરા કોર્ટને ફરી બોમ્બથી ઉડાવવાની ધમકી : ૧૫ દિવસમાં બીજી વખત ચકચાર

ગાંધીનગર ::વડોદરા કોર્ટને ફરી એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. વડોદરાના દિવાળીપુરા સ્થિત ન્યાય મંદિર ડિસ્ટ્રિક્ટ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. પોલીસ અને બોમ્બ-ડોગ સ્ક્વોડની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. નોંધપાત્ર વાત એ છે કે, ૧૫ દિવસમાં કોર્ટ સામે આ બીજી બોમ્બથી ઉડાવી દેવાની ધમકી છે.આ ધમકી મળ્યા બાદ વડોદરા કોર્ટ પરિસરમાં શોધખોળ અને ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.PCB, DCB, SOG અને સ્થાનિક પોલીસ પણ તપાસ કરી રહી છે.૧૭ ફેબ્રુઆરીના રોજ, અમદાવાદ, રાજકોટ, વડોદરા, ગાંધીનગર, મહેસાણા અને વલસાડની કોર્ટોને ધમકીભર્યા ઈમેઈલ મળ્યા હતા. આ પહેલા વડોદરાની પ્રખ્યાત ડી.આર. અમીન, ઉર્મિ અને નાલંદા શાળાઓને પણ ઈમેલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી.મકરબામાં આવેલી ડીએવી ઈન્ટરનેશનલ સ્કૂલ, વસ્ત્રાપુરમાં આવેલી એશિયા સ્કૂલ અને અમદાવાદ શહેરના સેટેલાઇટમાં આવેલી એ વન સ્કૂલને ઈમેલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી.ઈમેલમાં મોદી અને શાહને નિશાન બનાવવામાં આવ્યા હતા. તેમાં લખ્યું હતું કે, “ગુજરાત ખાલિસ્તાન બની જશે, ભારતના ટુકડા થઈ જશે.”ધમકી મળતાં જ ફાયર અને પોલીસની ટીમો તાત્કાલિક શાળામાં પહોંચી ગઈ હતી. બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ શાળાની તપાસ કરી રહી છે. હાલમાં, ધમકી મળેલી શાળાને ખાલી કરાવવામાં આવી હતી.વડોદરામાં ઈમેલ મળતાં, શાળાના સંચાલકોએ સતર્કતા સાથે પ્રતિક્રિયા આપી અને તાત્કાલિક બાળકોને સુરક્ષિત રીતે ઘરે મોકલી દીધા. સાવચેતી રૂપે, ઉર્મિ સ્કૂલની હોસ્ટેલ પણ ખાલી કરાવી દેવામાં આવી હતી.

## રાજ્યસભા ચૂંટણી માટે કોંગ્રેસે અભિષેક મનુ સિંઘવી સહિત ૬ ઉમેદવારો જાહેર કર્યા

નવી દિલ્હી : ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે આગામી રાજ્યસભા ચૂંટણીઓ માટે ૬ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. યાદી પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની મંજૂરી પછી જાહેર કરવામાં આવી છે. ઉમેદવારો વિવિધ રાજ્યોમાંથી પસંદ કરવામાં આવ્યા છે, જેમાં તેલંગાણા, હરિયાણા, હિમાચલ પ્રદેશ, તમિલનાડુ અને છત્તીસગઢનો સમાવેશ થાય છે.જાહેર કરાયેલા ૬ ઉમેદવારો અને તેમના રાજ્યો અભિષેક મનુ સિંઘવી - તેલંગાણાથી (વર્તમાન રાજ્યસભા સભ્ય, ફરી નોમિનેટેડ) વી. નરેન્દ્ર રેડ્ડી - તેલંગાણાથી, અનુરાગ શર્મા - હિમાચલ પ્રદેશથી, એમ. ક્રિસ્ટોફર તિલક - તમિલનાડુથી, કર્મવીર સિંહ બૌદ્ધ - હરિયાણાથી, ફૂલો દેવી નેતામ - છત્તીસગઢથી (વર્તમાન રાજ્યસભા સભ્ય, ફરી નોમિનેટેડ)તેલંગાણામાંથી બે ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે, જ્યારે અન્ય રાજ્યોમાંથી એક-એક. આ ચૂંટણીઓમાં કોંગ્રેસે તેના વરિષ્ઠ નેતાઓને મજબૂતી આપવાનો પ્રયાસ કર્યો છે. રાજ્યસભાની આ દ્વિવાર્ષિક ચૂંટણીઓ ૧૬ માર્ચ ૨૦૨૬ના રોજ ૧૦ રાજ્યોમાં ૩૭ બેઠકો માટે યોજાશે.

# વૈશ્વીક યુદ્ધના તણાવની ભારતીય અર્થતંત્ર પર માઠી અસર : ઈંધણના ભાવમાં થશે ભડકો?

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી:વર્તમાન સમયમાં ચાલી રહેલા વૈશ્વિક યુદ્ધ અને ખાસ કરીને ખાડી દેશોમાં દિન-પ્રતિદિન વધતા જઈ રહેલા ગંભીર તણાવને પગલે ભારતીય અર્થતંત્ર પર તેની વિપરીત અને માઠી અસરો પડવાની શરૂઆત થઈ ગઈ છે. આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલ (ક્રૂડ ઓઈલ) ના ભાવમાં આવેલા અચાનક ઉછાળાને કારણે દેશની અગ્રણી ઓઈલ માર્કેટિંગ કંપનીઓની ખોટમાં જંગી વધારો જોવા મળી રહ્યો છે, જેના કારણે હવે દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થવાનું જોખમ તોળાઈ રહ્યું છે. ખાડી દેશોમાં વધતા તણાવને પગલે તેલ પુરવઠાની સાંકળ ખોરવાતા આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં ભડકો થયો છે, જેની સીધી અસર ભારતીય આયાત બિલ પર પડી રહી છે.હાલની સ્થિતિમાં ઓઈલ કંપનીઓને પેટ્રોલ અને ડીઝલના વેચાણ પર લિટર દીઠ મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે અને આ માર્કેટિંગ કંપનીઓની ખોટ હવે કરોડો રૂપિયા સુધી પહોંચી ગઈ છે. જો આંતરરાષ્ટ્રીય સ્તરે કાચા તેલના ભાવમાં આવી જ રીતે તેજી જળવાઈ રહેશે, તો ભારત સરકાર અને ઓઈલ કંપનીઓ માટે લાંબા સમય સુધી જૂના ભાવ જાળવી રાખવા મુશ્કેલ બનશે, જે અંતે સ્થાનિક બજારમાં ઈંધણના ભાવમાં વધારો લાવી શકે છે. ઈંધણના ભાવમાં સંભવિત વધારાને કારણે દેશમાં પરિવહન ખર્ચ વધવાની અને તેને પગલે મોંઘવારીમાં મોટો ઉછાળો આવવાની શક્યતા સેવાઈ રહી છે. આમ, વૈશ્વિક સ્તરે સર્જાયેલી અસ્થિરતા ભારતીય રૂપિયો અને સામાન્ય જનતાના ઘરબજેટ પર સીધું દબાણ લાવી રહી છે.

## બિહારમાં નીતીશ બાદ નિત્યાનંદ રાયને કમાન સોપાશે



પટના : બિહારના સીએમ નીતીશકુમાર રાજ્યસભામાં ઝંપલાવી રહ્યા છે ત્યારે હવે તેમના સ્થાનૈ બિહારમાં નિત્યાનંદ રાય મુખ્યમંત્રી પદની રેસમાં સૌથી આગળ હોવાનુ મનાય છે. તેઓ હાજીપુરથી ચાર વખત ધારાસભ્ય અને ઉજીયાપુરથી સાંસદ રહી ચૂકયા છે. તેઓ બિહારમાં ભાજપના નેવા નેતૃત્વ તરીકે ઉભરેલા છે.

## પહેલા પાનાથી... મધ્ય - પૂર્વનું યુદ્ધ

ક્યારેય પરમાણુ શષોથી હુમલો કરવામાં આવે તો તેનો બદલો લઈ શકે છે તેની ખાતરી કરવા માટે પણ ડિઝાઈન કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે પરમાણુ શષો પરીક્ષણ ફરી શરૂ કરવાની હાકલ કર્યા પછી નવેમ્બરમાં મિનિટમેનૈ મિસાઈલ પણ લોન્ચ કરવામાં આવી હતી.

## વૈશ્વિક સંઘર્ષ વકરવાની ભીતી

● ઈઝરાયેલની સેનાએ લબનોનમાં મોટા પાયે હુમલા કર્યા ●૭૨ લોકોના મોત થયા ● બેરૂત સહિતના વિસ્તારોમાં ઈઝરાયેલ દ્વારા સતત હવાઈ હુમલા થાય છે ● ઈઝરાયેલ પર હિઝબુલ્લાહ દ્વારા કરાયો મિસાઈલ હુમલો ●ઈરાને ઈઝરાયેલને આપી મોટી ધમકી, જો અમેરીકા-ઈઝરાયેલ ઈસ્લામીક પબ્લીક શાસનનો પ્રયાસ કરશે તો ઈઝરાયેલના પરમાણુ મથકોને નિશાન બનાવાશે : અમેરીકાએ યુદ્ધના ૧૦૦ કલાકનો વીડીયો જાહેર કર્યો ● ઈરાના ૧૧૫થી વધુ શહેરો પર સતત હુમલાઓ થયા ● તહેરાનમા એક લાખથી વધુનું સ્થળાંતર ● ચાર દીવસથી ઈન્ટરનેટ બંધ છે ● કતારમાં ફલાઈટ ઓપરેશન થયું બંધ ● ભારતીય દુતાવાસ દ્વારા અપાઈ જાણકારી

## મિડલ ઈસ્ટ યુદ્ધમાં ઓસ્ટ્રેલીયાની એન્ટ્રી

નવી દીલ્હી : મધ્ય પૂર્વ એશીયામાં ચાલી રહેલા યુદ્ધમાં હવે ઓસ્ટ્રેલીયાની એન્ટ્રી થવા પામી ગઈ છે. આ બાબતે જાણવા મળતી વધુ વિગતો અનુસાર હવે ઓસ્ટ્રેલિયાએ પણ આ યુદ્ધમાં ઝંપલાવ્યુ છે અને હવે વૈશ્વીક સંઘર્ષ વધુ વ્યાપક બની શકે છે. પ્રીમએ કહ્યુ છે કે, તેઓએ બે સૈન્ય વીમાન તૈનાત કર્યા છ. સૈન્ય સંશોધન મોકલવાનીજાહેરાત કરવામા આવી છે. પીએમ અલ્બાશીને કન્ટીજન્સી પ્લાન ગણાવ્યો છે.

## પહેલા પાનાથી...

### ટેરિફ મુદ્દે

છે અને રિફંડની કુલ રકમ ૧૭૫ અબજ ડોલર સુધી પહોંચી શકે છે. ફેડએક્સ જેવી મોટી કંપનીઓએ પણ આ મામલે કેસ દાખલ કર્યા છે. ‘વી પે ધ ટેરિફ્સ’ નામના નાના વેપારીઓના સંગઠને આ ચુકાદાને મોટી જીત ગણાવી છે.

### ગુજરાત યુનિવર્સીટીમાં

વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે યુનિવર્સિટીના આ શૈક્ષણિક વિકાસને હર્ષભેર વધાવી લીધો હતો.

### હિંદ મહાસાગરમાં યુદ્ધના

અહેવાલો મુજબ, આ નાટ્યાત્મક ઘટના શ્રીલંકાના ગૉલ તટથી થોડે દૂર, પ્રાદેશિક જળ સીમાની બિલકુલ બહાર બની હતી. ઈરાની યુદ્ધજહાજ IRIS દેના પર એક અજ્ઞાત સબમરીન દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. હુમલા સમયે જહાજ પર અંદાજે ૧૮૦ નાવિકો સવાર હતા. શ્રીલંકાના નૌકાદળ અને સંરક્ષણ મંત્રાલયના સૂત્રોએ પુષ્ટિ કરી છે કે આ હુમલામાં ઓછામાં ઓછા ૭૮ લોકો ઘાયલ થયા છે, જ્યારે ૧૦૧ નાવિકો હજુ પણ લાપતા છે.

શ્રીલંકાના વિદેશ મંત્રી વિજિથા હેરાથે પુષ્ટિ કરી છે કે અત્યાર સુધીમાં લગભગ ૩૦-૩૨ નાવિકોને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે. બચાવાયેલા નાવિકોને ગૉલની કરાપિટિયા હોસ્પિટલ માં દાખલ કરવામાં આવ્યા છે, જેમાંથી એકની હાલત અત્યંત ગંભીર હોવાનું કહેવાય છે.

### ગુજરાતમાં સ્થાનિક

કોર્પોરેશનની ચૂંટણી યોજાશે. આ વિસ્તારોમાં સીમાંકનની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે અને નવા વોર્ડની રચના માટેનું જાહેરનામું પણ બહાર પાડી દેવાયું છે. રાજ્યની મુખ્ય ૬ મહા નગરપાલિકાઓ (અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર અને ભાવનગર) ઉપરાંત નવી બનેલી ૯ નગરપાલિકાઓમાં પણ રસાકસીભરો જંગ જામશે. આ સાથે જ જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીઓ યોજાતા રાજ્યનું રાજકીય વાતાવરણ આગામી દિવસોમાં ગરમાયેલું રહેશે. પક્ષોએ અત્યારથી જ પાયાના સ્તરે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

## પશ્ચિમ કચ્છ પોલીસે ભુજ ખાતે ઉજવ્યો રંગોત્સવ, એસપી સહિતના રંગે રમ્યા







**ભુજના પોલીસ હેડક્વાર્ટસ ખાતે આજે પશ્ચિમ કચ્છના પોલીસ અધિકારી - કર્મચારીઓ માટે રંગોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પશ્ચિમ કચ્છ એસપી વિકાસ સુંડા, મુંદરાના મદદનીશ પોલીસ અધિક્ષક ગૌતમ વિવેકાનંદ સહિત જિલ્લાના તમામ થાણાઓ અને બ્રાન્ચના પીઆઈ, પીએસઆઈ સહિતના સ્ટાફ અને પરિવારજનો હાજર રહ્યા હતા. એકમેકને રંગ લગાવી ધુળેટી પર્વની સામહિક ઉજવણી કરવામાં આવી હતી. ગત રોજ લોકોએ તહેવાર ઉજવ્યો ત્યારે પોલીસે બંદોબસ્તની કામગીરી કરી હતી. ત્યારે આજે પોલીસ પરિવાર માટે તહેવારની ઉજવણી રાખવામાં આવી જેમાં સૌ મનમુકીને ઝૂમી ઉઠ્યા હતા.**

# કમિશનર મનીષ ગુરવાણીએ કર્મચારીઓ સાથે મનાવી ધુળેટી




ગાંધીધામ : હોળી-ધુળેટીના પવિત્ર તહેવારની સમગ્ર રાજ્યમાં હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે, મહા નગરપાલિકાના કમિશનર મનીષ ગુરવાણીએ રજાના મૂડ વચ્ચે પોતાના સાથી કર્મચારીઓ અને મ્યુનિસિપલ સ્ટાફ સાથે ધુળેટી પર્વની પરંપરાગત ઉજવણી કરી હતી.

સામાન્ય રીતે વહીવટી કામગીરીમાં વ્યસ્ત રહેતા કમિશનર અને કર્મચારીઓએ તમામ હોદ્દાની મર્યાદાઓ બાજુ પર મૂકી એકબીજાને રંગ લગાવીને તહેવારની મજા માણી હતી. આ પ્રસંગે કમિશનર મનીષ ગુરવાણીએ જણાવ્યું હતું કે, "મહાનગરપાલિકાના કર્મચારીઓ શહેરની સેવામાં અવિરત કાર્યરત હોય છે, ત્યારે આવા તહેવારો પરસ્પર મેળાપ અને ભાઈચારો વધારવાની ઉત્તમ તક પૂરી પાડે છે."

# ભચાઉમાં સ્ટ્રીટ લાઈટ અને બગીચાના કામોમાં લાખોનો ભ્રષ્ટાચાર

## શહેર કોંગ્રેસે નવી નખાયેલી લાઈટો બંધ હોવા અંગે અને બગીચાના નવીનીકરણના નામે થયેલી નાણાકીય ઉચાપતની તપાસ કરી રિકવરી કરવા કરી માંગ

ભચાઉ - કચ્છઉદય : ભચાઉ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ભચાઉ નગરપાલિકા વિસ્તારમાં તાજેતરમાં થયેલા વિવિધ વિકાસ કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર થયો હોવાના ગંભીર આક્ષેપો સાથે કચ્છ-ભૂજ કલેક્ટરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. શહેર કોંગ્રેસ પ્રમુખ મનજીભાઈ આર. રાઠોડે પાઠવેલા પત્રમાં જણાવ્યું છે કે, છેલ્લા ચાર માસ દરમિયાન શહેરી વિકાસ યોજના અંતર્ગત શહેરમાં અગાઉની ચાલુ હાલતની રોડ લાઈટો કાઢીને લાખો રૂપિયાના ખર્ચે નવી લાઈટો નાખવામાં આવી હતી. આ નવી નખાયેલી લાઈટો પૈકી મોટાભાગની લાઈટો શરૂઆતથી જ બંધ હાલતમાં છે. ખાસ કરીને લાયન્સ નગર અને સેન્ટ ઝેવિયર્સ શાળા રોડ પરની અંદાજે ૨૦ થી ૨૫ લાઈટોમાંથી માત્ર ૪-૫ લાઈટો જ ચાલુ હોવાનું અને બાકીની બંધ હોવાનું સામે આવ્યું છે. અધિકારીઓ અને પદાધિકારીઓ પર કોઈ લગામ ન હોવાથી ભ્રષ્ટાચાર વધ્યો હોવાનો અને અરજદારોની રજૂઆતોને અવગણવામાં આવતી હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત ભચાઉ નગરપાલિકાના વોર્ડ નંબર ૧ થી ૭ માં આવેલા બગીચાઓના રખરખાવ, રંગ-રોગાન અને રિનોવેશનના નામે પણ લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે. આ બગીચાઓ ભચાઉ વિસ્તાર વિકાસ સત્તા મંડળ દ્વારા બનાવવામાં આવ્યા હતા, જેમાં નગરપાલિકાએ પૂર્વ મંજૂરી વગર માત્ર સામાન્ય કામ કરી નાણાં વેડફ્યા હોવાનો દાવો કરાયો છે.

આ સમગ્ર પ્રકરણની સ્ટેટ વિજિલન્સ અથવા એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા તપાસ કરાવી સરકારી નાણાંની રિકવરી કરવા માંગ કરવામાં આવી છે.

# દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલા દ્વારા 'સેવા સંકલ્પ સાથે 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝન પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યક્ત કરાઈ







ગાંધીધામ કચ્છઉદય: કેન્દ્રીય કેબિનેટ દ્વારા અપનાવવામાં આવેલા 'સેવા સંકલ્પ ઠરાવ' થી પ્રેરિત થઈને, દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલા દ્વારા 'વિકસિત ભારત ૨૦૪૭' ના વિઝન પ્રત્યે પોતાની અટલ પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો છે. આ સેવા સંકલ્પ ઠરાવને અનુરૂપ, ΔΠΑ એ ભારતના મેરીટાઈમ ક્ષેત્રના સર્વાંગી વિકાસ અને ગ્રીન એનર્જી ટ્રાન્ઝિશન (હરિત ઉર્જા પરિવર્તન)માં વૈશ્વિક હબ તરીકે ઉભરી આવવા માટે પોતાની જવાબદારી અને નિષ્ઠા વ્યક્ત કરી છે.

DPAના ચેરમેન શ્રી સુશીલ કુમાર સિંહ, ડેપ્યુટી ચેરમેન શ્રી નિલાભ્ર દાસગુપ્તા, વિવિધ વિભાગોના વડાઓ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં આ સંકલ્પ પત્રનું વાંચન કરવામાં આવ્યું હતું.ચેરમેનશ્રીએ આ ઠરાવના સાચા અર્થ અને ભાવના પર ભાર મૂકતા તમામ અધિકારીઓને તેને આત્મસાત કરવા નિર્દેશ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, દરેક સ્તરે આ સંકલ્પનું પાલન કરીને આપણે મોટા રાષ્ટ્રીય ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવામાં અર્થપૂર્ણ યોગદાન આપી શકીશું.મેરીટાઈમ અને ગ્રીન એનર્જીઃ આ પહેલનો મુખ્ય હેતુ ભારતીય બંદરોને આધુનિક બનાવવા અને પર્યાવરણને અનુકૂળ ઉર્જા સ્ત્રોતોના ઉપયોગ દ્વારા દેશને આર્થિક મહાસત્તા બનાવવાનો છે. દીનદયાળ પોર્ટ ઓથોરિટી આ સંકલ્પ દ્વારા રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયામાં પોતાની ભૂમિકાને વધુ મજબૂત કરવા અને ટકાઉ વિકાસના પથ પર આગળ વધવા માટે કટિબદ્ધ છે.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 6 | | 2 | | 3 | | 9 | 4 |
| 2 | | | | | | | | 8 |
| | | 9 | | | | 6 | | |
| 3 | | | 5 | | 1 | | | 6 |
| | 8 | | | | | | 3 | |
| 5 | | | 9 | | 6 | | | 2 |
| | | 2 | | | | 8 | | |
| 1 | | | | | | | | 7 |
| 7 | 5 | | 4 | | 2 | | 6 | 3 |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 4 | 3 | 2 | 9 | 1 | 8 | 7 | 5 |
| 7 | 1 | 9 | 3 | 5 | 8 | 6 | 4 | 2 |
| 5 | 8 | 2 | 6 | 4 | 7 | 9 | 1 | 3 |
| 8 | 9 | 1 | 5 | 3 | 6 | 7 | 2 | 4 |
| 2 | 3 | 5 | 8 | 7 | 4 | 1 | 9 | 6 |
| 4 | 7 | 6 | 1 | 2 | 9 | 5 | 3 | 8 |
| 3 | 5 | 8 | 7 | 1 | 2 | 4 | 6 | 9 |
| 6 | 9 | 7 | 4 | 8 | 3 | 2 | 5 | 1 |
| 1 | 2 | 4 | 9 | 6 | 5 | 3 | 8 | 7 |

# અવસાન નોંધ

**આદિપુર** : વિશનદાસ દીપચંદ ભાટિયા તે જ્યોતિબેનના પતિ, સ્વ. લાલચંદ, સ્વ. વાધુમલ, સ્વ. વાસુદેવ, સ્વ. ગોરધન, રમેશ, પ્રકાશ, વિશનીબેન, કમલાબેન, ચંદાબેનના ભાઈ, રાજેશ, લખન, રીટાબેન, નીતુબેન, કવિતાબેનના પિતા, ઈશ્વર, સુરેશ, મનીષ, નીલેશ, ચંદન, સુરેશ, દીપક, પંકજ, વિશાલ, આનંદના મોટાબાપા, ક્રિશ, જૈવિક, જીયાન, અદિતીના દાદા તા. ૩-૩ના અવસાન પામ્યા છે. પઘડી / પ્રાર્થનાસભા તા. ૫-૩ના ગુરૂવારે સાંજે ૫:૩૦થી ૬ લોહાણા મહાજનવાડી, સરકારી સ્કૂલની પાછળ, આદિપુર ખાતે.

**નાગલપર મોટી (તા. અંજાર)** : મૂળ ધાણેટીના રસીલાબેન (ઉ.વ. ૬૫) તે સ્વ. રતનગર ધનગરના પત્ની, સ્વ. મંગલપુરી અરજણપુરી (દેવળિયા - અંજાર)ના પુત્રી, દેવપુરી, આનંદપુરી, રમેશપુરી, કૈલાશપુરી, અમૃતબેન પ્રેમગર (ગુંદાલા), પ્રભાબેન ધનગર (કુંભારડી - ભચાઉ)ના બહેન, સરલાબેન સતીશગર (માથક), ચંદ્રિકાબેન ભરતગર (સંઘડ), હર્ષિદાબેન રમેશગર (ભદ્રેશ્વર), સંતોષબેન સંજયપુરી (નાગલપર), ઉમેશગર, ખુશાલગરના માતા, શિલ્પાબેનના સાસુ, સુશીલાબેન ધીરજગર (અંજાર)ના ભાભી તા. ૩-૩ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૫-૩ના ગુરૂવારે સાંજે ૫થી ૬ હાટકેશ્વર મહાદેવ મંદિર, બજાર ચોક, મોટી નાગલપુર (તા. અંજાર) ખાતે.

**ભુજ** : મૂળ ગામ ભલોટના મોડજીભા દાનસંગજી ભાટી (નિવૃત એએસઆઈ) (ઉ.વ. ૮૧) તે સ્વ.ગોપાલજી, તથા મનુભા-આદિપુર, અજીતસિંહ (ગોધરા)ના મોટા ભાઈ, ઘનશ્યામસિંહ (કચ્છ જિલ્લા કોંગેસ)રણજીતસિંહ (એડવોકેટ ), મીનાબા અરવિંદસિંહ ગોહિલ (નવાગામ ) ના પિતાજી, ધર્મેન્દ્રસિંહ, રવિરાજસિંહ, કિરીટસિંહ, પ્રદીપસિંહ ના મોટા બાપુ, અભિરાજસિંહ, રીયાબા, યુવરાજસિંહ, ધર્મરાજસિંહ, ધ્રુવરાજસિંહના દાદા, અસ્મિતાબા, કેયુરધ્વજસિંહના નાના, અરવિંદસિંહ નવુભા ગોહિલ નવાગામ (નાના)ના સસરા, બાલુભા રામસંગજી (માંડવી)ના બનેવી તા. ૨-૩ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા ભાઈઓ માટે તા. ૫-૩ના ૫થી ૬, દશનામ ગોસ્વામી સમાજવાડી, હમીરસર તળાવ પાસે, ભુજ. બહેનો માટે તેમના નિવાસસ્થાન ૪૮, જયનગર મધ્યે.

**ભુજ** : મચ્છુ કઠિયા સઈ સુતાર જ્ઞાતિ નટવરલાલ રતિલાલ પીઠડિયા (ઉ.વ. ૮૫) તે સ્વ. રતનબેન રતિલાલ પીઠડિયાના પુત્ર, મીનાબેનના પતિ, મનોજ, રાજેશ, જિજ્ઞાના પિતા, બીના, વંદના તથા વિજયકુમાર ઈશ્વરલાલના સસરા, કાજલ, રિધમના દાદા, મૌલિકના નાના, અંશુયાબેન, નર્મદાબેન, ઈંદુબેન, કંચનબેન, હેમલતાબેન, નીમુબેન, નવીનભાઈના ભાઈ, કલ્પનાબેનના જેઠ, વેલજીભાઈ સોલંકી (રાંચી), ચૂનીલાલ ગોહિલ (ભુજ), ચંદુલાલ સોલંકી (ભુજ), શાંતિલાલ પીઠડિયા (અંજાર), ઉમરશી ધામેચા (ભુજ), કાંતિલાલ પરમાર (માનકૂવા)ના સાળા, વિક્રમ સુભાષભાઈ જોશીના દાદાજી, ધ્વનિ સોલંકીના નાનાજી, બિંદિયા, ઉર્વીના મોટાબાપા, સંદીપભાઈ ચાવડા, કુલદીપાસિંહ ગોહિલના મોટાસસરા, નિશી તથા હરદિપાસિંહના મોટા નાના તા. ૨-૩ના અવસાન પામ્યા છે.

**માધાપર (તા. ભુજ)** : મૂળ રવા (તા. અબડાસા)ના વિનુભાઈ હરિભાઈ દુધૈયા (ઉ.વ. ૯૧) તે સ્વ. સવિતાબેનના પતિ, રાજુભાઈ (ગુર્જ્જર ગેરેજ - માધાપર), હિનાબેન, પ્રીતિબેનના પિતા, દીપાબેન, ઉમેશભાઈ દહીંસરિયા, વિમલભાઈ ખારેચાના સસરા. દીક્ષિત, જાનવીના દાદા. ચાર્મીબેન અને જયકુમાર ગરવલિયાના દાદાસસરા, દર્શના પરદાદા, શ્વેતા, વરુણ, તલીનના નાના, અપૂર્વભાઈ સીતાપરાના નાનાસસરા, સ્વ. લાલજીભાઈ, સ્વ. ઉમેદભાઈના ભાઈ, સ્વ. લતાબેન લાલજીભાઈના દિયર, ગં.સ્વ. ગીતાબેન ઉમેદભાઈના જેઠ, નીરૂબેન પીતાંબર અડીએચા, ગં.સ્વ. ભારતીબેન સુરેશભાઈ દહીંસરિયા, લખુભાઈ, સ્વ. સુરેશભાઈ, વીણાબેન યોગેશભાઈ ભારદિયા, સ્વ. કિરીટભાઈ, પરેશભાઈ, આનંદભાઈ, વર્ષાબેનના કાકા, સ્વ. રૂક્ષ્મણિબેન, સ્વ. પ્રેમિલાબેન, રંજનબેનના ભાઈ, ગુલાબભાઈ ગર્જ્જર (ગુર્જ્જર ગેરેજ - માધાપર), રસીલાબેન ગિરીશભાઈ દહીંસરિયા, રક્ષાબેન શાંતિલાલ ગરવલિયા, કુમુદબેન અશોકભાઈ વડગામા, આશાબેન પીનારા, હિનાબેન રાજેશભાઈ દુધૈયાના મામા, સરસ્વતીબેન ચૂનીલાલ દહીંસરિયા, ગં.સ્વ. ઈન્દિરાબેન ગાવિંદભાઈ બાસોપિયા, રતિલાલભાઈ સીતાપરાના બનેવી તા. ૨-૩ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૫-૩ના ગુરૂવારે સાંજે ૪:૩૦થી ૫:૩૦ સેવક સમાજવાડી, માધાપર (નવાવાસ) ખાતે.

**નારાણપર રાવરી (તા. ભુજ)** : લુહાર ઈશાક કાસમ (ઉર્ફે કાસુ) (ઉ.વ. ૬૭) તે ધુલ્લાના પિતા, આમદ, અબ્દુલના ભાઈ, અનવર, અકબર, અશરફના કાકા, ઓસમાણ, ઈબ્રાહીમના ભત્રીજા, લતીફ બાડાઈના બનેવી, જુમ્મા મામદ (દેવપર - યક્ષ), મ. જુસબ (રતડિયા મોટા), મ. કાસબ (બાગ)ના સાળા, જુસબ (બળદિયા), હારુન રસીદ બાળાઈ (માંડવી), અલીમામદ સાધાણિયા (માંડવી), ઈરફાન બાડાઈ (માંડવી), શોકત હુશેન (કોટડા રોહા)ના સસરા તા. ૩-૩ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૫-૩ના ગુરૂવારે અસર નમાજ બાદ સાંજે ૫:૩૦ વાગ્યે જમાતખાના, ઈદગાહની બાજુમાં.

**બેરાજા (તા. મુંદરા)** : ગં.સ્વ. લક્ષ્મીબેન મોતીગર ગુંસાઈ (ઉ.વ. ૮૨) તે સ્વ. મોતીગર રામગરના પત્ની, ભગવાનગર શિવગર ગુંસાઈ (ઝુરા)ના પુત્રી, સ્વ. પ્રેમગર, સ્વ. ચંચલગર (ઝુરા), સામબાઈ હિંમતગર (કુકમા)ના બહેન, પ્રવીણગર (બેરાજા), સુરેશગર (ગળપાદર), કુસુમબેન (ભુજ)ના માતા, રમીલાબેન, જયશ્રીબેન, ગૌરીગર બુધગરના સાસુ, સ્વ. લક્ષ્મીબેન ખીમગર (ભુજ) (મેકરણ દાદાના પૂજારી)ના ભાભી, શીતલ, પૂજા, વૈશાલી, શિલ્પા, બંસરી, ભાવેશ, ઉત્તમના દાદી, ગંગાબેન, ભગીરથના નાની, નિરાલીબેન, હેત્વીબેનના દાદીસાસુ, વીરાના પરદાદી તા. ૨૮-૨ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૫-૩ના ગુરૂવારે સાંજે ૪થી ૫ નિવાસસ્થાન બેરાજા ખાતે. ભંડારો તથા પૂજનવિધિ તા. ૧૨-૩ના ગુરૂવારે બેરાજા ખાતે.

**ભદ્રેશ્વર (તા. મુંદરા)** : દેવજીભાઈ વેલજીભાઈ મહેશ્વરી (બારા) (કચ્છ ગુજરાત ભજનિક, આકાશવાણી રેડિયો કલાકાર) (ઉ.વ. ૭૮) તે સ્વ. રાણબાઈના પતિ, ભાવનાબેન, હરજીભાઈ, સ્વ. અભિષેકના પિતા, ગીતાબેનના સસરા, ચેતન, ભાવેશના દાદા, સુરેશભાઈ (નિવૃત્ત એએસઆઇ ગુજરાત પોલીસ), ધનજીભાઈ, ભીમજીભાઈ (નિવૃત્ત નાયબ સુબેદાર આર્મી), શિવજીભાઈ (શિવશક્તિ ઈલેક્ટ્રીકલ્સ), હીરબાઈના ભાઈ, શામજીભાઈ દેવરિયા (ગજોડ)ના સસરા, રાહુલ, પ્રિયંકાના નાના, સ્વ . પ્રેમજીભાઈ, ભાણજીભાઈ, જિતેન્દ્રભાઈ, નાનજીભાઈ, ગાવિંદભાઈ, હરેશભાઈ, જગદીશભાઈ, મહેશભાઈના મોટાબાપા તા. ૨૭-૨ના અવસાન પામ્યા છે. તા. ૫-૩ના આગરી અને તા. ૬-૩ના ઘડાઢોળ (પાણી) નિવાસસ્થાન ઈન્દિરાવાસ, ભદ્રેશ્વર ખાતે.

**માંડવી** : વર્યા ઈબ્રાહીમ મોહમ્મદ ઉર્ફે પડુ (નિવૃત્ત માંડવી નગરપાલિકા કર્મચારી) (ઉ.વ. ૯૩) તે વર્યા ઓસમાણગની, વર્યા હાજી અબ્દુલ્લાહના પિતા, વર્યા ઈમરાન, કાસમ, રહીમ, રમીઝના દાદા, સમેજા ઈશાક સુલેમાન (નવીનાળ), નારેજા ઓસમાણ અબ્બાસ (વાડા)ના સસરા તા. ૩-૩ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૫-૩ના અસર નમાજ બાદ કામલશા મસ્જિદ, સોનાવાળા નાકા, માંડવી ખાતે.

**રામપર વેકરા (તા. માંડવી)** : જોષી દીપેશકુમાર જયંતીલાલ (ઉ.વ. ૪૭) તે કવિતાબેનના પતિ, નંદની, અંશીની, ક્રિશિવ, સ્વરૂપના પિતા, હંસાબેન જયંતીલાલ હિંમતરામના પુત્ર, કંચનબેન મોતીલાલ સોની (રાયણ)ના જમાઈ, તુષાર, ચેતનના મોટાભાઈ, ધીરજલાલ, સ્વ. ગૌરીશંકર, વિનોદભાઈ, સ્વ. કમળાબેન, શરદકુમાર, વસંતબેન નિરંજન (રવાપર)ના ભત્રીજા, હિતેશ, પરેશ, નરેશ, રિયાબેન, રોશનીબેન, સ્વ. સચિન, ઉર્મિલા, છાયા, રેખા, કિરણ, આશા, જિતેન્દ્ર, દીપક, મહાવીર, વિરમના ભાઈ, રુદ્ર, શિવ, રામના મોટાબાપા, તુલસીદાસ, રમેશભાઈના ભત્રીજા, નીલેશ નારાયણ જોશી, ભાવેશ નારાયણ (મુલુંડ)ના ભાણેજ તા. ૩-૩ના અવસાન પામ્યા છે. બન્ને પક્ષનું બેસણું તા. ૫-૩ના ગુરૂવારના વેકરા શિવ મંદિરે, સાંજે ૩થી ૫.

**પલીવાડ (તા. નખત્રાણા)** : જત સકીનાબાઈ હાજી જુસબ (મંજલાઈ) (ઉ.વ. ૬૮) તે જત હાજી જુસબ આમદ (મંજલાઈ)ના પત્ની, અલીમામદ, ઈબ્રાહિમ, ગની, અનવરના માતા, જત જુમા રમજુના કાકી, જત હાજી ઉમર ફકીરમામદ, જત હાજી હુશેન ફકીરમામદ, જત ઓસમાણ ફકીરમામદ (પલીવાડ), જત હવાબાઈ હુશેન (વીડી બગીચા)ના બહેન, જત અબ્દુલ્લા ભચુ, જત સુમાર ભચુ (શેરડી)ના મામી તા. ૩-૩ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૫-૩ના ગુરૂવારે સાંજે અસર નમાજ બાદ જમાતખાના (મસ્જિદે ગોસિયા કમ્પાઉન્ડ) ખાતે.

**વિથોણ (તા. નખત્રાણા)** : નોડે બાઈયાબાઈ મીઠુ (ઉ.વ. ૫૮) તે મીઠુ સિધિકના પત્ની, શકુર, અનવર, અકબર, રજાકના માતા, નોડે કાસમ ઈબ્રાહિમ, મ. નોડે રમજાન ઈબ્રાહિમના બહેન, રજાક અને સુલતાનના સાસુ તા. ૩-૩ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૫-૩ના ગુરૂવારે સાંજે ૬ વાગ્યે મુસ્લિમ જમાતખાના, વિથોણ ખાતે.

**ભવાનીપર (તા. અબડાસા)** : હીરાગિરી દેવગિરીજી (ઉ.વ. ૮૧) તે સ્વ. મમીબેન દેવગિરીના પુત્ર, સ્વ. મોંઘીબેનના પતિ, પ્રતાપગિરી, પંકજગિરી, કલ્પનાબેન (વલસાડ)ના પિતા, સ્વ. નારાયણગિરી, સ્વ. કાનગીરી, સ્વ. વિશ્રામગિરીના ભાઈ, સ્વ. બબીબેનના દિયર, ગ.સ્વ. જયશ્રીબેન, સ્વ. ગૌરીબેનના જેઠ, મુલગીરી (ધાંગધ્રા), લાલગિરી (નવસારી), ગ.સ્વ. વસંતબેન (રામપર - વેકરા), હેમલતાબેન (મોથાડા), હંસાબેન (માધાપર)ના કાકા, જયશ્રી, સીમા, જયશ્રી, પુજા, રાજેશ, ધર્મેન્દ્ર, હિતેશના મોટાબાપા, આશા, આરતીના સસરા, સ્વ. ગંગાબેન, દક્ષાબેનના કાકા સસરા, શીતલબેનના મોટા સસરા, સ્વ. વેલબાઈ મંગલગિરી (રોહા કોટડા)ના જમાઈ અવસાન પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૬-૩ના ૩થી ૫, ભાનુશાલી સમાજવાડી ભવાનીપર ખાતે.

# ગાંધીધામમાં ધામધૂમથી હોલિકા દહન : ઝંડા ચોક સહિત અનેક સ્થળે ભક્તોની ભીડ

## ઝંડા ચોક, લીલાશાહ ગરબી ગ્રાઉન્ડ અને અપનાનગર ખાતે પરંપરાગત વિધિ સાથે ઉજવાયો હોળી પર્વ




ઝંડાચોક



અપનાનગર



લીલાશાહ ગરબી ગ્રાઉન્ડ



ગાંધીધામ - કચ્છઉદય : રંગોત્સવનો પાવન તહેવાર હોળી દેશભરમાં હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવે છે. અશુભ પર સદ્ગુણની જીતનું પ્રતિક માનાતા હોલિકા દહન દ્વારા લોકો સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરતા હોય છે.

ગાંધીધામ શહેરમાં હોળીના પર્વ નિમિત્તે અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. શહેરના હૃદય સમાન ઝંડા ચોક, લીલાશાહ ગરબી ગ્રાઉન્ડ અને અપના નગર ખાતે દર વર્ષની પરંપરા મુજબ વિશાળ હોલિકાનું દહન કરવામાં આવ્યું હતું.

સાંજ પડતા જ આ સ્થળોએ લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. શ્રદ્ધાળુઓએ હોલિકાની પ્રદક્ષિણા કરી શ્રીફળ તેમજ ધાણી-મમરાની આહુતિ આપી સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

# રત્નકણિકા

**પરનિંદા સમાન બીજું કોઇ પાપ નથી.**

**- શ્રી રામચરીત માનસ**

# પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૭, પા. મહેર-૧૩૯૫, મુ. રમજાન-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, ફાગણ વદ-૨ સંત તુકારામ બીજ તા.૫ માર્ચ ૨૦૨૬, ગુરૂવાર, પારસી તા.૨૩, મુસ્લિમ તા.૧૫, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, શૂળ યોગ, ગર કરણ, સૂ.ઉ.૭:૧૨, સૂ.અ.૬:૫૫

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (૫ ઠ ણ) છે.

# આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** : પ્રવાસમાં સફળતા મળે. સ્નેહિથી મિલન થાય.

**વૃષભ** : સ્વજનની મદદ મળે. મૂંઝવણ દૂર થાય. આરોગ્ય જાળવવું હિતાવહ.

**મિથુન** : નવા કાર્ય માટે સાનુકૂળતા. મનની મુરાદ બર આવે.

**કર્ક** : પરિવારજનોમાં યશ, વૃધ્ધિ રહેશે. માંગલિક પ્રસંગોનું આયોજન થાય.

**સિંહ** : ખર્ચ-ખરીદીના યોગ છે. આરોગ્ય સારૂં રહે.

**કન્યા** : આર્થિક પ્રગતિ થાય. નજીકના સગાથી મિલન-મુલાકાત થાય.

**તુલા** : આવક વધારવાની તક મળે. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ.

**વૃશ્ચિક** : કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ. મન મેળ સાધી શકશો.

**ધન** : પારિવારીક જીવનમાં આનંદ રહે. મનની મુરાદ પૂરી થાય.

**મકર** : પ્રતિસ્પર્ધિને હંફાવી શકો. કોર્ટ-કચેરીના કાર્યોમાં લાભ થાય.

**કુંભ** : મનમાં અશાંતિ સર્જાય. અધ્યાત્મિક કાર્યોમાં મન પરોવાય.

**મીન** : માનસિક વ્યથા-વેદના વધે. ચિંતાનો ઉકેલ મળે.

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી લોહાણા શિરીષ કલ્યાણજી સચદે (ઉં.વ. ૬૪) તે સ્વ. કાંતાબેન કલ્યાણજી અરજણ સચદે ગામ મોટી ધુફી હાલે મુલુંડના નાના સુપુત્ર. તે સ્વ. કાંતાબેન કરસનદાસ કુંવરજી ઘિસતા ગામ બેટદ્વારકા હાલે ઘાટકોપરના નાના જમાઈ. તે પૂજા (પ્રતિમા)ના પતિ. તે સાગરના પિતા. તે માનસીના સસરાજી તા. ૩-૩-૨૬ના રોજ પરમધામ સિધાવેલ છે. તે સ્વ. લીલાવંતી જમનાદાસ, સ્વ. મયાબેન રામદાસ, સ્વ. જયાબેન પ્રાગજી, સ્વ. નિર્મલા વિજયકુમાર, દેવમણી ગોપાલદાસ, જયશ્રી અને સ્વ. ભૂપેન્દ્ર, અંજના નરેશકુમાર, હેમલતા જ્યોતિન્દ્ર, સ્વ. ક્રિષ્ણા કિશોર, સ્વ. માયા અને જગદીશના નાના ભાઈ. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે. ચક્ષુદાન કરેલ છે.

કચ્છી વિશા ઓશવાળ જૈન ગુંદાલાના મિતેશ કાંતિલાલ છાડવા (ઉં.વ. ૫૦) તા. ૧-૩-૨૬ના અવસાન પામ્યા છે. રૂક્ષમણીબેન કાંતિલાલ માલશીના પુત્ર. વર્ષાના પતિ. અંશ, યુગના પિતાશ્રી. સ્વ. નિલેશના ભાઈ. ગં.સ્વ. પ્રભાબેન ખુશાલચંદ વીરાના જમાઈ. પ્રા. ક.વિ.ઓ. જીરાવાલા દેરાસર, દેરાસર લેન, ઘાટકોપર ઈ, મુંબઈ ૭૭, ટાઃ ૨ થી ૩.૩૦.

મકડાના હરખચંદ વેલજી ગાલા (ઉં.વ. ૬૬) તા. ૨/૩/૨૬ના અરીહંત શરણ પામેલ છે. ખેતબાઈ વેલજીના સુપુત્ર. ધનવંતીના પતિ. સ્વ. પ્રેમજી, ભાઈુલાલ, સ્વ. મંજુલા, ઝવેર, ભારતીના ભાઈ. નરેડી કેસરબાઈ હીરજી વિસરીયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ધનવંતી હરખચંદ ગાલા, ૨૦૪ બી વિંગ મલ્હાર પેલેસ, માનપાડા રોડ, ડોંબિવલી (ઈ).

કોડાયના કિશોરભાઈ લાલન (ઉં.વ. ૭૪) તા. ૩-૩-૨૬ના અવસાન પામેલ છે. મેઘબાઈ વલ્લભજીના પુત્ર. લતાબેનના પતિ. ભાવિન, પુર્વીના પિતા. ચંદનબેનના ભાઈ. ઝવેરબેન મગનલાલના જમાઈ. ચક્ષુદાન-ત્વચાદાન કરેલ છે. પ્રા. શ્રી લખમશી નપ્પુ હોલ, ચંદાવરકર રોડ, માટુંગા (ઈ), મું.૧૯. ટા. ૨ થી ૩.૩૦.

નાના ભાડીયાના માતૃશ્રી પ્રભાબેન નાગજી છેડા (ઉં.વ. ૮૦) તા. ૨-૩-૨૬ના અરિહંત શરણ પામેલ છે. વેલબાઈ શીવજીના પુત્રવધૂ. નાગજીના પત્ની. ધીરેનના માતુશ્રી. મોટી ખાખરના મેઘબાઈ ઉમરશી મોણશી ગાલાના પુત્રી. દામજી, રમણીક, જયવંતીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસઃ ધીરેન નાગજી છેડા, સી-૨/૨૦૪, કલ્પીતા એક્લેવ, સહાર રોડ, કોલડોંગરી, અંધેરી (ઈ).

# કચ્છ નોંધ

**શિરડી સાંઇનાથ સમિતી, ભુજ**

● ભકિતધામ સ્થિત આવેલ સાંઇબાબા મંદિરે તા.૮/૩ ના રવિવારે સાંજે ૫ કલાકે આગામી ૩૧/૩ના પાટોત્સવની ઉજવણી માટેની સામાન્ય સભા સભ્યો અને ભકતજનોની ઉપસ્થિતમાં યોજાશે.

**વૃક્ષ મિત્ર સંગીત સભા**

● વૃક્ષ મિત્ર સંગીત સભા તા.૭-૩ને શનિવારના સાંજે ૬ થી ૧૦ અને વૃક્ષ મિત્ર નિઃશુલ્ક સંગીત ક્લાસ તા.૮/૩ને રવિવારના સાંજે ૬ થી ૯ ડો. શ્યામા પ્રસાદ મુખર્જી વૃક્ષ મિત્ર ગાર્ડન, પ્રમુખ સ્વામી મહારાજ સર્કલ, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય પાસે, મુન્દ્રા રીલોકેશન, ભુજ ખાતે.

**સ્વ.કુંદનભાઈ ધોળકિયાની ૫ુણ્યતિથિ ઉજવાશે**

● ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ ગાંધીવાદી નેતા સ્વ. કુંદનલાલભાઈ જે. ધોળકિયાની તા.૭/૩ના રોજ પુણ્યતિથિએ ટાઉનહોલ પાસે આવેલી પ્રતિમા પાસે સવારે ૧૦.૩૦ વાગે વંદના. ત્યારબાદ વિવિધ સેવા કાર્યો સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા કરાશે.

# હિન્દુ ધર્મને સુરક્ષિત રાખવામાં ઘણી માતંગ દેવનું મોટું યોગદાન






## રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘની દેશ અને સનાતન પ્રત્યેની નિષ્ઠા અજોડ છે

ભુજ-કચ્છઉદય : તાલુકાના કોડકી ગામે આરએસએસના શતાબ્દી વર્ષ સમારોહ નિમિત્તે ૮૦ હજારથી વધુ હિંદુ સંમેલનો કરવાના લક્ષ્ય સાથે સમગ્ર ભારતમાં હિંદુ સમાજના માધ્યમે થતાં આયોજનના ભાગરૂપે ભુજની બાજુનાં કોડકી ગામમાં કોડકી, મખણા, રામવાડી અને ટાંકણાસર ગામ મળીને બનેલા ચાર ગામનાં મંડલનું ભવ્ય હિદુ સંમેલન યોજાયું હતું. નાનું ગામ છતાં બે હજાર જેટલી વિશાળ સંખ્યાને સંબોધતાં ઉપસ્થિત સંતોમાં પૂ.શ્રી પચાણ દાદા માડે-ગામ છસરા (પ્રમુખશ્રી અ.ભા. માતંગ મંડળ) એ જણાવ્યું કે હિદુ ધર્મને સુરક્ષિત રાખવા અને વ્યાપ વધારવામાંધણી માતંગદેવનું બહુ મોટું યોગદાન રહેલું છે.

દિવ્ય બ્રહ્મલોક ગ્લોબલ એકેડમી- સુખપરના સંચાલક શાસ્ત્રી શ્રી વૃંદાવન વિહારી સ્વામીએ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતાં જણાવ્યું કે સંઘની ભારત દેશ અને સનાતન પ્રત્યેની નિષ્ઠા અજોડ છે અને વધુમાં વધુ યુવાનોએ આ રાષ્ટ્ર કાર્યમાં અચુક જોડાવું જોઈએ. મુખ્ય વક્તા શ્રી ધનજીભાઈ ગોરસીયા (પ્રાંત શારીરિક પ્રમુખ- આર. એસ.એસ.સૌરાષ્ટ્ર- કચ્છ) એ ઉદાહરણો સાથે કહ્યું કે સામાજિક સમરસતાનું સ્વયંથી અનુકરણ કરવામાં સંઘનો સ્વયંસેવક સદાય અગ્રેસર રહે છે. એન. આર.આઈ. નારાણભાઈ હાલાઈએ ઇંગ્લેન્ડના સ્વ અનુભવ ટાંકતા જણાવેલ કે હિંદુ સમાજ સંગઠિત હશે તો અનેક પ્રશ્નો સરળતાથી ઉકેલાઈ જશે. ઉત્સાહિત આયોજન સમિતિ દ્વારા સમગ્ર ગામને ધજા પતાકાથી ભગવામય બનાવીને સંમેલન નિમિત્તે ગામના મહિલાઓની આગેવાનીમાં વિશાળ બાઈક યાત્રાનું આયોજન કર્યું હતું અને કાર્યક્રમના અંતે સમગ્ર હિંદુ સમાજે એક પંગતમાં બેસીને સમુહ ભોજનપ્રસાદ લીધેલ હતો અને સમગ્ર વ્યવસ્થા ગામે સ્વયંભુ રીતે સંભાળી હતી. મંચ ઉપર ચારેય ગામના વિવિધ સમાજના આગેવાનોની ઉપસ્થિતમાં ગામની લેવા પટેલ પ્રાથમિક શાળાના બાળકોએ સુંદર સાંસ્કૃતિ કાર્યક્રમો રજુ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન હિન્દુ સંમેલન સંયોજક હઠુભા પઢિયાર, આભારવિધિ મનજીભાઈ વરસાણી અને શાબ્દિક સ્વાગત અને પ્રસ્તાવના સંમેલન અધ્યક્ષ મનજીભાઈ હાલાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગઢશીશા વિસ્તારમાં હોળી - ધુળેટી પર્વની ઉત્સાહભેર ઉજવણી





ગઢશીશા સમસ્ત હિન્દુ સમાજ દ્વારા પરંપરાગત હોલીકાદહન દેવી ચંદુમાનાની ઉપસ્થિતિમાં વિધિ વિધાન સહ કરાયું

ગઢશીશા : દેશભરમાં અસત્ય પર સત્યના વિજયના પ્રતિક રૂપ હોળી - ધુળેટી પર્વની ઉજવણી થવાની સાથે ગઢશીશા મુરલી મનોહર ચોક મધ્યે પરંપરાગત રીતે હોલીકાદહનની પૂજનવિધિ દેવી ચંદુમા અને સમસ્ત હિન્દુ સમાજના પ્રમુખ સુનીલભાઈ ચોથાણીની ઉપસ્થિતિમાં કરાયું હતું. ગામના યુવાનોએ આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. દેવી ચંદુમાએ આ અવસરે અંતરના આશીર્વાદ પાઠવ્યા હતા.

આ સાથે ગઢશીશાના વિવિધ વિસ્તારોમાં હોલીકા દહનના આયોજન કરાયા હતા. ગઢશીશા તેમજ ગઢશીશા વિસ્તારના શેરડી, વાંઢ, હમલા-મંજલ, રતડીયા, ઉનડોઠ, આશરાણી, ભેરૈયા, રાજપર, લુડવા, દરશડી, મમાયમોરા, જામથડા, વિરાણી, દુજાપર, દેવપર, મઉં, રત્નાપર, મકડા, પોલડીયા, નાગ્રેચા, કોટડી (મહાદેવપુરી) સહિતના ગામડાઓમાં ઉત્સાહભેર હોળી - ધુળેટી પર્વની ઉજવણી કરાઈ હતી. દેવપુર વાસાણી ફાર્મમાં યુવક મંડળ અને મહિલા મંડળ દ્વારા હોલીકા દહનનું આયોજન કરાયું હતું.

# નખત્રાણામાં હોળી - ધુળેટી પર્વ ઉત્સાહ પૂર્વક ઉજવાયો







**ધાર્મિક પર્વ સાથે ચંદ્રગ્રહણનો ઓછાયો રહ્યો : ધુળેટીના માતાનામઢ, નારાયણસરોવરમાં ભાવિકોની ભીડ : ઠેર - ઠેર હોલિકાદહન શ્રીફળ, હોળી પૂજન - અર્ચન સાથે ભાવિકોએ પ્રદક્ષિણા કરી જલધારા વહેરાવી**

નખત્રાણા - કચછઉદય : હિન્દુ શાસ્ત્રોમાં ભારે મહાત્મય ધરાવતા હોળી - ધુળેટીની રોનક નગરમાં જોવા મળી હતી. ચાલુ વર્ષે ગ્રહણના વિચિત્ર સંયોગ વચ્ચે સોમવારે હોળી પ્રાગટય પછી મંગળ અને બુધવારના ધુળેટી પર્વ સાથે રંગોત્સવ મનાવ્યો હતો. હોળીની લક્ષ્મીનારાયણ મંદિર, ગાત્રી મંદિર, સત્યનારાયણ મંદિર નવાવાસ, જુનાવાસ, નવાનગર અને મણિનગર સહિત વિવિધ સ્થળે હોલીકા દહન થયું હતું. સંધ્યા કાળે હજારો શહેરીજનો હોળીના વાસ્તવિક જીવનમાં નકારાત્મક ઉર્જાને તિલાંજલી આપી હોળીની જવાળામાં ભસ્મ કરી સકારાત્મક ઉર્જા મેળવી હતી. નાના બાળકો તથા વરવધુએ રંગબેરંગી કપડા અને ગળામાં હાયડા પહેરાવી હોળીની પાંચ કે સાત પ્રદક્ષિણા કરી હતી અને ધાણી દાળિયા, ફુલા, શ્રીફળ, પતાશા, ખજુર સહિતની સામગ્રી હોળીમાં હોમી હતી. તો હોળી પૂર્વે બજારોમાં ધમધમાટ જોવા મળ્યા હતો. લોકો કપડા, ખજુર, ધાણી, દાળિયા, પતાસા સહિતની સામગ્રી લેવા ઉમટ્યા હતા. સુકા મેવા અને ચોકલેટનું ચલણ વધ્યું હતું.

આ પંથકમાં કેસુડાના ફુલો વન વગડામાં મોટી સંખ્યામાં ઉગી નિકળતા લોકો કેસુડાના રંગથી રંગોત્સવ મનાવ્યો હતો. મંદિરોમાં ગ્રહણ પણ પાડવામાં આવ્યો હતો. બીજીતરફ મંગળ અને બુધવાર બે દિવસ ધુળેટી રમ્યા હતા. માતાનામઢ, નારાયણસરોવર, ધીણોધર, પીયોણી સહિત ધાર્મિક સ્થળે મેળા જેવો માહોલ હતો. હોળીની ધજાએ સારા ચોમાસાના સંકેત આપ્યા હતા. અને નખત્રાણા પંથકમાં હોળી, ધુળેટી પર્વની ઉત્સાહ સાથે ઉજવાયો હતો.

# રેલવેએ દોડાવેલી વધારાની ટ્રેનોમાં કચ્છથી ૪૫ હજાર પ્રવાસીએ લાભ લીધો



ગાંધીધામ - કચ્છઉદય : હોળી પર્વના અવસરે વધેલી યાત્રી ભીડને પ્રભાવક રીતે મેનેજ કરવા માટે પશ્ચિમ રેલવે દ્વારા વ્યાપક અને સુવ્યવસ્થિત વ્યવસ્થાઓ કરવામાં આવી. તમામ વિભાગો વચ્ચે સુદ્રઢ સંકલન સ્થાપિત કરતાં એ સુનિશ્ચિત કરવામાં આવ્યું કે પોતાના ગૃહ નગરો તરફની યાત્રા કરનારા યાત્રીઓને સુરક્ષિત, સુગમ અને નિર્બાધ યાત્રા સુવિધા પ્રાપ્ત થાય.

પશ્ચિમ રેલવે એ હોળી પર્વ દરમિયાન વધેલી ભીડને ધ્યાનમાં રાખતાં ફેબ્રુઆરીના છેલ્લા સપ્તાહ તથા માર્ચ મહિનામાં પોતાના સ્ટેશનોથી ૩૦૮ વિશેષ ટ્રેનોના ફેરા સંચાલિત કરવાની જાહેરાત કરી છે. આ જ ક્રમમાં ૨૧ ફેબ્રુઆરીથી ૦૨ માર્ચ, ૨૦૨૬ દરમિયાન પશ્ચિમ રેલવેએ ગોરખપુર, બનારસ, દાનાપુર, સમસ્તીપુર, દરભંગા, ભગત કી કોઠી (જોધપુર), હરિદ્વાર, રક્સૌલ, હજરત નિજામુદ્દીન, દિલ્લી સહિત અન્ય મહત્વપૂર્ણ સ્ટેશનો માટે કુલ ૨૬૬ વિશેષ ટ્રેનોનું સંચાલન કર્યું. આ વિશેષ ટ્રેનો ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન અને ગુજરાત જેવા મુખ્ય રાજ્યોને જોડતાં યાત્રીઓની વધારાની માંગને પૂરી કરવા માટે ચલાવવામાં આવી.

૨૭ ફેબ્રુઆરીથી ૦૨ માર્ચ, ૨૦૨૬ ના સમયગાળા દરમિયાન પશ્ચિમ રેલવે દ્વારા ૨૭ લાખથી વધુ યાત્રીઓને તેમના મુકામ સુધી સુરક્ષિત અને સુગમ યાત્રા સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી, જેમાં ગાંધીધામ, ભુજ, અમદાવાદ, સાબરમતી, અસારવા સ્ટેશનોથી ૨૭, ૨૮ ફેબ્રુઆરી અને ૦૧ માર્ચના સંચાલિત વિશેષ ટ્રેનો મારફતે ૩ લાખથી વધુ યાત્રીઓએ યાત્રા કરી હતી, જેમાં ગાંધીધામથી ૩૦ હજાર યાત્રી, ભુજથી ૧૫.૫ હજાર યાત્રી કરી હતી. અમદાવાદથી લગભગ ૧.૫૫ લાખ, સાબરમતીથી ૭૦ હજાર, અસારવાથી ૩૦ હજાર યાત્રીઓએ યાત્રા કરી હતી.

હોળી પર્વ દરમિયાન યાત્રીઓની સુવિધા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે નીચે જણાવેલા વિશેષ ઉપાયો લાગુ કરવામાં આવ્યા હતા. વિશેષ ટ્રેનોના સંબંધમાં સતત ઉદઘોષણાઓ કરીને યાત્રીઓમાં ભ્રમથી સ્થિતિથી બચાવ કરવામાં આવ્યો, ઈલેક્ટ્રોનિક ડિસ્પ્લે બોર્ડ પર ટ્રેનોની અદ્યતન માહિતી પ્રદર્શિત કરવામાં આવી, રેલવે કર્મચારીઓ દ્વારા યાત્રીઓને માર્ગદર્શન અને સહાયતા ઉપલબ્ધ કરાવવામાં આવી, એટીવીએમ અને રેલવન એપ મારફતે ટિકિટ લેવા માટે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યા, મોબાઈલ યૂટીએસ સુવિધા મારફતે લાઈનમાં રાહ જોઈ રહેલા યાત્રીઓને ટિકિટ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા, વધારાના રિઝર્વેશન કાઉન્ટર, એટીવીએમ અને હેન્ડહેલ્ડ ટિકિટીંગ ટર્મિનલની વ્યવસ્થા કરવામાં આવી, મુખ્ય સ્ટેશનો પર હોલ્ડિંગ એરિયા બનાવીને યાત્રી અવરજવરને સુવ્યવસ્થિત કરવામાં આવી, હોલ્ડિંગ એરિયામાં પીવાના પાણી, બેસવાની વ્યવસ્થા અને અન્ય જરૂરી સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી, સંચાલન જરૂરિયાતોને અનુરૂપ ડ્યૂટી પર હાજર કર્મચારીઓ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી, મુખ્ય સ્ટેશન અને ટ્રેનોમાં રેલવે સુરક્ષા બળ (આરપીએફ) તથા ટિકિટ તપાસ કર્મચારીઓની પૂરતી જમાવટ કરવામાં આવી હતી. સ્ટેશનો પર સીસીટીવી મારફતે વાસ્તવિક સમયમાં દેખરેખ રાખવામાં આવી, વિશેષ ટ્રેનોનું સમયપાલન સુનિશ્ચિત કરવા માટે સતત મોનિટરિંગ કરવામાં આવ્યું, ફુટઓવર બ્રિજ, પ્લેટફોર્મ, પ્રવેશ/નિકાસ દ્વાર અને ટ્રેનોમાં સુરક્ષિત ચઢવા - ઉતરવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી હતી.

પશ્ચિમ રેલવે પોતાના નેટવર્ક પર યાત્રી અવરજવરની સતત દેખરેખ રાખી રહ્યું છે તથા હોળી પર્વ દરમિયાન યાત્રીઓને સુરક્ષિત, આરામદાયક અને સુવિધાજનક યાત્રા ઉપલબ્ધ કરાવવા માટે વધારાની વિશેષ ટ્રેનોના સંચાલન અને જરૂરી સંસાધનોની ઉપલબ્ધતા માટે પૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

# કચ્છના સંશોધકની આઈ.આઈ.ટી. દિલ્હી ખાતે પસંદગી



ભુજ - કચ્છઉદય : અહીંની લાલન કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલમાં કચ્છ યુનિવર્સિટી ખાતે શેક્સપિયરના અનુવાદનાં ભાષાકીય અને સામાજિક પરિમાણ પર ડો. મનોજ છાયાનાં માર્ગદર્શનમાં પીએચડીનો અભ્યાસ કરતા કિશન અતુલભાઈ પંડ્યાની ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી દિલ્હી ખાતે રિસર્ચ આસિસ્ટન્ટ તરીકે પસંદગી થઈ છે. કમ્પ્યુટેશનલ લિંગવિસ્ટિક્સ અને બહુભાષિય નેચરલ લેન્ગવેજ પ્રોસેસિંગ ક્ષેત્રમાં આઈ.આઈ.ટી. દિલ્હીના મહાત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે અંગ્રેજી તેમજ ગુજરાતી ભાષાઓ પર પ્રભુત્વ ધરાવતા, આ વિષયોમાં લઘુતમ અનુસ્નાતકની પદવી ધરાવતા અને અનુવાદ તેમજ પ્રત્યાયનનો સબળ અનુભવ ધરાવતા ભાષાશાસ્ત્રના અભ્યાસુઓ પાસેથી સમગ્ર ભારતમાંથી અરજીઓ મેળવ્યા બાદ, પસંદગી પ્રક્રિયાના વિવિધ તબક્કાઓના અંતે શ્રી પંડ્યાને આ પ્રોજેક્ટ માટે પસંદ કરાયા છે. આ ભૂમિકામાં શ્રી પંડ્યા આઈ. આઈ.ટી. દિલ્હીની કોઈલ-ડી લેબમાં ભાષાકીય સંશોધનમાં પોતાનું પ્રદાન આપશે.

ઉલ્લેખનીય છે કે આ અગાઉ શ્રી પંડ્યા ભારત સરકારના ઉપક્રમ સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયન લેન્ગવેજીસ, મૈસુર ખાતે નેશનલ ટ્રાન્સલેશન મિશનની કાર્યશાળા તેમજ ફેલોશિપ માટે પણ પસંદગી પામ્યા હતા. તદુપરાંત ગુજરાત હાઈકોર્ટ માટે અનુવાદક તરીકે તેમની ઉમેદવારીનો પસંદગી પ્રક્રિયાની યાદીમાં સમાવેશ કરાયો હતો. ભૂકંપના અનુભવો તેમજ કચ્છની વિચરતી માલધારી જાતિઓ પરના દસ્તાવેજીકરણના બે અલગ આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સમાં પણ તેમણે સંશોધન સહાયક તરીકે સેવા આપેલી છે.

# ફેબ્રુઆરી મહિનામાં કચ્છમાં રેલવેએ ૪૦૧.૫ કરોડની આવક કરી

## મહિનામાં મીઠાના ૬૩૩૫ વેગન અને ૧૮૭ લોંગ હોલ ટ્રેનનું સંચાલન કરીને નવો વિક્રમ સ્થાપ્યો

ગાંધીધામ - કચ્છઉદય : પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ યાત્રીઓને સુરક્ષિત, સુગમ અને ઉત્તમ સેવાઓ પૂરી પાડવા તથા આવકમાં વૃદ્ધિ પ્રત્યે સતત પ્રતિબદ્ધ છે. આ જ ક્રમમાં, ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન મંડળે યાત્રી તેમજ માલભાડા આવક, ટિકિટ તપાસ, બિન ભાડા આવક તથા વ્યવસાય વિકાસના ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ છે. મંડળ ફક્ત આવકમાં વૃદ્ધિ જ નથી નોંધવી, પરંતુ માલના લોડિંગ અને યાત્રી સુવિધાના ક્ષેત્રમાં પણ પાછલા વર્ષની સરખામણીમાં મહત્વપૂર્ણ પ્રગતિ પ્રાપ્ત કરી છે.

ત્યારે ફેબ્રુઆરી મહિનામાં કચ્છમાં રેલવેએ ૪૦૧.૫ કરોડની આવક કરી છે. તો મહિનામાં મીઠાના ૬૩૩૫ વેગન અને ૧૮૭ લોંગ હોલ ટ્રેનનું સંચાલન કરીને નવો વિક્રમ સ્થાપ્યો છે. અમદાવાદ મંડળ દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૬ માં રૂ.૬૯૦ કરોડની કુલ આવક મેળવી, જે પાછલા વર્ષની સરખામણીમાં ૧૧.૧૦% વધારે છે, રૂ.૧૫૮.૦૨ કરોડ પ્રાપ્ત કરવામાં આવી (૧૫.૭૭% ની વૃદ્ધિ), રૂ. ૫૧૪.૬૮ કરોડની આવક પ્રાપ્ત થઈ (૧૦.૫૩% ની વૃદ્ધિ). ટિકીટ તપાસ અભિયાન મારફતે રૂ. ૨.૭૫ કરોડની આવક પ્રાપ્ત થઈ (૧૧.૭૯% ની વૃદ્ધિ). અન્ય વિવિધ સ્રોતોથી રૂ. ૧૪.૫૦ કરોડની આવક પ્રાપ્ત કરવામાં આવી.

માલ લોડિંગમાં ઐતિહાસિક સિદ્ધિ છે. જેમાં દરરોજ સરેરાશ ૨૯૦૨.૭૪ વેગન લોડ કરવામાં આવ્યા, જે પાછલા વર્ષથી ૭.૯૩% વધારે છે. સરેરાશ ૩.૯૨ મિલિટન ટન દરરોજ માલ લોડિંગ નોંધવામાં આવી (૧૪.૭૦% ની વૃદ્ધિ), મીઠાનું લોડિંગ સરેરાશ ૩૯૨.૮૨ વેગન દરરોજ રહ્યું. (૪૨.૭૧% ની ભારે વૃદ્ધિ), કન્ટેનર લોડિંગમાં ૬.૩૬% અને ફર્ટિલાઈઝર લોડિંગમાં ૩૩.૪૭% ની વૃદ્ધિ નોંધવામાં આવી. ગાંધીધામ ક્ષેત્રમાં એક જ દિવસમાં ૧૫ લૉન્ગ હૉલ માલગાડીઓનું સંચાલન કરી નવો વિક્રમ સ્થાપિત કરવામાં આવ્યો.

બિન-ભાડા આવક અને નવીનતમાં વાર્ષિક લક્ષ્ય રૂ. ૧૩ કરોડને પાર કરતાં રૂ. ૧૩.૧૮ કરોડની અત્યાર સુધીની સર્વોચ્ચ બિન-ભાડા આવક પ્રાપ્ત કરવામાં આવી, પાર્કિંગથી રૂ. ૩.૧૨ કરોડની આવક થઈ, જે પાછલા વર્ષથી ૧૭% વધારે છે. ભીમાસરમાં ઔદ્યોગિક મીઠાના લોડિંગ માટે સ્ટેનલેસ સ્ટીલ કન્ટેનરનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો, જે ટકાઉ માલ વ્યવસ્થાપનની દિશામાં એક નવું ધોરણ છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સંચાલન કુશળતામાં ગાંધીધામ-આદિપુર સેક્શન પર ચોથી લાઈનનું સફળતાપૂર્વક કમીશનીંગ કરવામાં આવ્યું, સાંતલપુરમાં આધુનિક 'ક્રૂ મેનેજમેન્ટ સિસ્ટમ' (ક્રસ્જી) નો શુભારંભ થયો. ફેબ્રુઆરી ૨૦૨૬ માં અમદાવાદ મંડળનું આ પ્રદર્શન દર્શાવે છે કે આવક સર્જન, માલ લોડિંગ, ડિજિટલ પ્રગતિ અને સંચાલન ક્ષમતા જેવા મુખ્ય ક્ષેત્રોમાં મંડળ સતત શ્રેષ્ઠતા તરફ અગ્રસર છે.

# જાટાવાડાના આંગણવાડી કેન્દ્રની જિલ્લાના અધિકારીઓએ લીધી મુલાકાત



રાપર - કચ્છઉદય : સંપૂર્ણતા અભિયાન ૨.૦ અંતર્ગત રાપર તાલુકાના સરહદી વિસ્તારના જાટાવાડા ગામના જાટાવાડા ચાર આંગણવાડી કેન્દ્રની નીતિ આયોગ તેમજ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓની ટીમે મુલાકાત લીધી હતી.

નીતિ આયોગના ડેપ્યુટી સેક્રેટરી પૂજા શર્મા, જિલ્લા આયોજન અધિકારી જે.સી. રાવલ, પ્રાંત અધિકારી ભચાઉ, મામલતદાર ભચાઉ, તાલુકા વિકાસ અધિકારી ખોડુભા વાઘેલા, તાલુકા આઈસીડીએસના સીડીપીઓ કે.એ. પ્રજાપતિ સહિતનાએ મુલાકાત દરમિયાન વિકાસના કાર્યોની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. આંગણવાડી કેન્દ્ર દ્વારા અપાતી સેવાઓ અને આઈસીડીએસ યોજનાના અમલીકરણ અંગે ચર્ચા કરવામાં આવી હતી. જમીન સ્તર પર યોજનાઓનો લાભ પહોંચાડવામાં આવતી મુશ્કેલીઓ અને પડકારો વિશે જાણકારી મેળવી જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ કે જેથી છેવાડાના લોકો સુધી સરકારી યોજનાનો લાભ પહોંચે તેમજ રાપર તાલુકાના વિકાસના નવા શિખરો સર કરે તે દિશામાં કાર્ય કરવા સૂચના આપવામાં આવી હતી.

# નશીલા પદાર્થોના સેવન માટે ઉપયોગમાં લેવાતા પદાર્થોના સંગ્રહ વેચાણ, વિતરણ કે હેરાફેરી પર પ્રતિબંધ

ભુજ - કચ્છઉદય : રાજ્યમાં સગીર - યુવાનો દ્વારા ચરસ, ગાંજા વગેરે જેવા નશીલા પદાર્થોના સેવન માટે સ્મોકિંગ એસેસરીઝ જેવી કે રોલીંગ પેપર - સ્મોકિંગ કોનનો ઉપયોગ કરવામાં આવે છે. આવી સ્મોકિંગ એસેસરીઝના સંગ્રહ, વેચાણ, વિતરણ કે હેરાફેરી વ્યક્તિગત, જનસમુદાય તેમજ ખાસ કરીને યુવાપેઢી માટે ગંભીર ખતરો બની શકે તેમ છે, જેથી જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલ દ્વારા કચ્છ જિલ્લાની હદમાં ઓનલાઈન-ઈ-કોમર્સ પ્લેટફોર્મ દ્વારા તેમજ તમામ પાન પાર્લર, ચાની દુકાનો, છુટક કરીયાણાની દુકાનો વગેરેમાં નશીલા પદાર્થોના સેવન માટે ઉપયોગમાં લેવાતા રોલીંગ પેપર, સ્મોકિંગ કોન, પરફેક્ટ રોલ જેવી સ્મોકિંગ એસેસરીઝના સંગ્રહ વેચાણ, વિતરણ કે હેરાફેરી પર પ્રતિબંધ ફરમાવેલ છે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.આ જાહેરનામું તા.૨૭/૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

# ધોળાવીરા ખાતે પ્રાકૃતિક શિક્ષણ શિબિર યોજાશે

રાપર - કચ્છઉદય : કચ્છ રણ અભ્યારણ્યના ધોળાવીરા ખાતે તા. ૧૦/૩ થી ૨૫/૩ દરમિયાન બે દિવસીય (એક રાત્રી) પ્રાકૃતિક શિક્ષિણ શિબિરમાં ભાગ લેવા માટે અરજી આમંત્રિત કરવામાં આવે છે. પ્રાકૃતિક શિક્ષિણ શિબિરના તારીખવાર આયોજન બાબતે શાળાઓના સંપૂર્ણ રજિસ્ટ્રેશન થઈ ગયા બાદ જાણ કરવામાં આવશે, જેમાં ધો.૮ થી કોલેજ સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વહેલા તે પહેલાના ધોરણે લાભ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે રસ ધરાવતી શાળા - સંસ્થાઓને રેન્જ ફોરેસ્ટ ઓફીસરનીની કચેરી, રાપર ઉત્તર રેન્જ, પાણી પુરવઠા ઓફીસની બાજુમાં, ફોરેસ્ટ કોલોની રાપર, રાપર મો. ૯૯૦૯૬ ૯૨૩૮૫ પર અરજી કરવા પરિક્ષેત્ર વન અધિકારી, રાપર ઉત્તર રેન્જની અખબાર યાદીમાં જણાવાયું છે.

# રેલડી ખાતે 'આયુર્વેદ અને ઔષધ વિજ્ઞાન' અંગે શિબિર યોજાઈ



ભુજ - કચ્છઉદય : તાલુકાના રેલડી ગામે સરકારી ઔષધિય વનસ્પતિ ઉદ્યાન ખાતે "આયુર્વેદ અને ઔષધ વિજ્ઞાન" વિષયક એક શિબિરનું આયોજન કરાયું હતું, જેમાં ડૉ.અર્પણ ભટ્ટ, વૈદ્ય નિપુણ બુચ, ડૉ.પવન મકરાણી, ડૉ.આલાપ અંતાણી, ડૉ.જિજ્ઞેશ ઠક્કર, ડૉ.પાર્થ ઠક્કરે આયુર્વેદ વિષયક વક્તવ્ય આપ્યું હતું.

શિબિર લાભાર્થી તરીકે મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ પ્રમુખ આશિષભાઇ તથા સમગ્ર કારોબારી સભ્યો, મલય સ્મૃતિ તથા મોઢેશ્વરી મહિલા મંડળની બહેનો, ડૉ.અર્પણ સાથે અભ્યાસ કરેલ સાયન્સની બેચના પૂર્વ મિત્રો, નરેશ અંતાણી, વનસ્પતિ નિષ્ણાંત સાલેમામદ, ફકીરમામદ, શબ્બીરભાઇ, જીતુભાઇ તથા આયુર્વેદ સ્નેહીજનો હાજર રહ્યા હતા. શિબિરના બીજા સત્રમાં ઔષધિય ઉદ્યાન નિરીક્ષણ, જ્ઞાનચર્ચા ડૉ. અર્પણ, ડૉ.પાર્થની તબલા-હારમોનિયમ જુગલબંધી વિવિધ પ્રવૃત્તિ કરી હતી. શિબિરની તમામ સ્થાનિક વ્યવસ્થા ફાર્મના નિકુંજ ત્રિપાઠી તથા ડૉ.અમિત ત્રિપાઠીએ સંભાળી હતી. આયુર્વેદ અને ઔષધિ વિષયક શિબિર મહદ્અંશે સફળ અને માર્ગદર્શક રહી હતી.

# ભુજ સહિત સમગ્ર જિલ્લામાં આસ્થાની જ્યોત ઝળહળી


ભુજ


પ્રમુખસ્વામીનગર-ભુજ


નાગર જ્ઞાતિ-ભુજ


કાળોડુંગર


ખાવડા


શિવમ પાર્ક-ભુજ


ભાનુશાલીનગર-ભુજ


વર્માનગર


નખત્રાણા


નાના ફળિયા ભુજ


સિદ્ધાર્થ પાર્ક-ભુજ


વી.આર. નગર-ભુજ

## માંડવી ખાતે અસત્ય પર સત્યના વિજય હોળીના પર્વની ઉજવણી કરાઈ





માંડવી-કચ્છઉદય : શહેરના વિવિધ શેરી ચોક ખાતે હોલિકા દહન સાથે અસત્ય પર સત્યના વિજયની ઉજવણી થઈ હતી. પરંપરાગત રીતે વર્ષોથી કરવામાં આવતા હોલિકા દહનના આ તહેવારમાં વિવિધ મંડળો અને યુવાનો દ્વારા હોલિકા દહન કરવામાં આવ્યું હતું તેમજ ધુળેટીના દિવસે રંગોત્સવની મજા પણ શહેરીજનોએ માણી હતી. શનિવારથી બુધવાર સુધી મીની વેકેશન જેવા માહોલ વચ્ચે આ તહેવાર ઉમંગભેર ઉજવાયો હતો.

## હોળીની જ્વાળાએ આપ્યા આશાસ્પદ સંકેત : ગુજરાતમાં મેઘરાજા મન મૂકીને વરસે તેવા યોગ

### આગામી ચોમાસું ખેડૂતો માટે ખુશાલી લાવશે પરંતુ તે પૂર્વે માર્ચ મહિનામાં આકરી ગરમી જનજીવનને દઝાડશે તેવો અંબાલાલ પટેલનો વરતારો

ભુજ - કચ્છઉદય : ચાલુ વર્ષે હોલિકા દહનના પવિત્ર પર્વ પર પવનની ગતિ અને હોળીની જ્વાળાઓના ગહન વિશ્લેષણ બાદ હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે રાજ્યના વર્ષા વિજ્ઞાન અંગે મહત્વપૂર્ણ આગાહી કરી છે. પરંપરાગત જ્યોતિષીય પદ્ધતિ અને કુદરતી સંકેતોના આધારે તેમણે જણાવ્યું છે કે આ વર્ષે ગુજરાત પર મેઘરાજાની અપાર કૃપા દ્રષ્ટિ રહેશે. હોળીના સમયે ફૂંકાયેલા પશ્ચિમ અને વાયવ્ય દિશાના પવનો સૂચવે છે કે રાજ્યમાં ચોમાસું નિર્ધારિત સમયે બેસશે અને સાર્વત્રિક વરસાદની હેલી જોવા મળશે. ખાસ કરીને ઉત્તર અને મધ્ય ગુજરાતની જીવાદોરી સમાન નદીઓમાં નવા નીરની આવક થશે અને ખેડૂતો માટે આ વર્ષ આર્થિક રીતે સમૃદ્ધિ લાવનારું સાબિત થશે. વાવણી લાયક વરસાદ સમયસર થવાથી કૃષિ ક્ષેત્રે નવી આશાનો સંચાર થશે.

જોકે, સારા ચોમાસાના સુખદ સંકેતોની સાથે અંબાલાલ પટેલે આકરા ઉનાળા અંગે પણ લાલબત્તી ધરી છે. તેમના મતાનુસાર માર્ચ મહિનામાં જ સૂર્યનારાયણ પ્રચંડ પ્રકોપ વરસાવશે અને રાજ્યના અનેક ભાગોમાં તાપમાનનો પારો ૪૪ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જવાની પૂરેપૂરી સંભાવના છે. ૧૮ થી ૨૦ માર્ચના સમયગાળા દરમિયાન ગરમીનું મોજું તીવ્ર બનશે અને લોકોને ધોમધખતા તાપનો સામનો કરવો પડશે. આ ગરમીની સાથે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે રાજ્યના વાતાવરણમાં અચાનક પલટો આવવાની અને છૂટાછવાયા વિસ્તારોમાં કરા સાથે માવઠું પડવાની શક્યતા પણ તેમણે વ્યક્ત કરી છે. આમ, આ વર્ષ કુદરતી રીતે મિશ્ર અસરો વાળું રહેશે જેમાં આકરી ગરમી બાદ મેઘરાજાની પધરામણીથી ધરતી પુત્રોમાં આનંદ જોવા મળશે.

જિલ્લા મથક ભુજ સહિત અબડાસાથી વાગડ સુધીના તમામ વિસ્તારોમાં પરંપરાગત રીતે હોલિકા દહન કરાયું હતું. રાત્રિના શુભ મુહૂર્તમાં જ્યારે હોલિકા પ્રગટાવવામાં આવી ત્યારે સમગ્ર વાતાવરણ આસ્થા અને ઉમંગથી ભરાઈ ગયું હતું. ગ્રામીણ વિસ્તારોમાં પશુપાલકો અને ખેડૂતોએ હોળીની જ્વાળાઓના દર્શન કરી આગામી વર્ષ સારા વરસાદ અને પાકવાળું રહે તેવી કામના કરી હતી. અબાલ-વૃદ્ધ સૌએ સાથે મળીને અનિષ્ટ પર ઈષ્ટના વિજયના આ પર્વને હર્ષોલ્લાસ સાથે વધાવ્યો હતો.

## કચ્છના સરહદીય વિસ્તાર કુરનમાં સાંસદ દ્વારા રંગોત્સવની ઉજવણી કરાઈ





ભુજ - કચ્છઉદય : અનિષ્ટ પર ઈસ્ટનો વિજય એ હોલીકા ઉત્સવ અને રંગોત્સવને નાના ભૂલકાંથી લઈ અબાલ-વૃધ્ધજનો સૌ મન મુકીને ઉજવે છે.

કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ સરહદના સેઢે આવેલ ભુજ તાલુકાના કુરન ગામે નાના ભુલકા, સામાજીક અને રાજકીય સાથીઓ, સ્નેહીજનો, શુભેચ્છકો સાથે અબીલ ગુલાલ ઉડાવી આનંદોત્સવ મનાવ્યો હતો.

નાની બાળાઓ, નાના ભુલકાઓને શૈક્ષણિક કીટ વિતરણ કરી રંગ ઉડાવી આનંદની પળોના પ્રત્યક્ષ સાક્ષી બન્યા હતા. રંગોત્સવમાં યુવાનો, મહિલાઓ, બાળકો સૌએ ભગવાન પ્રત્યેની આસ્થા અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

રંગોત્સવમાં સાંસદ વિનોદભાઈ ચાવડા સાથે ભુજ તા.પં. સદસ્ય દિલાવરસિંહ સરૂપાજી સોઢા, કચ્છ જિલ્લા ભાજપ મહામંત્રી ભીમજીભાઈ જોધાણી, કચ્છ જિલ્લા કિશાન મોરચા મહામંત્રી વિરમભાઈ આહીર, સરૂપાભા અગ્રાજી સોઢા, ઝાલુભા સોઢા, કુરશન ઉપસરપંચ બીજલભાઈ ભસર, બળવંતસિંહ બુધાજી, અનિતાબા કિરીટસિંહ સોઢા, સોઢા માણસંગજી પ્રાગજી, સરૂપાંજી સોઢા, સોઢા ભરતસિંહ વાઘજી, સરૂતાજી અગાજી સોઢા, જાલુભા માણસંગજી સોઢા, સોગા કચરા,



હીરાલાલ રાજગોર, લક્ષ્મણભાઈ મેરિયા, પ્રકાશભાઈ મહેશ્વરી, મોહનભાઈ ચાવડા, ચેતનભાઈ ઠક્કર, નશેશભાઈ મહેશ્વરી, શક્તિસિંહ ઝાલા, દીપકભાઈ ડાંગર, અરવિંદભાઈ લેઉઆ, જેમલભાઈ રબારી, રામગર મહાદેવગર ગુંસાઈ, પ્રવીણભાઈ ઠક્કર, પંકજભાઈ ઠક્કર, નારણભાઈ ઠક્કર, સુરેશભાઈ મારવાડા, જેસંગભાઈ કોલી, પ્રવીણગર ગોસ્વામી, બીજલભાઈ મારવાડા તથા કુરનના ગ્રામજનો જોડાયા હતા.

## સનાતન સંસ્કૃતિને ટકાવી રાખવા માતૃશક્તિની મુખ્ય ભૂમિકા






### ભુજની આરટીઓ વસ્તી મધ્યે હિંદુ સમેલનનું ભવ્ય આયોજન કરાયું

ભુજ - કચ્છઉદય : આરટીઓ વસ્તીના હિંદુ સમેલનનું રાજગોર સમાજવાડી ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમગ્ર આરટીઓ વિસ્તારની ન્યુ લોટસ, આરટીઓ રીલોકેશન, યોગેશ્વર ધામ, વૃંદાવન પાર્ક, મહાપ્રજ્ઞ નગર, સર્જન સ્ક્વેર, હિલવ્યુ, હિરાણી નગર, કલાપૂર્ણ નગર, કૃષ્ણ પાર્ક, શિવમ પાર્ક, મહાવીર નગર, બિપીનભટ્ટ નગર, આઈયા સ્પેસ, રાજા રેસીડન્સી, શિવમ પાર્ક, ઓમ ગણાત્રા નગર, એનઆરઆઈ નગર, સોનાલી પાર્ક, સોમૈયા નગર વગેરે સોસાયટીઓમાંથી ૩૦૦૦ - ૩૫૦૦ જેટલી બહોળી સંખ્યામાં હિંદુ ભાઈઓ તથા બહેનો સહભાગી થયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં હિંદુ સંમેલન સમિતિના પ્રમુખ રમેશભાઈ સોરઠીયાઈએ સૌને આવકાર આપ્યો હતો. પ્રાસંગિક ઉદ્દબોધનમાં કચ્છ યુનિવર્સીટીના અંગ્રેજી વિભાગના ડીન ડો. કાશ્મીરાબેન મહેતાએ પંચ પરિવર્તન માટે બહેનોની ભૂમિકા વિશે વાત કરી હતી અને સનાતન હિંદુ ધર્મમાં માતૃશક્તિની તાકાત વિષે વાત કરતા જણાવ્યું હતું કે, સનાતન સંસ્કૃતિને ટકાવી રાખવામાં માતૃશક્તિની મુખ્ય ભૂમિકા છે. આર્ષ અધ્યન કેન્દ્રના પૂજ્ય સ્વામી પ્રતીપ્તાનંદજીએ આશીર્વચનમાં કહ્યું કે, અહીં ઉપસ્થિત લોકોની સંખ્યા જોઈને હર્ષની લાગણી થાય છે અને હિંદુ જાગરણની પ્રક્રિયાનો પ્રારંભ થઈ ગયો છે એવું સાબિત થાય છે. સ્વામીજીએ ખાસ ઉલ્લેખ કર્યો કે હિંદુ સમાજનું જાગરણ પ્રાસંગિક ન બની રહેતા કાયમી થવું જોઈએ એ આપણા સૌની જવાબદારી છે. સ્વામીજીએ હિંદુઓ ૩ સંતાન ઉત્પન કરે એ વાતને સ્વામીજીએ દોહરાવતા કહ્યું હતું કે, આપણી સંસ્કૃતિને ટકાવી રાખવી હશે તો ૩માંથી ૧ સંતાન રાષ્ટ્ર માટે કાર્ય કરે એ અનિવાર્ય છે. પ્રાસંગિક ઉદબોધન ડો. કિશનભાઈ આર્ય, દિવ્યાબેન અને ધ્રુવભાઈ પ્રજાપતીએ કર્યું હતું. નાની ઢીંગલી તપસ્યા પટેલે મધુર વાણીમાં હિંદુ એકતા વિષે વાત કરી હતી.

કાર્યક્રમના મુખ્ય વક્તા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત સેવા પ્રમુખ નારણભાઈ વેલાણીએ જણાવ્યું હતું કે, સંઘના શતાબ્દી વર્ષ નિમિત્તે સમગ્ર ભારતભરમાં આજ પ્રકારે ૮૦૦૦૦થી વધુ હિંદુ સંમેલન થવાના છે અને વર્તમાન પરિસ્થિતિમાં સમાજે સામાજિક સમરસતા, પર્યાવરણ, નાગરિક કર્તવ્ય, સ્વદેશી અને કુટુંબ પ્રબોધન જેવા વિષયો પર આચરણ કરીને ઉદાહરણ પૂરું પાડવું જોઈએ. કાર્યક્રમ દરમિયાન નિપુણભાઈ માંકડ તથા તેમની સમગ્ર ટીમે લવ જેહાદના વિષય પર હૃદય સ્પર્શી નાટીકા રજુ કરીને સૌને ભાવુક કરી દીધા હતા. સંમેલન પહેલા સવારે સમગ્ર આરટીઓ વસ્તીમાં વિસ્તારના ૫૦૦થી વધારે ભાઈઓ બહેનો દ્વારા યોજાયેલ બાઈક રેલીએ પણ આકર્ષણ જમાવ્યું હતું કાર્યક્રમના સ્થાન માટે રાજગોર સમાજ તથા પ્રમુખ વિજયભાઈ ગોર સહયોગી થયા હતા. કાર્યક્રમના આર્થિક સહયોગી દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા હિંદુ સંમેલન સમિતિના પ્રમુખ રમેશભાઈ સોરઠીયાની આગેવાની હેઠળ દરેક સોસાયટીના ભાઈઓ તથા બહેનોએ જહેમત ઉઠાવી હતી. સંચાલન ડો. કાનીશ્કભાઈ શાહ તથા આભારવિધિ વિરેનભાઈ ગોરે કરી હતી.

## માધાપરમાં દ્વિતીય પ્રજ્ઞાચક્ષુ લગ્નોત્સવમાં નિરવ ડાકે અને જિજ્ઞાસા ગોહેલ પવિત્ર વૈદિક વિધિથી લગ્નબંધનમાં બંધાયા






ભુજ - કચ્છઉદય : માધાપર ખાતે યોજાયેલા દ્વિતીય પ્રજ્ઞાચક્ષુ લગ્નોત્સવમાં નિરવ ડાકે અને જિજ્ઞાસા ગોહેલ પવિત્ર વૈદિક વિધિથી લગ્નબંધનમાં બંધાયા હતા. માધાપર ખાતે દિવ્યાંગ મહિલા વિકાસ મંડળ સંચાલક નવચેતન અંધજન મંડળ દ્વારા દ્વિતીય પ્રજ્ઞાચક્ષુ લગ્ન સમારંભ ભવ્ય રીતે યોજાયો હતો. આ પવિત્ર પ્રસંગે પ્રજ્ઞાચક્ષુ યુગલ નિરવ ડાકે અને જિજ્ઞાસા ગોહેલ હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ મુજબ બંને પરિવારજનો અને સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓની ઉપસ્થિતિમાં લગ્નગ્રંથિથી જોડાયા અને પોતાના દાંપત્ય જીવનની શુભ શરૂઆત કરી હતી. સમારંભમાં દિવ્યાંગ મહિલા વિકાસ મંડળના પ્રમુખ ઝરણાબેન વ્યાસ, મંત્રી તથા કોર્ડિનેટર રીમાબેન ભાટિયા, કારોબારી સભ્યો તેમજ નવચેતન અંધજન મંડળના ઉપપ્રમુખ હિરાલાલ આર. ચાવલા, જનરલ સેક્રેટરી લાલજીભાઈ પ્રજાપતિ, મંત્રી હિમાંશુભાઈ સોમપુરા, ખજાનચી ઝીણાભાઈ દબાસીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. દાતા રામજી કાનજી હિરાણી ચેરીટેબલ ટ્રસ્ટના જાદવજીભાઈ વરસાણી, સમતા સેવા ગ્રુપ તથા પરિવારજનોએ હાજરી આપી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા હતા. લગ્ન સમારંભનો કરિયાવર સહિતનો સંપૂર્ણ ખર્ચ રામજી કાનજી હિરાણી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપાડવામાં આવ્યો હતો. નિરવ ડાકે છેલ્લા ત્રણ વર્ષથી દિવ્યાંગ વિદ્યાવિહાર ખાતે સ્પોર્ટ્સ ટીચર તરીકે સેવાઓ આપી રહ્યા છે, જ્યારે જિજ્ઞાસા ગોહિલ રીહેબીલીટેશન સાઈકોલોજિસ્ટ તથા શિક્ષિકા તરીકે દિવ્યાંગ કન્યાકુંજ ખાતે કાર્યરત છે. આ પ્રસંગે સમાજ સુરક્ષા અધિકારી દશરથભાઈ દેસાઈ, મોડેલ સ્કુલના આચાર્ય વિજયભાઈ કાલરીયા, ઉમિયા ફાઉન્ડેશનમાં હિરલબેન, ઈન્નર વ્હીલ કલબ ભુજ વોલસિટીના પ્રમુખ ઉર્વીબેન સોની, કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ પ્રમુખ જયંતિભાઈ, હરિ શાંતિનિકેતન વૃધ્ધાશ્રમના વડીલો પણ ઉપસ્થિત રહી નવદંપતીને શુભકામનાઓ પાઠવી હતી. પ્રસંગને સફળ બનાવવા દિવ્યાંગ મહિલા વિકાસ મંડળના કારોબારીના સહમંત્રી સુમિત્રાબેન ગઢવી, ખજાનચી દક્ષાબેન ભુડિયા, કારોબારી સભ્ય રમીલાબેન પ્રજાપતિ, પ્રતિભાબેન સોમપુરા, ભારતીબેન ચાવડા, નેહાબેન દબાસીયા, નીલમબેન છુછીયા તેમજ મંડળના તમામ સભ્યો તથા નવચેતન અંધજન મંડળના તમામ સ્ટાફ મિત્રોએ જહેમત ઉઠાવી હતી.

## પત્રકાર રામ કરસનદાસ ઠક્કર અને સેવાભાવિ અગ્રણી સુરેશભાઈ માહેશ્વરીના જન્મદિવસે શુભેચ્છાઓની વર્ષા





ભુજ : કચ્છઉદય : ગઈકાલે કચ્છના વરિષ્ઠ પત્રકાર શ્રીરામ કરસનદાસ ઠક્કર અને સેવાભાવી સંસ્થા ''માનવ જ્યોત''ના અગ્રણી તેમજ વિશ્વ હિન્દુ પરિષદના ઘણા જુના અગ્રણી અને સર્વ સેવા સંઘના પાયાના પથ્થર સુરેશભાઈ માહેશ્વરીનો જન્મદિવસ હતો. આ પ્રસંગે આ બંને મહાનુભાવોને ''કચ્છઉદય'' પરિવાર દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. મૂળ નખત્રાણાના એવા રામભાઈ ઠક્કરે રાજકોટમાં તરૂણ સૌરાષ્ટ્રમાં માજી મુખ્યમંત્રી બાબુભાઈ પટેલના સાનિધ્યમાં ''તરુણ સૌરાષ્ટ્ર''માં પત્રકારત્વનું કાર્ય કરી અને પછી કચ્છમાંથી સ્વતંત્ર અખબાર આજથી ૫૦ વર્ષ પહેલાં પ્રગટ કરવાનું શરૂ કર્યું હતું. સુરેશભાઈ માહેશ્વરી નાની ઉંમરથી જ સેવામાં જોડાયેલા છે અને મોરબીના મચ્છુ ડેમ હોનારત વખતે તેમણે આખું ભુજ ફરી અને રાહત સામગ્રી એકઠી કરી હતી. જુના જમાનામાં સનાતન ધર્મના પ્રચાર માટે અવાજ ઉઠાવવામાં આવતાં તેમના પર લાઠીઓ વીંઝવામાં આવી હતી. આમ છતાં પણ તેઓ આ માર્ગે ટકી રહ્યા હતા. સર્વ સેવા સંઘમાં પણ તેઓ શરૂઆતથી તારાચંદભાઈ છેડા સાથે સેવા કરતા હતા. આ બંને મહાનુભાવોને જન્મદિવસે અનેક શુભેચ્છાઓની વર્ષા થઈ હતી.

# નીલપરમાં ત્રિદિવસીય યુવા શિબિર યોજાઇ





રાપર - કચ્છ ઉદય : તાલુકાના નીલપર ગામે સોનટેકરી પરિસર ખાતે ગ્રામ સ્વરાજ સંઘ સંચાલિત ચિરંતન ગાંધી વિદ્યા કેન્દ્ર દ્વારા ત્રિદિવસીય યુવા શિબિર યોજાઇ હતી. જેમાં અલગ અલગ જિલ્લાઓમાંથી ૮૦ જેટલા યુવક યુવતીઓ ઉત્સાહ પૂર્વક જોડાયા હતા. સમાજ અને આપણે શીર્ષક હેઠળ આયોજિત શિબિરમાં અનેક સમાજકર્મીઓ અને વક્તાઓએ પોતાના કાર્યાનુભવોની ચર્ચા કરી હતી. પ્રથમ દિવસે સવારે દીપપ્રાગટ્ય, પ્રાર્થના અને ગીત પછી ઉદઘાટન બેઠક શરૂ થઈ હતી. ડૉ. રમજાન હસણિયાએ સૌને આવકાર્યા હતા. કોકીલાબેન વ્યાસે મધુર ગીત ગાયું હતું. વરિષ્ઠ ગાંધીજન અને "અકાલ પુરૂષ" સામાયિકના તંત્રી રમેશભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, યુવાનોની ચેતનાને સમાજકાર્યમાં લગાવવીએ શિબિરનો હેતુ છે. પ્રથમ બેઠકમાં સ્વાતિબેન દેસાઈ અને લખનભાઈ મુસાફિરે દક્ષિણ ગુજરાતના આદિવાસી ક્ષેત્રમાં કરેલ કાર્યની વિગતો આપી હતી. "એકવીસમી સદીમાં સમાજકાર્ય" વિષય અંતર્ગત યુવાનોએ પ્રવર્તમાન સમયની સમસ્યાઓની યાદી તૈયાર કરી હતી. સાત ગ્રુપમાં મળીને યુવાનોએ સમસ્યાઓના ઉકેલની ચર્ચા કરી હતી. લખનભાઈએ જેલ અનુભવો વર્ણવ્યા હતા. સંચાલન મોહન માતાએ કર્યું હતું. "સમાજકાર્યના પડકારો અને મૂંઝવણો" વિષય પર ગુજરાતી ભાષાના જાણીતા વાર્તાકાર હિમાંશી શેલતે સમાજકર્મએ સેવા નથી પણ આપણી નૈતિક જવાબદારી છે તે સમજાવ્યું હતું. સંચાલન મેઘનાબા જાડેજાએ કર્યું હતું. "હમારે સમાજકાર્ય કે ફલિતાર્થ" વિષય પર પ્રકાશ આમ્ટે અને મંદા આમ્ટેએ આદિવાસી ક્ષેત્રમાં હેમલકસા ગામમાં કરેલ સેવાકીય પ્રવૃત્તિઓની વિગતો આપી હતી. કુષ્ઠ રોગીઓની સારવાર કરનાર બાબા આમ્ટે અને તેમના નાના પુત્ર પ્રકાશ આમટેને આંતરરાષ્ટ્રીય મેગસેસે સન્માન પ્રાપ્ત થયું છે.જહોન અબ્બાસે સાંજે સહુને સંસ્થા દર્શન કરાવ્યું હતું, જેમાં સંસ્થામાં કાર્યરત વિવિધ વિભાગોની જાણકારી આપી હતી. રાત્રિ ભોજન બાદ પ્રકાશ આમ્ટેના કાર્યસંબંધી ફિલ્મનું નિદર્શન થયું હતું. જહોન અબ્બાસે આમ્ટેદંપતિ સાથે પ્રશ્નોત્તરી કરી હતી.

બીજા દિવસની સવારે પ્રભાતફેરી દ્વારા શિબિરાર્થીઓએ પરિસરને ચેતનવંતું બનાવ્યું હતું. રમેશભાઈ બારોટે ગાંધીગીતો અને કૂચગીતો થકી યુવાનોને ડોલાવ્યા હતા. પ્રથમ બેઠકમાં કાર્યકર, સેવક અને જીવનસાધક વિષય પર રમેશભાઈ સંઘવીએ વક્તવ્ય રજૂ કર્યું હતું. "સમાજકર્મ અને અધ્યાત્મ" વિષય પર હિમાંશી શેલતે વિમલા ઠકારનું અધ્યાત્મદર્શન રજૂ કર્યું હતું. "નિત્ય નિરંતર સમાજકાર્ય" વિષય પર પદ્મશ્રી પ્રકાશ આમ્ટેએ સમાજકાર્યના અનુભવો વહેંચ્યા હતા. યુવાનોએ પ્રશ્નો પૂછ્યા હતા. ભોજન બાદ રમેશભાઈ બારોટે શિબિરાર્થીઓને શિબિરગીતો શીખવ્યા હતા. સરદાર વલ્લભભાઈ પટેલ વિશે શરીફા વીજળીવાળાએ ધારદાર વક્તવ્ય રજૂ કર્યું હતું. રામ કાગે સંચાલન કર્યું હતું. "સમાજકાર્યના અનુભવો" વિષય અંતર્ગત કોકિલાબેન વ્યાસે દક્ષિણ ગુજરાતમાં કરેલ કાર્યના અનુભવો વહેંચ્યાં હતાં. ગ્રામ સ્વરાજ સંઘના મંત્રી દિનેશભાઈ સંઘવીએ કચ્છના વાગડ પંથકમાં થયેલ સેવાકાર્યોનો ચિતાર આપ્યો હતો. જે.બી. કૃપલાણીજી વિશે શરીફા વીજળીવાળાએ વક્તવ્ય રજૂ કર્યું હતું. જેમાં કૃપલાણીજીની બુદ્ધિપ્રતિભા અને તેમણે કરેલ ગાંધી જીવન - કાર્યનું વ્યવહારિક મૂલ્યાંકન આત્મકથાના આધારે સમજાવ્યું હતું. રાત્રિભોજન બાદ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં "મારી માતૃભાષામાં મારી સહી" અંતર્ગત સફેદ કેનવાસ પર દરેકે સહી કરી હતી અને ગુજરાતી ભાષાના ઉત્તમ ગીતો, કાવ્યો, ભજનો રજૂ કર્યાં હતાં. અંતિમ દિવસે વહેલી સવારે પ્રભાતફેરી સાથે ચાલીને નજીકની ટેકરી પર શિબિરાર્થીઓને વર્તુળાકારે બેસાડીને સમાજ અને આપણો સંબંધ આપ-લેનો છે તેમ રમજાન હસણિયાએ રમત દ્વારા સમજાવ્યું હતું. બેઠકમાં સોનલબેન પરીખે "સેવાને પંથે" વિષય અંતર્ગત કસ્તુરબા ગાંધી, સુધા મૂર્તિ, ડૉ. અભય બંગ, સિંધુતાઈ સતપાલ, મિત્તલ પટેલ, દિપેશ - શાંતિની સેવાની બિરદાવી હતી. કોકીલાબહેને સેવા માટે સમર્પિત બે બહેનોની વાત કરી હતી. શરીફા વીજળીવાળાએ "સમાજ અને સાહિત્યનો પરસ્પર સંબંધ" વિવિધ સંદર્ભો સાથે ટાંક્યો હતો, જેમાં કવિતા, વાર્તા, નવલકથાના ઉદાહરણો આપ્યા હતા. સમાપન બેઠકમાં સૌએ પ્રતિભાવો વહેંચ્યા હતા. જેમાં શિબિરાર્થીઓ અને વક્તાઓ ભાવવિભોર બન્યા હતા. શિબિર સંચાલક તરીકે જહોન અબ્બાસ અને રામ કાગે મહત્વની જવાબદારી નિભાવી હતી. પોતે જ્યાં છીએ ત્યાંથી પ્રત્યક્ષ સમાજકાર્યની શરૂઆત કરવાનો સંકલ્પ લઈને સહુ છુટા પડ્યા હતા. સદગ્રંથોનું વાંચન અને ખાદીના રંગે રંગાઈને યુવાનોએ શિબિરને સાર્થક કરી હતી.

# મુક્તજીવન સ્વામીબાપા મહિલા કોલેજમાં વિશ્વ માતૃભાષા દિવસની અર્થપૂર્ણ ઉજવણી

**ગુજરાત સાહિત્ય અકાદમી અને 'કચ્છીયત'ના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા સપ્તાહ અંતર્ગત આયોજન**

ભુજ - કચ્છઉદય : ભાષા માત્ર અભિવ્યક્તિનું સાધન નથી, પરંતુ સમાજની સંસ્કૃતિ, ઈતિહાસ અને ઓળખનો આધારસ્તંભ છે આ સંદેશ સાથે મુક્તજીવન સ્વામીબાપા મહિલા કોલેજ, ભુજ ખાતે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને 'કચ્છીયત'ના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા સપ્તાહ અંતર્ગત યોજાયેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓમાં ભાષા પ્રત્યે ગૌરવ અને જતનની ભાવના વિકસે તેવો ઉદ્દેશ રાખવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન ડૉ. નવલકિશોર શર્મા અને નીલાબેન વર્માએ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી પાછળનો ઈતિહાસ અને તેનું વૈશ્વિક મહત્વ સમજાવ્યું હતું. યુનેસ્કો દ્વારા ૨૧ ફેબ્રુઆરીને વિશ્વ માતૃભાષા દિવસ તરીકે જાહેર કરાયા બાદ વિશ્વભરમાં ભાષાઇ વૈવિધ્યના સંરક્ષણ માટે વિવિધ ઉપક્રમો હાથ ધરાય છે, તે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વક્તાઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે માતૃભાષા આપણા વિચારોનું મૂળ છે અને શિક્ષણમાં માતૃભાષાનો ઉપયોગ બુદ્ધિ વિકાસ માટે અત્યંત આવશ્યક છે. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ. ભાગ્યેશ જહાની પ્રેરણાથી આયોજિત આ કાર્યક્રમમાં મેનેજિંગ ટ્રસ્ટી કીર્તિભાઈ વરસાણીએ વિદ્યાર્થિનીઓને શુભેચ્છા પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે વૈશ્વિકરણના યુગમાં અંગ્રેજી અને અન્ય ભાષાઓનું મહત્વ હોવા છતાં માતૃભાષાનો ત્યાગ ન કરવો જોઈએ, કારણ કે તે આપણું મૂળ અને ઓળખ છે.

કચ્છીયત ફાઉન્ડેશનના ટ્રસ્ટી રમેશભાઈ પિંડોરિયા ઉપસ્થિત રહી કચ્છી અને ગુજરાતી ભાષાના સંવર્ધન માટે સમાજની જવાબદારી અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. કોલેજના આચાર્ય ડૉ. હિનાબેન ગંગરે પ્રાસંગિક અભિવાદન કરતા જણાવ્યું હતું કે શૈક્ષણિક સંસ્થાઓ ભાષા સંરક્ષણ માટે મહત્વપૂર્ણ મંચ બની શકે છે અને વિદ્યાર્થીઓમાં ભાષાપ્રેમ જગાડવાનો પ્રયત્ન સતત થતો રહે તે જરૂરી છે. કાર્યક્રમનું સંચાલન ડૉ. રુચિ ગોરે સુવ્યવસ્થિત રીતે કર્યું હતું. સહયોગી તરીકે જયેન્દ્રસિંહ જાદવ અને અજયસિંહભાઈ હાજર રહ્યા હતા. સમગ્ર આયોજનને સફળ બનાવવા કોલેજના વાઇસ પ્રિન્સિપાલ વિધિબેન ગોરે સંકલનાત્મક ભૂમિકા ભજવી હતી.

# ફન ફેસ્ટે ભુજના તેરાપંથ સમાજમાં નવી ઉર્જા અને એકતાની લાગણી જગાવી

**રમતો, સંસ્કાર અને સંગઠનનો અનોખો સંગમ : સમગ્ર સંઘમાં એકતા અને ઉત્સાહનો માહોલ**

ભુજ - કચ્છઉદય : ભુજ ખાતે તેરાપંથ યુવક પરિષદ દ્વારા સમગ્ર તેરાપંથ સંઘને એક મંચ પર લાવવાના હેતુથી ૯થી ૯૯ વર્ષની વયના સૌ માટે અનોખા ફન ફેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના દરેક વયગટના લોકો માટે રચાયેલ આ કાર્યક્રમ માત્ર મનોરંજન પૂરતો સીમિત રહ્યો નહોતો, પરંતુ સામાજિક એકતા, સંવાદિતા અને પારસ્પરિક સંબંધોને વધુ મજબૂત બનાવતો ઉત્સવ સાબિત થયો હતો.

આ ફન ફેસ્ટમાં બાળગણથી લઈને વડીલો સુધી સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિવિધ રમતો, ટીમ એક્ટિવિટીઝ, મનોરંજક સ્પર્ધાઓ અને સામૂહિક કાર્યક્રમો દ્વારા સૌએ આનંદ અને એકતાનો અનુભવ કર્યો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ 'સેવા, સંસ્કાર અને સંગઠન'ના ત્રિવેણી સંગમને જીવન્ત બનાવવાનો હતો, જેને અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદની વિચારધારાને અનુરૂપ ભુજ યુવક પરિષદે કાર્યરૂપ આપ્યું હતું.

આ આયોજનની સફળતા પાછળ અધ્યક્ષ જિજ્ઞેશ દોશી, મંત્રી આદર્શ સંઘવી તથા તેમની સમગ્ર ટીમની સુવ્યવસ્થિત મહેનત નોંધપાત્ર રહી હતી. આયોજનની શરૂઆતથી લઈને કાર્યક્રમના અમલ સુધી દરેક તબક્કે ટીમવર્ક, સંકલન અને સમર્પણ સ્પષ્ટપણે નજરે પડ્યું હતું. સુચારૂ આયોજન અને સભ્યોની સક્રિય ભાગીદારીથી કાર્યક્રમમાં ઉમંગ અને ઉત્સાહ છવાયો હતો.

કાર્યક્રમમાં તેરાપંથ સંઘના અધ્યક્ષ વાડીલાલ મહેતા, મહિલા મંડળની અધ્યક્ષા જાગૃતિબેન બાબરિયા, અણુવ્રત સમિતિ-ભુજના અધ્યક્ષ તથા રાષ્ટ્રીય કાર્યકારિણી સદસ્ય મહેશ પ્રભુલાલ મહેતા, તેમજ બેટી તેરાપંથ કી અને તેરાપંથ પ્રોફેશનલ ફોરમના સંદીપભાઈ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઈન્સેટમાં અણુવ્રત સમિતિના મહેશ મહેતાએ શુભેચ્છા પાઠવી હતી.

અણુવ્રત સમિતિ-ભુજના અધ્યક્ષ મહેશ પ્રભુલાલ મહેતાએ જણાવ્યું હતું કે આવા સર્વસમાવેશક અને સર્જનાત્મક કાર્યક્રમો સમાજમાં સકારાત્મકતા, એકતા અને સંસ્કારની ભાવનાને વધુ મજબૂત બનાવે છે. તેમણે ઉમેર્યું હતું કે ફન ફેસ્ટ માત્ર એક કાર્યક્રમ નહીં, પરંતુ સમગ્ર સમાજને એક સૂત્રમાં બાંધતો પ્રેરણાદાયી મોડેલ બની રહ્યો છે.

# આયુર્વેદ અને આધુનિક વિજ્ઞાનનો સમન્વય સમયની માંગ

**કચ્છ યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય સેમિનાર : ભારતીય આયુર્વેદ વિશ્વભરને મદદરૂપ બની શકે : નિષ્ણાતોનો મત**

ભુજ - કચ્છઉદય : નોલેજ કોન્સોર્શિયમ ઓફ ગુજરાત દ્વારા પ્રાયોજિત અને ઉચ્ચ શિક્ષણમાં સંશોધન તથા આધુનિક સુવિધાઓને પ્રોત્સાહન આપવા હેતુસર કચ્છ યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર ભવન દ્વારા એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારનો મુખ્ય વિષય "ભારતીય આયુર્વેદ વિશ્વભરને મદદરૂપ" રહ્યો હતો, જેમાં આયુર્વેદ અને આધુનિક વિજ્ઞાનના સમન્વય પર વિશદ ચર્ચા થઈ હતી.

કાર્યક્રમના આરંભે કુલસચિવ ડૉ. અનિલ ગોરે આયુર્વેદ અને આધુનિક વૈજ્ઞાનિક અભિગમને એકસાથે લઈ આગળ વધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ભારત પાસે પ્રાચીન જ્ઞાનનો અમૂલ્ય ખજાનો છે, જેને વૈજ્ઞાનિક પદ્ધતિથી અનુસરી તેનો સદુપયોગ કરવો જોઈએ. ગૌ વિશ્વવિદ્યાપીઠમ્, ગાંધીનગરના ડૉ. હિતેશ જાનીએ જણાવ્યું હતું કે ભારત પાસે એવું જ્ઞાન છે, જે વિશ્વના અન્ય દેશોને માર્ગદર્શન આપી શકે છે. આયુર્વેદ એક એવી વૈજ્ઞાનિક પરંપરા છે, જે આજના સમયમાં વધતા જીવનશૈલીજન્ય રોગો સામે અસરકારક સાબિત થઈ શકે છે. આધુનિક મેડિકલ સંશોધન મુજબ મૃત્યુના મુખ્ય કારણરૂપ રોગો સામે આયુર્વેદમાં રહેલા ઉપચાર અને પ્રિવેન્શન મોડેલ મદદરૂપ બની શકે છે.

આયુર્વેદ નિષ્ણાત પાંચાભાઈ દમણિયાએ આયુર્વેદ અને રસાયણશાસ્ત્ર વચ્ચેની નજીકની કડી સમજાવતા જણાવ્યું હતું કે ઔષધિની રચના, ગુણધર્મ અને અસર સમજવા માટે રસાયણશાસ્ત્રનું જ્ઞાન અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે ઉમેર્યું હતું કે દવાનો યોગ્ય વિધિથી અને મંત્રોચ્ચાર સાથે સેવન આરોગ્ય પર સકારાત્મક અસર કરે છે. સ્વસ્થ જીવન માટે આયુર્વેદને સમજી તેને જીવનશૈલીમાં ઉતારવાની જરૂરિયાત પર ભાર મૂકાયો હતો.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ફાર્માસ્યુટિકલ સાયન્સ ભવનના ડૉ. રિદ્ધિ શુક્લએ આયુર્વેદિક ઔષધોને પ્રમાણિત કરવાની વૈજ્ઞાનિક પદ્ધતિઓ અંગે માહિતી આપી હતી. જામનગર સ્થિત ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ (આઈટીઆરએ)ના ફાર્મેકોલોજી વિભાગના વડા ડૉ. મુકેશ નારિયાએ ઔષધોના વિવિધ લેબોરેટરી પરિક્ષણો અને ક્લિનિકલ ટ્રાયલ્સ દ્વારા તેની ગુણવત્તા અને અસરકારકતા કેવી રીતે નિર્ધારિત થાય છે તે અંગે વિસ્તૃત સમજણ આપી હતી.

સેમિનારના સંયોજક અને રસાયણશાસ્ત્ર ભવનના ડૉ. ગિરીન બક્ષીની રાહબરી હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વિજ્ઞાન વિભાગના ડીન ડૉ. જ્યોતિન્દ્ર ભટ્ટ, વિવિધ ભવનોના અધ્યાપકો, સંશોધન કરતા વિદ્યાર્થીઓ, સામાજિક અગ્રણી નવીન વ્યાસ તથા ભુજના આયુર્વેદ વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ભચાઉ મંગલેશ્વર મંદિરમાં ભાગવત સપ્તાહ



ભચાઉ - કચ્છઉદય : અહીંનાં મંગલેશ્વર મહાદેવનાં મંદિરના ૪૬મા પાટોત્સવ નિમિત્તે આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં ભક્તિનો માહોલ રચાય છે. શાસ્ત્રી અવિનાશભાઈ જોશી સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવી રહ્યા છે. કથાનો પ્રારંભમા હાટકેશ્વર મંદિરથી વાજતે-ગાજતે શોભાયાત્રા નીકળી હતી જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયાં હતાં. મુખ્ય યજમાન તરીકે રામભાઈ રજપૂત, સહયજમાન દીપકભાઈ દરજી, લાલજીભાઈ અને અલ્પેશભાઈ ગોકળભાઈ પ્રજાપતિ સાથે મહંત અરવિંદપૂરી નેણપુરી ગોસ્વામી, પૂજારી ભરતપુરી, હિતેશભાઈ કેલા, હરેશભાઈ જોશી, વિરેનભાઈ ઠક્કર વિગેરેએ સેવા આપી રહ્યા છે. આ પ્રસંગે મોગલધામના મહંત ચારણઋષિએ આશીર્વચન પાઠવ્યા હતાં. પાલુભાઈ ગઢવી, જશાભાઈ હરિભાઈ પૂજારા ઉપસ્થિત રહ્યા હતા. દાતાઓ દ્વારા ભોજનપ્રસાદનું પણ આયોજન થયું છે.

# ગુરુસ્મૃતિમાં રમ્યો ઉમંગ : બાડામાં ક્રિકેટ ટૂર્નામેન્ટથી સ્વ. વસંતભાઈ રાવલને અંજલિ

**પૂર્વ વિદ્યાર્થીઓનો અનોખો ઉપક્રમ, શિક્ષણના દીપને રમતમાં કરી યાદ**

માંડવી-કચ્છઉદય : તાલુકાના બાડા ગામે શિક્ષણક્ષેત્રે અવિસ્મરણીય યોગદાન આપનાર સ્વર્ગીય આચાર્ય વસંતભાઈ રાવલની સ્મૃતિમાં પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. બાડા ક્રિકેટ ક્લબના આયોજન હેઠળ યોજાયેલ આ સ્પર્ધામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને યુવાનો ઉત્સાહભેર જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમમાં ગુરુપ્રતિના આદર અને સંસ્કારની ભાવના સ્પષ્ટ રીતે ઝળહળી હતી.

મૂલ વિરાણી (તા. નખત્રાણા)ના વતની સ્વ. વસંતભાઈ રાવલે બાડાને પોતાની કર્મભૂમિ બનાવી વર્ષો સુધી શિક્ષણસેવામાં સમર્પિત જીવન વિતાવ્યું હતું. સંસ્કૃત ભાષાના પ્રખર વિદ્વાન અને શિસ્તપ્રિય આચાર્ય તરીકે તેઓ જાણીતા રહ્યા હતા. તેમના માર્ગદર્શન હેઠળ અનેક વિદ્યાર્થીઓએ જીવનમાં ઉન્નતિના શિખરો સર કર્યા હતા. ગામના શૈક્ષણિક અને સર્વાંગી વિકાસમાં તેમનું યોગદાન વિશેષ માનવામાં આવે છે.

ગુજરાત સરકાર દ્વારા તેમને 'શ્રેષ્ઠ શિક્ષક' અને 'શ્રેષ્ઠ આચાર્ય' જેવા પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૦૮માં માર્ગ અકસ્માતમાં તેમના નિધનથી શિક્ષણજગતમાં શોકની લાગણી પ્રસરી હતી, પરંતુ તેમના સંસ્કાર અને શિક્ષણની પરંપરા આજે પણ પૂર્વ વિદ્યાર્થીઓમાં જીવંત છે. આ સ્મૃતિ ટૂર્નામેન્ટમાં વિવિધ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ટીમોએ ભાગ લીધો હતો. ફાઈનલ મુકાબલામાં અક્ષય ક્લિનિક ઈલેવન વિજેતા બની હતી, જ્યારે હઠીલા ઈલેવન ઉપવિજેતા રહી હતી. મેન ઓફ ધ સીરિઝ તરીકે મયુર આહિર, બેસ્ટ બોલર તરીકે ભાવેશ ગઢવી અને બેસ્ટ બેટ્સમેન તરીકે જીલુભા રાઠોડને પુરસ્કાર અપાયા હતા. સમાપન સમારોહમાં સ્વ. વસંતભાઈ રાવલના પુત્ર તથા સારસ્વતમ સંચાલિત હરિયા હાઈસ્કૂલના આચાર્ય રસેશ રાવલ અને પૌત્ર ધાતુન રાવલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પૂર્વ વિદ્યાર્થીઓના આ ઉપક્રમને સાચી ગુરુદક્ષિણાની ઉપમા આપી ભાવુક પ્રતિભાવ વ્યક્ત કર્યો હતો. બાડા ગામે યોજાયેલી આ ક્રિકેટ ટૂર્નામેન્ટ માત્ર રમતિયાળ કાર્યક્રમ નહીં, પરંતુ ગુરુપ્રત્યેની કૃતજ્ઞતા અને સંસ્કારની જીવંત અભિવ્યક્તિ બની રહી — તેવી લાગણી સાથે કાર્યક્રમનું ગૌરવપૂર્ણ સમાપન થયું હતું.

# રંગોળીમાં ઝળહળી ઊઠ્યું શરીરવિજ્ઞાન

**૧૪૩ મેડિકલ વિદ્યાર્થીઓનું સર્જનાત્મક ચિત્રણ : વ્હેર એનાટોમી મીટ્સ આર્ટ' થીમ હેઠળ શરીરરચના અને ગર્ભનિર્માણનું કલાત્મક નિરૂપણ**

ભુજ - કચ્છઉદય : અભ્યાસને કલાના માધ્યમથી સમજાવવામાં આવે તો વિષય વધુ સરળ અને દીર્ઘકાળ સુધી સ્મૃતિમાં રહી જાય છે આ વિચારને સાકાર કરતી અનોખી સ્પર્ધાનું આયોજન ભુજ સ્થિત અદાણી મેડિકલ કોલેજના એનાટોમી વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કૃતિની લોકકલા 'રંગોળી'ને આધારે મેડિકલ વિજ્ઞાનના જટિલ વિષયોનું સર્જનાત્મક પ્રસ્તુતિકરણ કરાવતી આ સ્પર્ધામાં ભાવી તબીબોએ વિજ્ઞાન અને કલાનું અનોખું મિલન સર્જ્યું હતું.

કોલેજના ડિસેક્શન હોલમાં યોજાયેલી આ હરિફાઈમાં એનાટોમી વિભાગના હિસ્ટોલોજી (શરીરરચના વિજ્ઞાન) અને એમ્બ્રોયોલોજી (માનવ ગર્ભનિર્માણ અને વિકાસ) જેવા અગત્યના વિષયોને રંગોળી સ્વરૂપે રજૂ કરાયા હતા. માનવ શરીરના આંતરિક અંગો, કોષીય રચનાઓ અને ગર્ભ વિકાસની વિવિધ અવસ્થાઓને રંગોળીના માધ્યમથી જીવંત આકાર આપવામાં આવ્યા હતા.

એનાટોમી વિભાગના હેડ તથા આસિસ્ટન્ટ ડીન ડૉ. સચિન પાટિલના જણાવ્યા મુજબ 'વ્હેર એનાટોમી મીટ્સ આર્ટ' થીમ હેઠળ યોજાયેલી આ સ્પર્ધામાં કોલેજના વિવિધ ઘરાનાના કુલ ૧૪૩ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. વિદ્યાર્થીઓને દસ-દસના જૂથોમાં વિભાજિત કરીને શરીરરચનાના વિષયોનું કલાત્મક આલેખન કરાવવામાં આવ્યું હતું.

સ્પર્ધા દરમિયાન ડિસેક્શન હોલમાં સર્જનાત્મકતાનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. રંગોના સંયોજન સાથે માનવ શરીરની જટિલ રચનાને સરળ અને આકર્ષક રીતે રજૂ કરવાના વિદ્યાર્થીઓના પ્રયત્નોને શિક્ષકમંડળે વખાણ્યા હતા.

કોલેજના મેડિકલ ડાયરેક્ટર ડૉ. બાલાજી પિલ્લાઈ, ડીન ડૉ. એ. એન. ઘોષ તથા આસિસ્ટન્ટ ડીન ડૉ. અજીત ખીલનાનીએ વિદ્યાર્થીઓને બિરદાવતાં જણાવ્યું હતું કે આ પ્રકારની પ્રવૃત્તિઓ અભ્યાસને રસપ્રદ બનાવે છે અને વિષયને ગાઢ રીતે સમજવામાં સહાયક બને છે. સ્પર્ધાના નિરીક્ષક તરીકે ડૉ. પારસ પારેખ, ડૉ. શ્રેયસ મહેતા, ડૉ. હિરલ ગોલકિયા અને ડૉ. ધારા ગોસ્વામીએ કામગીરી સંભાળી હતી. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થતા વિદ્યાર્થીઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો.

# અદાણી ફાઉન્ડેશનના દ્વારા કોટડા (જ), આમારા ગામે મેડિકલ કેમ્પ યોજાયો



નખત્રાણા - કચ્છઉદય : કોટડા(જ) અને આમારા ગામે અદાણી ફાઉન્ડેશનના સયુંક્ત ઉપક્રમે મલ્ટી સ્પેશિયાલિસ્ટ મેડિકલ કેમ્પનું નિશુલ્ક આયોજન કરવામાં આવ્યુ હતું. આ કેમ્પની અંદર બાળરોગ નિષ્ણાત, સ્ત્રીરોગ નિષ્ણાત, આંખના નિષ્ણાત તથા જનરલ ડોક્ટરો દ્વારા દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. બંને ગામના અંદાજિત ૨૦૦ જેટલા દર્દીઓએ કેમ્પનો લાભ લઈ સારવાર કરાવી હતી. આ કેમ્પમા ગામના સામાજિક કાર્યકરો, આગેવાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કેમ્પ ખૂલ્લો મુકાયો હતો તેમજ અદાણી ફાઉન્ડેશનના કોન્ડીનેટર કિશન પટેલએ કેમ્પ દરમિયાન વ્યવસ્થાપન કરનાર તમામનો આભાર વ્યક્ત કરતા જણાવેલ હતું.

# માતૃછાયા ઈંગ્લિશ સ્કૂલ ખાતે રમતોત્સવ યોજાયો

**વિદ્યાર્થીઓ સાથે વાલીઓએ પણ લીધો ઉત્સાહભર્યો ભાગ : વિજેતાઓને ચંદ્રકથી સન્માન**

ભુજ - કચ્છઉદય : સર્વમંગલ આરોગ્યધામ પરિસરમાં જૈન મેડિકલ એન્ડ એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત માતૃછાયા ઈંગ્લિશ સ્કૂલ દ્વારા ભવ્ય રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં ખેલદિલીની ભાવના વિકસે, ટીમ સ્પિરિટ મજબૂત બને અને શારીરિક - માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ વધે તે હેતુસર આ કાર્યક્રમ યોજાયો હતો. રમતોત્સવ દરમિયાન વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. દોડ, કૂદકામ તેમજ મનોરંજક સ્પર્ધાઓ દ્વારા બાળકોના કૌશલ્ય, ચપળતા અને સંકલનશક્તિનો વિકાસ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. રમતોત્સવને રંગત આપવા માટે વિદ્યાર્થીઓ દ્વારા આકર્ષક સાંસ્કૃતિક કાર્યક્રમોની પણ રજૂઆત કરવામાં આવી હતી, જેને ઉપસ્થિત વાલીઓએ વધાવી લીધી હતી.

બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શારીરિક સક્ષમતા સાથે આત્મવિશ્વાસ અને સહકારભાવનું સંવર્ધન થાય તેવો અભિગમ રાખવામાં આવ્યો હતો. વિશેષ રૂપે વાલીઓ માટે 'રસ્સાખેંચ' જેવી રમૂજી સ્પર્ધા યોજાઈ હતી, જેમાં વાલીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

વિજેતા વિદ્યાર્થીઓને ચંદ્રક અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળાના ટ્રસ્ટી રજનીભાઈ પટવાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, "રમતમાં હાર કે જીત મહત્વની નથી, પરંતુ ઉત્સાહથી ભાગ લેવો અને ખેલદિલી જાળવવી એ સાચી સિદ્ધિ છે." તેમણે વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે રમતગમતમાં પણ સક્રિય રહેવા પ્રેરણા આપી હતી. કાર્યક્રમમાં શાળાના ડાયરેક્ટર પ્રેમલતાબેન નિહાલાની, માતૃછાયા ઢીંગલીઘરના આચાર્યા અનિલાબેન ગોર, પ્રાથમિક વિભાગના આચાર્યા પંકજબેન રામાણી, ઈંગ્લિશ મીડિયમ વિભાગના આચાર્યા નલિનકંચના, સર્વમંગલના હેડ આલાપ અંતાણી, ફિઝિયોથેરાપિસ્ટ ડો. પૂજાબેન શાહ તથા ડો. કનિષ્ક શાહ સહિત સ્ટાફ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભુજ શહેરના નામાંકિત ડો. સ્વ.રામભાઈ ગઢવીની સેવાના કાર્યને યાદ કરી અંજલિ અપાઈ

ભુજ - કચ્છઉદય : ભુજ શહેરની સામાજીક સંસ્થા રોયલ ફાઉન્ડેશન તરફથી ડો.સ્વ. રામભાઈ ગઢવીના આકસ્મિક નિધનથી દુઃખની લાગણી અનુભવી અને ભુજના સ્લમ વિસ્તારમાં સેવા (ખીદમત) કરતા અને ગરીબ માણસોને કાયમી માર્ગદર્શન આપી દુઃખ દુર કરતા આવા વ્યક્તિનું નિધન થતા એ વિસ્તારમાં માણસો દુઃખની લાગણી અનુભવી રહ્યા છે. સદ્ગત ડો.રામ ગઢવીના ચીર આત્માને શાંતિ મળે એવી દુઆ - પ્રાર્થના કરવામાં આવી હતી. સંસ્થા વતી અનવર જુમાભાઈ નોડે, હરિસિંહ જાડેજા, સીરાજ તુર્ક, તેજશભાઈ, ઝહીર તુર્ક, હમીદ નોડે, મહેન્દ્ર બાયડ, અકીલ નોડે, આઈ.ડી.તુર્ક, કીશન બાયડ વિગેરેએ અંજલી આપી હતી.

# લખપત તાલુકામાં નીતિ આયોગની ટીમે લીધી મુલાકાત

**આંગણવાડી કેન્દ્રોના કાર્યોની સમીક્ષા : દોલતપર અને ધારેશી કેન્દ્રો પર 'લોકલ ફોર લોકલ' અભિગમ સાથે યોજનાઓના અમલીકરણનું મૂલ્યાંકન**

દયાપર - કચ્છઉદય : લખપત તાલુકાના દોલતપર તેમજ ધારેશી ગામ સ્થિત આંગણવાડી કેન્દ્રોની નીતિ આયોગ તથા જિલ્લા કક્ષાના ઉચ્ચ અધિકારીઓની ટીમે મુલાકાત લઈ વિકાસના વિવિધ કાર્યોની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરી હતી. આ મુલાકાત દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ ગ્રામ્ય વિસ્તારોના અંતિમ વ્યક્તિ સુધી સુનિશ્ચિત થાય તે દિશામાં પ્રયાસો મજબૂત બનાવાયા હતા. આ પ્રસંગે નીતિ આયોગના ડેપ્યુટી સેક્રેટરી પૂજા શર્મા, જિલ્લા આયોજન અધિકારી જે.સી. રાવલ, તાલુકા વિકાસ અધિકારી વસંત ચંદે તથા તાલુકા આઈસીડીએસ સીડીપીઓ શિલ્પાબેન સંઘાર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ટીમ દ્વારા આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને આપવામાં આવતી પોષણ સેવાઓ, પ્રી-સ્કૂલ શિક્ષણ, આરોગ્ય ચકાસણી તથા ગર્ભવતી અને સ્તનપાન કરાવતી માતાઓ માટેની સુવિધાઓ અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી.

મુલાકાત દરમિયાન ઇન્ટિગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સર્વિસિસ યોજનાના અમલીકરણનું વિશેષ રિવ્યુ કરવામાં આવ્યું હતું. કેન્દ્રોમાં ઉપલબ્ધ સુવિધાઓ, નોંધપોથી, પોષણ આહાર વિતરણ, બાળકોની હાજરી અને આરોગ્ય સંબંધિત ડેટાનું નિરીક્ષણ કરીને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અધિકારીઓએ સ્થાનિક સ્ટાફ સાથે સીધી ચર્ચા કરી જમીનસ્તરે યોજનાઓ અમલમાં મૂકતી વખતે આવતી મુશ્કેલીઓ અને પડકારો અંગે માહિતી મેળવી હતી. ટીમે 'લોકલ ફોર લોકલ' અભિગમને પ્રોત્સાહન આપતા સ્થાનિક સ્તરે ઉપલબ્ધ સંસાધનોનો વધુ સદુપયોગ કરવા સૂચનાઓ આપી હતી. સાથે જ છેવાડાના લોકો સુધી સરકારી યોજનાઓનો સંપૂર્ણ લાભ પહોંચે અને લખપત બ્લોક વિકાસના નવા શિખરો સર કરે તે માટે તંત્ર અને સ્થાનિક સ્ટાફને સંકલિત પ્રયાસો કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઉનાળાની શરૂઆતે જ કેનાલમાં ડૂબી જવાથી મોતના બનાવો વધતા ફફડાટ

# અંજારમાં શનિદેવ મંદીર પાછળ કેનાલની સાયફનમાંથી યુવકનો મૃતદેહ મળ્યો

**ફાયર વિભાગની વ્યાપક જહેમત બાદ કોસ્ટગાર્ડના સ્કુબા ડાઈવર્સની મદદથી ભારે જહેમતે રેસ્ક્યુ ઓપરેશન પાર પડાયું**

ભુજ: કચ્છ જિલ્લામાં તહેવારોના દિવસો દરમિયાન નર્મદાની કેનાલોમાં ડૂબી જવાનો સિલસિલો યથાવત રહ્યો છે, ગાંધીધામ તાલુકાના શિણાય પાસે કેનાલમાં ડૂબી ગયેલા બાળકનો બીજા દિવસે મૃતદેહ મળ્યાના ગણતરીના કલાકોમાં જ અંજાર તાલુકાના શનિદેવ મંદિર પાછળ પસાર થતી કેનાલમાં લાપતા થયેલા અન્ય એક યુવકની લાશ ગુરુવારે બપોરે સાયફનમાંથી મળી આવતા અરેરાટી વ્યાપી ગઈ છે. આ યુવકની શોધખોળ માટે ભુજ, ગાંધીધામ સહિતના ફાયર ફાઈટર અને સ્થાનિક તરવૈયાઓની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. પ્રાથમિક તપાસમાં સફળતા ન મળતા કેનાલમાં આધુનિક રોબોટ ઉતારીને પણ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, પરંતુ પાણીના પ્રચંડ પ્રવાહમાં રોબોટ ફસાઈ જતાં તેને નુકસાન પહોંચ્યું હતું. અંતે પરિસ્થિતિની ગંભીરતા જોઈને કોસ્ટગાર્ડના સ્કુબા ડાઈવર્સની મદદ લેવામાં આવી હતી. આ નિષ્ણાત સ્કુબા ડાઈવર્સે જીવના જોખમે સાયફનની અંદર ૨૫ ફૂટ સુધી ઊંડે જઈને યુવકના મૃતદેહને બહાર કાઢવામાં સફળતા મેળવી હોવાનું ફાયર વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું

## કેનાલમા સાયફનની બંને બાજુ લોખંડની ગ્રીલ લગાવો, તો જ જાનહાનિના બનાવો અટકે

કચ્છના વાગડ, અંજાર અને ગાંધીધામ જેવા વિસ્તારોમાં જ્યાંથી નર્મદાની મુખ્ય કેનાલો પસાર થાય છે, ત્યાં અવારનવાર આવા કરુણ બનાવો બનતા રહે છે. ખાસ કરીને ઉનાળાની શરૂઆત થતાં જ ગરમીથી રાહત મેળવવા યુવાનો અને બાળકો કેનાલના પાણીમાં નાહવા પડતા હોય છે, જે જોખમી સાબિત થાય છે. કેનાલનું પાણી ઉપરથી અત્યંત શાંત અને ઓછું દેખાય છે, પરંતુ સપાટીની નીચે પાણીનું દબાણ બમણું હોય છે. કેનાલમાં રહેલી લીલ અને નીચેના પ્રચંડ પ્રવાહને કારણે વ્યક્તિ પાણીમાં ઉતરતાની સાથે જ તણાઈ જાય છે અને આગળ જતાં સાયફનમાં ફસાઈ જાય છે.

સાયફનની અંદર લોખંડના સળિયા હોવાથી ત્યાં ફસાયેલી વ્યક્તિને બહાર કાઢવી અત્યંત મુશ્કેલ બને છે. જો સરકાર દ્વારા આ સાયફનની બંને બાજુએ મજબૂત લોખંડની જાળીઓ લગાવવામાં આવે, તો ડૂબનાર વ્યક્તિ અંદર ફસાતી અટકી શકે અને રેસ્ક્યુ કામગીરી ઝડપી બની શકે તેમ હોવાનું જાણકારો જણાવી રહ્યા છે. તંત્ર દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે કેનાલના જોખમી પ્રવાહથી દૂર રહેવું અને પાણીમાં ઉતરવાનું સાહસ ન કરવું, જેથી આવી જાનહાનિ નિવારી શકાય.

# ભચાઉ પંથકમાં 3.4ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો

ભુજ : કચ્છના વાગડ પંથકમાં ફરી એકવાર ધરા ધ્રૂજી છે. આજે ભચાઉ નજીક ભૂકંપનો આંચકો અનુભવાયો હોવાના અહેવાલ મળી રહ્યા છે, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૪ નોંધવામાં આવી છે. ગાંધીનગર સ્થિત સિસ્મોલોજીકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના જણાવ્યા અનુસાર, આ ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉથી અંદાજે ૧૨ કિમી ઉત્તર-પશ્ચિમ દિશામાં (૨૩.૪૦૧ અક્ષાંશ અને ૭૦.૩૦૦ રેખાંશ પર) નોંધાયું છે.

આંચકાને કારણે કોઈ જાનમાલને નુકસાની થઈ નથી. ઉલ્લેખનીય છે કે કચ્છ અને ખાસ કરીને ભચાઉ-રાપર પંથક ભૂકંપના ફોલ્ટ લાઈન પર હોવાથી અવારનવાર અહીં નાના-મોટા આંચકા અનુભવાતા રહે છે, પરંતુ ૩.૪ ની તીવ્રતાનો આંચકો સ્પષ્ટપણે અનુભવાતા લોકોમાં ચિંતા જોવા મળી હતી.

# મહારાષ્ટ્રમાંથી રામદાસ આઠવલેની સતત ત્રીજી વખત રાજ્યસભા માટે પસંદગી

ભુજ-કચ્છઉદય : મહારાષ્ટ્રમાં રાજ્યસભાની સાત બેઠકો પૈકી ચાર ઉમેદવારોના નામોની ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રિય મહાસચિવ અરૂણસિંહ દ્વારા જાહેરાત કરાઈ છે તેમાં અપેક્ષા અને ધારણા મુજબ જ રિપ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (આઠવલે)ના રાષ્ટ્રિય અધ્યક્ષ અને ભારત સરકારમાં કેન્દ્રીય સોશિયલ જસ્ટિસ એન્ડ એમ્પાવર્મેન્ટ રાજ્ય મંત્રી રામદાસ આઠવલેની સતત ત્રીજી ટર્મ માટે પસંદગી કરવામાં આવી છે.

આ અંગે માહિતી આપતા આર.પી.આઈ. પાર્ટીના રાષ્ટ્રિય મહાસચિવ રાજેન્દ્ર ટાંકે જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીએ મહારાષ્ટ્ર રાજ્યના ચાર ઉમેદવારોની જાહેરાત કરી છે જેમાં અમારી રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયાના રાષ્ટ્રિય અધ્યક્ષ રામદાસ આઠવલેને લગાતાર ત્રીજી ટર્મ માટે ભાજપ દ્વારા



ઉમેદવાર બનાવતા પાર્ટી કાર્યકરો અને શુભેચ્છકોમાં ભારે ઉત્સાહ અને હર્ષની લાગણી ફેલાઈ છે.

વિધાનસભામાં પક્ષોની ચૂંટણી સંખ્યાના આધારે, ભાજપ ચાર સભ્યો અને શિવસેના અને એનસીપી એક-એક સભ્યને નોમિનેટ કરે તેવી શક્યતા જોવાની હતી તે પૈકી પ્રથમ ચારની યાદી બહાર પાડવામાં આવી છે તેમાં પ્રથમ ક્રમે જ રામદાસ આઠવલેનું નામ છે, જોકે એવું મનાતું હતું કે ભાજપની અંદર સામાન્ય લાગણી એવી છે કે તેમણે રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપના જ ઉમેદવારોને પ્રાધાન્ય આપવું જોઈએ પરંતુ શ્રી આઠવલેના કિસ્સામાં ભાજપના કેન્દ્રિય નેતૃત્વએ સરકારમાં સાથી એનડીએ ઘટકને પસંદગીમાં અગ્રતા આપી છે, મહાનગર મુંબઈની ચુંટણીમાં ભાજપ અને સાથી પક્ષોના વિજય માટે ખાસ કરીને મુંબઈ, પુના જેવા નગરોમાં પ્રમુખ ભૂમિકા ભજવી હતી અને વિપક્ષો ખાસ કરીને કોંગ્રેસની પરંપરાગત દલિત વોટ બેંકમાં મોટું ગાબડું પાડવામાં સફળતા મેળવી હતી. ઉલ્લેખનીય છે કે શ્રી આઠવલેના મહારાષ્ટ્ર અને દેશમાં દલિતો ઉપરાંત અન્ય જાતિના મોટી સંખ્યામાં અનુયાયીઓ અને પ્રશંસકો છે. ભારતીય જનતા પાર્ટી કેન્દ્રિય કાર્યાલય દ્વારા મહારાષ્ટ્રની જારી કરાયેલ પ્રથમ યાદીમાં રામદાસ આઠવલે, વિનોદ તાવડે, માયા ચિંતામણ ઈવનાતે અને રામરાવ વડકુતેનો સમાવેશ કરાયો છે.

# અમદાવાદ સહિત રાજ્યભરમાં શાળા-કોર્ટમાં બોમ્બના ધમકીભર્યા મેઇલ કરનાર ઝડપાયો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : નવા વર્ષની શરૂઆતમાં જ જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં અમદાવાદ સહિત ગુજરાતની સંખ્યાબંધ શાળાઓને અને કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ભર્યા મેઈલ કરનાર ઝડપાઈ ગયો છે. બે મહિનામાં ચાર વખત આવા ઈમેઈલ કરી તંત્રને દોડતું કરી દેનાર પશ્ચિમ બંગાળના સૌરવ બિશ્વાસને અમદાવાદ ક્રાઈમ બ્રાંચ અને સાયબર ક્રાઈમ બ્રાંચે ઝડપી લીધો છે. તેણે આવા હોક્સ બોમ્બ ઈમેઈલ કેમ કર્યા અને તેણે અગાઉ આવા કોઈ કાંડ કર્યા છે કે કેમ તેની તપાસ ચાલી રહી છે. ૨૩મી જાન્યુઆરીએ અમદાવાદની ૧૫થી વધુ શાળામાં બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવશે, બચવું હોય તો નીકળી જાઓ તેવા ઈમેઈલ આવ્યા હતા. આ મેઈલ આવતા જ શાળા સંચાલકોએ જિલ્લા શિક્ષણ અધિકારીને જાણ કરી શાળાઓમાંથી બાળકોને ઘરે રવાના કરી દીધા હતા. બીજી તરફ પોલીસને જાણ કરતા પોલીસે પણ શાળાઓમાં બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની મદદથી તપાસ કરી હતી.

કલાકોની તપાસ બાદ કંઈ વાંધાજનક ન મળતા બીજા દિવસથી શાળાઓ રાબેતા મુજબ ચાલુ થઈ ગઈ હતી. પાંચ દિવસ બાદ ૨૮મી જાન્યુઆરીએ અમદાવાદ-સુરત ગ્રામ્ય કોર્ટ અને અમદાવાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી, ફરીથી પોલીસ અને તંત્રએ કવાયત કરી. લાંબી તપાસ બાદ કંઈ જ મળ્યું નહીં. ફેબ્રુઆરી મહિનામાં પણ ૨જી અને ૧૬મીએ આવા ઈમેઈલ મળ્યા. આ ઘટના અંગે સાયબર ક્રાઈમે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી.

બીજી તરફ આ ઘટનાની ગંભીરતા જોતા કમિશનર જી.એસ. મલિક અને ક્રાઈમ બ્રાંચના જેસીપી શરદ સિંઘલે પૂરતી ટીમ ફાળવી તેની તપાસ શરૂ કરાવી હતી.

અજીત રાજીયાન અને લવિના સિંહાની ટીમે તપાસ કરતાં એવું શોધી કાઢ્યું હતું કે આ ઈમેઈલ કરનાર પશ્ચિમ બંગાળનો સૌરવ બિશ્વાસ છે. તરત જ તેને પશ્ચિમ બંગાળથી ક્રાઈમ બ્રાંચની ટીમે ઝડપી લીધો હતો અને તેને અમદાવાદ લાવવામાં આવ્યો હતો. અમદાવાદ લાવ્યા બાદ પોલીસે બિશ્વાસે આવું કેમ કર્યું તેની તપાસ આદરી છે. બિશ્વાસ તંત્રને ગેરમાર્ગે દોરીને કોઈ કાંડ કરવા માંગતો હતો કે પછી તેનો બીજો કોઈ ટાર્ગેટ હતો તેની તપાસ ચાલી રહી છે.

આરોપીને મેટ્રોકોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરાયો હતો. જ્યાં સરકારી વકીલ જયેશ યાદવે રિમાન્ડ અરજી અંગે રજૂઆત કરતા જણાવ્યું હતું કે, આરોપીના કમ્પ્યૂટર સિસ્ટમમાંથી મળેલા જી-મેઈલ આઈ.ડી. અને તેના પાસવર્ડ તેમજ રિકવરી મેઈલની તપાસ કરવી. ડિલિટ કરેલી ફાઈલો, ડ્રાફ્ટ અને સર્ચ હિસ્ટ્રી રિકવર કરવા માટે આરોપીની હાજરીમાં પૂછપરછ જરૂરી છે, ધમકીભર્યા ઈ-મેઈલ કયા આઈ. પી. એડ્રેસ અને નેટવર્ક પરથી મોકલાયા છે તેની પુષ્ટિ કરવાની છે, ઈ-મેઈલ મોકલવા માટે **VPN, TOR** અથવા પ્રોક્સી સર્વરનો ઉપયોગ થયો છે કે કેમ તેની તપાસ જરૂરી છે, આરોપીએ VPN કે ડોમેઈન ખરીદવા માટે કોઈ બેંકિંગ વ્યવહાર, UPI કે વોલેટ ટ્રાન્ઝેક્શન કર્યા છે કે કેમ? આ ગુનામાં અન્ય વ્યક્તિઓની સંડોવણી છે કે કેમ અને શાળાઓને બોમ્બ બ્લાસ્ટની ધમકી આપવા પાછળનો હેતુ કે કોઈ સંગઠિત યોજના છે કે કેમ? કોઈ સંગઠિત ગુનાઈત ગ્રૂપ, ઓનલાઈન ફોરમ અથવા આંતરરાજ્ય-આંતરરાષ્ટ્રીય નેટવર્ક આની પાછળ કાર્યરત છે? આરોપીના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ, ટેલિગ્રામ ગ્રૂપ અને ફોરમ દ્વારા અન્ય આરોપીઓ સાથેના સંપર્ક હતા? અન્ય રાજ્યોના સમાન ગુનાઓ સાથે સંકલન કરી આરોપીની સંડોવણીની પુષ્ટિ કરવાની છે.

# 'ગમે ત્યાં છુપાય, મારી નાખીશું': ઈઝરાયલના મંત્રીએ ઈરાનના નવા સુપ્રીમ લીડરની પણ હત્યા કરવાની ધમકી આપી

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર હવાઈ હુમલા કર્યા, જેમાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈનું મોત થયું. આ ઓપરેશનને 'લાયન્સ રોર' નામ અપાયું. ૮૬ વર્ષના ખામેનેઈની દફનવિધિ પણ હજુ થઈ નથી અને એમના પુરોગામી નેતાની પસંદગી પણ થવાની બાકી છે, ત્યાં તો ઈઝરાયલે આકરા શબ્દોમાં ધમકી આપતાં કહ્યું છે કે, 'ઈરાનના નવા નેતા કોઈપણ હોય અને ગમે ત્યાં છુપાય, અમે એને મારી નાખીશું.' સંરક્ષણ મંત્રીએ ઠ પર મૂકેલી પોસ્ટમાં લખાયેલી આ ધમકીથી યુદ્ધનો માહોલ ઑર ગરમાઈ ગયો છે.

૪ માર્ચ, ૨૦૨૬ના રોજ ઈઝરાયલના સંરક્ષણ મંત્રી 'ઈઝરાયલ કાત્ઝ'એ ઠ પર પોસ્ટ કરીને સ્પષ્ટ ધમકી આપતાં લખ્યું છે કે, 'ઈરાનના શાસન દ્વારા પસંદ કરાયેલ કોઈપણ નવો નેતા જો ઈઝરાયલનો નાશ કરવાની યોજના ચાલુ રાખશે, અમેરિકા અને વિશ્વને ધમકી આપશે અને ઈરાની લોકોને દબાવશે, તો અમે તેની હત્યા કરી દઈશું. તેનું નામ ગમે તે હોય, તે ગમે ત્યાં છુપાયેલો હોય, કોઈ ફરક પડતો નથી.'

ઈઝરાયલ કાત્ઝે એમ પણ કહ્યું છે કે, વડાપ્રધાન નેતેન્યાહૂ અને તેમણે **IDF**(ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ)ને ઓપરેશન 'લાયન્સ રોર'ના ઉદ્દેશ્યો પૂરા કરવા તમામ રીતે તૈયાર રહેવાની સૂચના આપી છે. એમની આ પોસ્ટથી વિશ્વભરમાં ખળભળાટ મચી ગયો છે.

આયતુલ્લા અલી ખામેનેઈના મૃત્યુ પછી ઈરાનમાં નવા સર્વોચ્ચ નેતાની પસંદગીની પ્રક્રિયા ઝડપી બની છે. નેતાની પસંદગી 'નિષ્ણાતોની સભા' (Assembly of Experts)કરે છે. અહેવાલો અનુસાર, ખામેનેઈના બીજા નંબરના પુત્ર ૫૬ વર્ષના મોજતબા ખામેનેઈને ઉત્તરાધિકારી તરીકે પસંદ કરવામાં આવ્યા છે. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ તેમને સમર્થન આપે છે. મોજતબા વર્ષોથી પડદા પાછળથી સત્તા સંભાળતા આવ્યા છે, પરંતુ તેઓ કોઈ જાહેર પદ પર નથી.

# શ્રમિકો અને કર્મચારીઓના પડતર પ્રશ્નો સત્વરે ઉકેલો

**ભારતીય મજદૂર સંઘ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી વિરોધ પ્રદર્શન કરાયું**




ભુજ - કચ્છઉદય : ભારતીય મજદૂર સંઘ કેન્દ્ર દ્વારા નક્કી કરવામાં આવેલા દેશવ્યાપી કાર્યક્રમના ભાગરૂપે કચ્છ જિલ્લા ભારતીય મજદૂર સંઘ દ્વારા જિલ્લા કલેક્ટરને વિવિધ માંગણીઓ સાથેનું આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. શ્રમિકો અને કર્મચારીઓના લાંબા સમયથી પડતર પ્રશ્નો તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારના બજેટમાં કામદારો તથા સ્કીમ વર્કરો માટે અપેક્ષિત જાહેરાતો ન થતા સંગઠન દ્વારા આ વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. કામદારોએ પોતાની વેદના અને માંગણીઓ સરકાર સુધી પહોંચાડવા માટે કલેક્ટર કચેરી ખાતે એકત્ર થઈ સૂત્રોચ્ચાર કર્યા હતા.

આ કાર્યક્રમમાં કચ્છ જિલ્લાના વિવિધ ઉદ્યોગો અને સેવા ક્ષેત્રોમાંથી અંદાજે ૨૫૦ થી ૩૦૦ જેટલા ભાઈઓ-બહેનો જોડાયા હતા. જેમાં ખાસ કરીને આંગણવાડી કાર્યકર, આશા વર્કર, મધ્યાહ્ન ભોજન યોજના, એસ.ટી. પરિવહન, જીએમડીસી, પાણી પુરવઠા વિભાગ સહિત અદાણી પાવર, અદાણી સિમેન્ટ, અલ્ટ્રાટેક સિમેન્ટ, એલઆઈસી તથા બેંક ક્ષેત્રના કર્મચારીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આ વિરોધ પ્રદર્શનમાં જિલ્લા પ્રમુખ ભરતભાઈ ડાંગર, જિલ્લા મંત્રી જીજ્ઞેશગીરી ગોસ્વામી, કોષાધ્યક્ષ યોગેશગીરી ગુસાઈ, નરેન્દ્રગીરી ગોસ્વામી, અજિતભાઈ આર્ય, દિલીપભાઈ, વિનોદ મહારાજ, કૈલાશ શુક્લા, પપ્પુ પાંડે, રાજીવજી, મુકેશગીરી અને લોકેશ નાકર સહિતની સમગ્ર જિલ્લા ટીમે નેતૃત્વ પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત આંગણવાડી ક્ષેત્રના શિલ્પાબેન રાજગોર, મીરાબેન પોમલ અને બીનાબેન દવે તેમજ આશા વર્કર ક્ષેત્રના જીજ્ઞાબેન ગોર અને ઉષાબેન ગોસ્વામી તથા મધ્યાહ્ન ભોજન યોજનાના અભેસિંહ જાડેજા અને મેઘજીભાઈ ધુવા પણ ઉપસ્થિત રહ્યા હતા.

# એક પણ ગોળી માર્યા વિના અમેરિકાને ઝુકાવી શકે છે ઈરાન! ચીની પ્રોફેસરનો ખતરનાક પ્લાન

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : અમેરિકા અને ઈરાન વચ્ચેના વધતા જતા સૈન્ય સંઘર્ષની વચ્ચે એક ચીની પ્રોફેસરના વિશ્લેષણે વિશ્વભરમાં ચર્ચા જગાવી છે. પ્રોફેસરના મતે, ઈરાન પાસે એક એવું હથિયાર છે જેના માટે તેને એક પણ ગોળી ચલાવવાની જરૂર નથી અને તે આખા અખાતી દેશો અને અમેરિકાની સેનાને ઘૂંટણિયે લાવી શકે છે.

ચીની પ્રોફેસરના જણાવ્યા અનુસાર, સાઉદી અરેબિયા, કતાર અને બહરીન જેવા અખાતી દેશો પાસે પીવાલાયક કુદરતી પાણીના સ્રોત અત્યંત મર્યાદિત છે. આ દેશો તેમની ૯૦% પાણીની જરૂરિયાત માટે દરિયાના ખારા પાણીને મીઠું બનાવવાના 'ડિસેલિનેશન પ્લાન્ટ' (ઢીજકક્ષૈહર્ક્ષૈહ ક્ષ્કહં) પર નિર્ભર છે. જો આ પ્લાન્ટ્સ કામ કરવાનું બંધ કરી દે, તો ગણતરીના કલાકોમાં જ આ દેશોમાં પીવાના પાણી માટે હાહાકાર મચી શકે છે.

પ્રોફેસરનું વિશ્લેષણ અત્યંત ડરામણું છે. ઈરાન પાસે અત્યાધુનિક ડ્રોન ટેકનોલોજી છે જે રડારથી બચીને ચોકસાઈપૂર્વક નિશાન લગાવી શકે છે. આ ડિસેલિનેશન પ્લાન્ટ્સ દરિયા કિનારે આવેલા હોય છે અને તેમની સુરક્ષા કરવી પડકારજનક છે. જો ઈરાન માત્ર એક 'સ્યુસાઈડ ડ્રોન' વડે કોઈ મુખ્ય વોટર પ્લાન્ટને નિશાન બનાવે, તો લાખો લોકો પાણી વિના તરફડતા થઈ જશે. આ મશીનો એટલી જટિલ હોય છે કે તેને ઠીક કરવામાં મહિનાઓનો સમય લાગે છે.

મિડલ ઈસ્ટમાં તૈનાત હજારો અમેરિકન સૈનિકો પણ પાણી માટે આ સ્થાનિક સ્રોતો પર જ નિર્ભર છે. પ્રોફેસરના મતે, જ્યારે જનતા તરસથી વ્યાકુળ હશે અને ચારેબાજુ અરાજકતા ફેલાશે, ત્યારે અમેરિકી સેનાનું મેનેજમેન્ટ સંપૂર્ણપણે નિષ્ફળ જઈ શકે છે. સેનાએ પોતાની સુરક્ષા કરવાને બદલે લોકોને પાણી પૂરું પાડવાની ચિંતા કરવી પડશે. આ સ્થિતિ કોઈપણ શક્તિશાળી દેશને હરાવવા માટે પૂરતી છે.

અખાતી દેશોમાં ૮૦% ખોરાક બહારથી આયાત કરવામાં આવે છે, જે સંપૂર્ણપણે પાણી અને સપ્લાય ચેઈન પર આધારિત છે. પાણી વિના ન તો રસોઈ બની શકશે કે ન તો લોકો લાંબો સમય ટકી શકશે. આ એક પ્રકારનું 'પરંપરાગત યુદ્ધ' ન હોવા છતાં, કોઈ આખી વસ્તીને ખતમ કરવા જેટલું ઘાતક સાબિત થઈ શકે છે.

# કચ્છના ભૂસ્તરીય વારસાની વૈજ્ઞાનિક સમજ વધુ ઘનિષ્ઠ બની

**કચ્છ બેસિનના ભૂસ્તરીય રહસ્યો ઉકેલવા ભુજ–કેરળના વિદ્યાર્થીઓનો સંયુક્ત પ્રયોગ આર.આર. લાલન કોલેજ અને નારાયણ કોલેજ વચ્ચે પાંચ દિવસીય ફિલ્ડવર્કથી શૈક્ષણિક એકતાનું અનોખું દ્રશ્ય**

ભુજ - કચ્છઉદય : ભારતના અગત્યના સેડીમેન્ટરી પ્રદેશોમાં સ્થાન ધરાવતા કચ્છ બેસિનના ભૂસ્તરીય વૈવિધ્ય અને વૈજ્ઞાનિક મહત્ત્વને સમજવા ભુજની આર.આર. લાલન કોલેજના ભૂસ્તરશાસ્ત્ર (જિયોલોજી) વિભાગ દ્વારા આયોજિત પાંચ દિવસીય ફિલ્ડવર્ક સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. આ અભ્યાસયાત્રામાં દ્વિતીય અને તૃતીય વર્ષના વિદ્યાર્થીઓએ સક્રિય ભાગ લીધો હતો. વિશેષતા એ રહી કે કેરળ રાજ્યના તિરુવનંતપુરમ સ્થિત નારાયણ કોલેજના તૃતીય વર્ષના ૨૭ વિદ્યાર્થીઓ તથા બે અધ્યાપકો પણ આ ફિલ્ડવર્કમાં જોડાયા હતા, જેના કારણે આંતરરાજ્ય શૈક્ષણિક સહભાગિતાનો સુંદર સમન્વય સર્જાયો હતો.

કચ્છ વિસ્તાર મેસોઝોઇકથી સેનોઝોઇક સમયગાળાના સમૃદ્ધ ખડકો, જીવાશ્મો અને ટેક્ટોનિક રચનાઓ માટે વૈશ્વિક સ્તરે ઓળખ ધરાવે છે. વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકીય જ્ઞાન પૂરતું મર્યાદિત ન રાખી પ્રાયોગિક અને મેદાની અનુભવ દ્વારા ખડકોની રચના, તેમના જમાવટ અને સ્તરક્રમને નજીકથી સમજવાનો મુખ્ય હેતુ આ અભ્યાસયાત્રાનો રહ્યો હતો.

ફિલ્ડવર્ક દરમિયાન વિદ્યાર્થીઓએ વિવિધ સ્થળોએ ફોલ્ટ લાઈનો (ભૂસ્ખલન રેખાઓ), જીવાશ્મો (ફોસિલ્સ) અને સ્ટ્રેટિગ્રાફી (સ્તરક્રમ)ની ઓળખ તથા વિગતવાર વિશ્લેષણ કર્યું હતું. જીવાશ્મોના આધારે ખડકો કઈ પ્રકારે ડીપોઝિટ થયા અને તે સમયગાળા દરમિયાનની પર્યાવરણિય પરિસ્થિતિ કેવી હતી તે અંગે માહિતી મેળવી હતી. આ હેન્ડ્સ - ઓન અભ્યાસથી વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ અને સંશોધનક્ષમતા વિકસિત થઈ હતી.

સેનોઝોઈક યુગના માતાનામઢ ફોર્મેશન, નરેડી ફોર્મેશન, હારુડી ફોર્મેશન અને ફુલરા ફોર્મેશન જેવા મહત્વપૂર્ણ ભૂસ્તરીય સ્તરોનો અભ્યાસ કરીને વિદ્યાર્થીઓએ સમુદ્ર સ્તરના પરિવર્તન અને સ્તરક્રમ વચ્ચેનો સંબંધ સમજ્યો હતો. ઉપરાંત કચ્છ બેસિનની ટેક્ટોનિક ગતિશીલતાને સમજવા કચ્છ મેઈનલૅન્ડ ફોલ્ટ, વિગોડી ફોલ્ટ અને કઠરોડ હિલ ફોલ્ટ જેવા અગત્યના ફોલ્ટ ઝોનની મુલાકાત લેવામાં આવી હતી, જ્યાં ભૂકંપીય ગતિ અને પૃથ્વીની આંતરિક પ્રક્રિયાઓ અંગે પ્રાથમિક જાણકારી પ્રાપ્ત થઈ હતી.

ફિલ્ડવર્કનો એક મહત્વપૂર્ણ ભાગ તરીકે હડપ્પાકાલીન ઐતિહાસિક સ્થળ ધોળાવીરાની મુલાકાત પણ લેવામાં આવી હતી. અહીં વિદ્યાર્થીઓએ ભૂગર્ભીય પરિસ્થિતિ અને પ્રાચીન જળ વ્યવસ્થાપન પદ્ધતિઓ વચ્ચેના સંબંધને સમજી, પ્રાચીન સંસ્કૃતિઓએ પ્રાકૃતિક પરિસ્થિતિને કેવી રીતે અનુરૂપ બનાવી જીવન વ્યવસ્થિત કર્યું તે અંગે અભ્યાસ કર્યો હતો. આ મુલાકાત વિદ્યાર્થીઓ માટે ઇતિહાસ અને વિજ્ઞાન વચ્ચેનો સંકલિત અનુભવ સાબિત થઈ હતી.

આ સમગ્ર આયોજન ડૉ. દર્શિત જે. પાડિયા, બાબુલાલ વાઘેલા અને મીત ઉગરેજીયાના માર્ગદર્શન હેઠળ સુવ્યવસ્થિત રીતે યોજાયું હતું. અંતિમ દિવસે નારાયણ કોલેજ, કેરળના વિદ્યાર્થીઓએ આર.આર. લાલન કોલેજના ભૂસ્તરશાસ્ત્ર વિભાગની શૈક્ષણિક તથા સંશોધન સુવિધાઓની મુલાકાત લઈને પરસ્પર જ્ઞાન વિનિમય કર્યો હતો.

# ભુજની કે.કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલને હૃદયરોગ સુપર વિશેષતા અભ્યાસક્રમની બે બેઠકની મંજૂરી

ભુજ-કચ્છઉદય : કચ્છ લેવાપટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ સંચાલિત ભુજસ્થિત કે.કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલને રાષ્ટ્રીય તબીબી પરીક્ષા બોર્ડ દ્વારા હૃદયરોગ સુપર વિશેષતા અભ્યાસક્રમ માટે બે બેઠકની સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે. કચ્છ જિલ્લામાં ઉચ્ચ તબીબી શિક્ષણ ક્ષેત્રે આ મહત્વપૂર્ણ ઉપલબ્ધિ ગણાઈ રહી છે.

આ મંજૂરીથી હવે હૃદયરોગ વિષયમાં ઊચ્ચ અભ્યાસ કરવા ઈચ્છુક તબીબોને મોટા શહેરોમાં જવાની જરૂર રહેશે નહીં. તેઓ કચ્છમાં જ આધુનિક સુવિધાઓ સાથે ગુણવત્તાસભર તાલીમ મેળવી શકશે. આ પગલું જિલ્લાનાં આરોગ્યક્ષેત્ર માટે એક નવી દિશા સાબિત થશે એવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ અભ્યાસક્રમ હૃદયરોગની આધુનિક સારવાર અને હૃદયમાં કરવામાં આવતી વિશેષ સારવાર પદ્ધતિઓમાં વિશાળ અનુભવ ધરાવતા તબીબ ડો. જયદત્ત ટેકાણી અને ડો. મીટ ઠાકરના માર્ગદર્શન હેઠળ સંચાલિત થશે. બંને નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ અભ્યાસ કરતા તબીબોને પ્રાયોગિક અનુભવ સાથે સંશોધન અને વૈજ્ઞાનિક અભ્યાસની તક પણ પ્રાપ્ત થશે. હોસ્પિટલ તંત્ર દ્વારા જણાવાયું હતું કે, આ મંજૂરી માત્ર શિક્ષણક્ષેત્રની સિદ્ધિ નહીં પરંતુ કચ્છમાં આધુનિક હૃદયરોગ સારવાર સુલભ બનાવવા તરફનું મહત્વપૂર્ણ પગલું છે. અત્યાર સુધી હોસ્પિટલ દ્વારા અનેક જટિલ હૃદયરોગની સારવાર સફળતાપૂર્વક કરવામાં આવી છે અને હવે શિક્ષણ ક્ષેત્રે પણ હોસ્પિટલ આગવું સ્થાન મેળવવા આગળ વધી રહી છે. આ નિર્ણયથી કચ્છના યુવા તબીબોમાં ઉત્સાહનો માહોલ સર્જાયો છે. સ્થાનિક સ્તરે સુપર વિશેષતા અભ્યાસની સુવિધા ઉપલબ્ધ થવાથી ભવિષ્યમાં જિલ્લામાં હૃદયરોગ નિદાન અને સારવારની સેવાઓ વધુ મજબૂત બનશે અને દર્દીઓને બહાર જવાની જરૂરિયાત ઓછી થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# સંગીતના સ્વરોમાં આરોગ્યનો સ્પર્શ : બિદડામાં મ્યુઝિક થેરાપીનો અનોખો પ્રયાસ

બિદડા-કચ્છઉદય : બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત બિદડા હોસ્પિટલના રતનવીર નેચર ક્યોર કેન્દ્ર ખાતે નેચરોપેથી તથા આયુર્વેદિક સારવાર લઈ રહેલા દર્દીઓ માટે 'શામ-એ-મહેફિલ' નામે સંગીતમય કાર્યક્રમ યોજાયો હતો. આરોગ્ય સુધારામાં માનસિક શાંતિ અને સકારાત્મકતા મહત્વની હોવાને ધ્યાનમાં રાખી યોજાયેલા આ મ્યુઝિક થેરાપી કાર્યક્રમમાં ૬૦થી વધુ દર્દીઓ જોડાયા હતા.

બ્લડ કેન્સર ક્લિનિકલ ટ્રાયલ્સ અને રિસર્ચ ક્ષેત્રે કાર્યરત કુણાલ મહેતાએ મહોમદ રફી, કિશોર કુમાર સહિત પ્રખ્યાત ગાયકોના સૂરિલા ગીતો રજૂ કરી કાર્યક્રમને ભાવભીનુ બનાવ્યો હતો. સંગીતના મધુર સ્વરો સાથે દર્દીઓમાં નવી ઊર્જા અને આશાવાદનો સંચાર થયો હતો.

કાર્યક્રમ દરમિયાન દીપ્તી શાહ, ડો. નિશાન, નંદા છેડા તેમજ કેટલાક લાભાર્થી દર્દીઓએ પણ ગીતો રજૂ કરી માહોલને આનંદમય બનાવ્યો હતો. ભારતી વાડેરાએ થેલેસેમિયા વિષયક કવિતા પઠન કરીને આરોગ્ય જાગૃતિનો સંદેશ આપ્યો હતો. ડો. પ્રિયાંક સહિત વિવિધ ક્ષેત્રના ઈન્ટર્ન તબીબોએ ઉપસ્થિત રહી આરોગ્ય અને માનસિક સુખાકારીમાં સંગીતના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો.

રતનવીર નેચર ક્યોર અને તારામતી વેલનેસ સેન્ટરમાં કુદરતી ઉપચાર અને આયુર્વેદિક સારવાર માટે દર વર્ષે દેશ-વિદેશથી અનેક દર્દીઓ આવે છે. આવા સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપચાર પ્રક્રિયાનો અભિન્ન ભાગ બની રહ્યા છે, જે દર્દીઓના ભાવનાત્મક અને માનસિક સ્વાસ્થ્યમાં વધારો કરે છે. કાર્યક્રમની સફળ આયોજન માટે બિદડા હોસ્પિટલના મેનેજર ભાવિનભાઈ તથા સ્ટાફે સુવ્યવસ્થિત કામગીરી સંભાળી હતી. ટ્રસ્ટી હેમંતકુમાર રાંભિયા અને શરદભાઈ રાંભિયાએ સહભાગી કલાકારો અને ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# કુકમામાં માતૃભાષા મહોત્સવની અનોખી ઉજવણી

ભુજ-કચ્છઉદય: વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે કુકમા ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી અને પ્રયાસ ગુરુકુલમના સંયુક્ત ઉપક્રમે 'માતૃભાષા મહોત્સવ'નું આયોજન કરી ગુજરાતી ભાષા પ્રત્યે ગૌરવ અને આત્મીયતા જગાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. માતૃભાષા સપ્તાહ અંતર્ગત યોજાયેલ આ કાર્યક્રમ પ્રયાસ ગુરુકુલમની ચિંતન સાધના સ્થલી ખાતે ઉત્સાહભેર યોજાયો હતો. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી થયો હતો. મુખ્ય અતિથિ તરીકે રામકૃષ્ણ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. મનોજભાઈ સોલંકી અને કચ્છ યુનિવર્સિટીના પ્રાધ્યાપક ડૉ. કનિષ્ક શાહ ઉપસ્થિત રહ્યા હતા. બંને મહાનુભાવોએ પોતાના સંબોધનમાં માતૃભાષા 'ગુજરાતી'નું વ્યક્તિત્વ વિકાસ, સંસ્કાર નિર્માણ અને જ્ઞાનપ્રાપ્તિમાં મહત્વ સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું કે માતૃભાષા વ્યક્તિની ઓળખ છે અને તેના સંવર્ધન માટે સમાજના દરેક વર્ગે સજાગ રહેવું જોઈએ.

પ્રયાસ ગુરુકુલમના સ્થાપક ડૉ. મુક્તિબેન પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ. ભાગ્યેશ ઝ્હાના પ્રસંગોચિત ઉદબોધનનું વાચન કરી ભાષાની ઐતિહાસિક પરંપરા, સાહિત્ય સમૃદ્ધિ અને ભવિષ્યમાં તેની જાળવણીની જરૂરિયાત પર ભાર મૂકાયો હતો.

મહોત્સવ દરમિયાન કાવ્યપઠન, વક્તવ્ય, સર્જનાત્મક લેખન અને વિવિધ સાહિત્યિક પ્રવૃત્તિઓ યોજાઈ હતી. કવિ કિરણબેન પટેલ અને અનુપમાબેન પટેલે પોતાની રચનાઓ દ્વારા ઉપસ્થિતોને ભાષાના મર્મ સાથે જોડ્યા હતા. વિદ્યાર્થીઓએ પણ માતૃભાષા વિષયક અભિવ્યક્તિ રજૂ કરી કાર્યક્રમને જીવંત બનાવ્યો હતો.

ગુજરાત સાહિત્ય અકાદમીની વિશેષ પહેલ 'મારા હસ્તાક્ષર, મારી માતૃભાષા'ને ઉપસ્થિતોએ ઉત્સાહપૂર્વક સમર્થન આપ્યું હતું. આ અભિયાન અંતર્ગત દૈનિક જીવનમાં પોતાના હસ્તાક્ષર અને લેખનકાર્ય માતૃભાષામાં કરવાની પ્રેરણા આપવામાં આવી હતી, જે ભાષાગૌરવની દિશામાં મહત્વપૂર્ણ પગલું ગણાય છે.

કાર્યક્રમની શરૂઆતમાં જીગ્નેશભાઈ સેંઘાણીએ આવકાર ભાષણ આપ્યું હતું, જ્યારે અંતે ડૉ. મુક્તિ પટેલે આભારવિધિ પાઠવી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ભુજ સેશન્સ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ભારે અફરાતફરી







બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડની ટીમો તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી

**ઇમેઇલ દ્વારા મળેલી ધમકી બાદ સમગ્ર સંકુલ ખાલી કરાવાયું : એક સપ્તાહ પૂર્વે હેડ પોસ્ટ ઓફિસને પણ નિશાન બનાવવાની મળી હતી ધમકી : પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા સઘન સર્ચ ઓપરેશન હાથ ધરાયું**

**વારંવાર મળી રહેલી ધમકીઓ પાછળ કોઈ અસામાજિક તત્વોની ટીખળ કે પછી કોઈ મોટું કાવતરું તે દિશામાં પોલીસે કર્યા તપાસના ચક્રો ગતિમાન**

ભુજ - કચ્છઉદય : ભુજ શહેરના અત્યંત વ્યસ્ત અને સરકારી કચેરીઓથી ઘેરાયેલી સેશન્સ કોર્ટ સંકુલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈમેઈલ મળતા સમગ્ર વહીવટી તંત્ર અને પોલીસ બેડામાં ભારે દોડધામ મચી ગઈ છે. ગઈકાલે ધૂળેટીના પર્વની જાહેર રજા બાદ આજે સવારે ભુજના કોર્ટ પરિસરમાં રાબેતા મુજબ કામગીરી શરૂ થઈ હતી. આજે સવારના સમયે કોર્ટની કામગીરી જ્યારે પૂરજોશમાં ચાલી રહી હતી, ત્યારે અચાનક ઈમેઈલ મારફતે મળેલી આ ધમકીએ તંત્રને દોડતું કરી દીધું હતું. સુરક્ષાના કારણોસર તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી ન્યાયાધીશો, કોર્ટના સ્ટાફ, વકીલો અને અસીલો સહિત સમગ્ર કોર્ટ સંકુલને ખાલી કરાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. અચાનક કોર્ટ ખાલી કરાવવાના આદેશથી પરિસરમાં અફરાતફરીનો

**અનુસંધાન પાના નં.૫ પર**



## લોરિયા પાસે લાઈટના થાંભલામાં ગાડી ભટકાતા યુવાનનું મોત

ભુજ - કચ્છઉદય : તહેવારના દિવસો દરમિયાન ભુજ તાલુકા વિસ્તારમાં અકસ્માતના બે બનાવ સામે આવ્યા હતા, જેમાં બે વ્યક્તિઓના મોત થયા છે.

આ બાબતે જી.કે. જનરલ હોસ્પિટલમાંથી મળતી વિગતો મુજબ લોરિયા અને હનુમાનનગર વચ્ચે અકસ્માતનો બનાવ બન્યો હતો. બનાસકાંઠાના ૩૯ વર્ષિય પરેશભાઈ ઘુડાભાઈ પટેલ ગાડી લઈને લોરિયા બાજુથી આવતા હતા, ત્યારે લાઈટના થાંભલા સાથે ટક્કર થતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાના કારણે મોત થયું હતું. બનાવ અંગે માધાપર પોલીસે નોંધ દાખલ કરી હતી. આ વિસ્તારમાં અગાઉ પણ જીવલેણ અકસ્માતો થયા હોઈ અકસ્માત ઝોન તરીકે આ વિસ્તાર જાણીતો બન્યો છે.

**લેર -કુકમા પાસે અકસ્માતમાં આધેડનું મોત**

દરમિયાન ભુજ તાલુકાના લેર અને કુકમાની વચ્ચે ગઈકાલે સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં અકસ્માતનો બનાવ બન્યો હતો. જી.કે. જનરલ હોસ્પિટલમાંથી મળેલી વિગતો મુજબ હાજાપર ગામમાં રહેતા ૫૦ વર્ષિય શંકર ખેતાભાઈ સીજુ બાઈક લઈને જતા હતા, ત્યારે અલ્ટો ગાડીના ચાલકે ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતાં પદ્ધર પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ખુઅડાના દરિયા કિનારે મળેલા ૧૯ લાખના ચરસ મામલે ૧૦ મહિના પછી ગુનો નોંધાયો

ભુજ - કચ્છઉદય : અબડાસા તાલુકાના ખુઅડા ગામના દરિયા કિનારે ચરસનો જથ્થો મળી આવ્યો હતો. કોઈ અજાણ્યા ઈસમોએ દરિયાઈ માર્ગે નશાની હેરાફેરી કરી અને દરિયાની વિપરીત પરિસ્થિતિના કારણે ચરસનો જથ્થો દરિયામાં બિનવારસુ ફેંકી દેતા માદક પદાર્થ દરિયા કિનારે તણાઈને આવ્યા હતા. ગત બે મેના ૧૨.૭૨૫ કિલો ચરસ કિ.રૂા. ૧૯,૦૮,૭૫૦નો મુદામાલ બિનવારસુ મળી આવ્યો હતો. ૧૦ મહિના પછી એસઓજી પીઆઈએ માદક પદાર્થ મંગાવનાર અને હેરફેર કરનાર સામે કોઠારા પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, માંડવી, અબડાસા અને લખપતના દરિયા કિનારે અવાર નવાર ચરસના બિનવારસુ પેકેટ મળી આવે છે. બે દિવસ પહેલા પણ કુંડી બેટ પાસે બીએસએફને બિનવારસુ ચરસનું એક પેકેટ મળી આવ્યું હતું.

## ગણેશનગરમાં મહિલા સાથે દુષ્કર્મ ગુજારાયું

ગાંધીધામ - કચ્છઉદય : શહેરના ગણેશનગર વિસ્તારમાં મહિલા સાથે દુષ્કર્મ ગુજરાવામાં આવ્યું હતું, આ બાબતે મળતી વિગતો મુજબ પ્રથમ ૧૯ જાન્યુઆરીના દિલ્હીના કાપસહેડા પોલીસમાં ૦ નંબરથી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ત્યાંથી આ ગુનો ગાજીયાબાદ જીઆરપી પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર થયો હતો. તપાસ દરમિયાન આ ગુનો ગાંધીધામના ગણેશનગરમાં બન્યો હોવાનું જણાઈ આવતા ત્યાંથી ફરિયાદ બી ડિવિઝનમાં ટ્રાન્સફર કરવામાં આવી છે.

**અનુસંધાન પાના નં.૫ પર**

## ગાંધીધામ હાઈવે પર ઉભેલી ટ્રકમાં બૂલેટ ઘુસી જતાં યુવાનનું મોત

ગાંધીધામ - કચ્છઉદય : શહેરમાં ગાંધીધામથી ભચાઉ જતા નેશનલ હાઈવે પર એવી જોષી પુલિયા પાસે ઉભેલી ટ્રકમાં બૂલેટ ઘુસી જતાં યુવાનનું મોત થયું હતું. આ બાબતે બી ડિવિઝન પોલીસમાંથી મળતી વિગતો મુજબ ટ્રક નંબર જી.જે. ૧૦ ટીટી ૯૯૨૩ના ચાલકે હાઈવે પર પોતાની ટ્રક અડચણરૂપ ઉભી રાખી હતી. કોઈ ઈશારો કે આડસ મુકવામાં આવ્યા ન હતા. આ ટ્રકની પાછળ બૂલેટ બાઈક નંબર જી.જે. ૩૯ એ ૯૬૬૬ ઘુસી જતાં ગંભીર ઈજાઓ થવાના કારણે ઈશ્વરભાઈનું

**અનુસંધાન પાના નં.૫ પર**


## જાહેર આભાર / હાર્દિક નિમંત્રણ



**મા. પ્રધુમનસિંહ મહિપતસિંહ જાડેજા**
ધારાસભ્યશ્રી,
અબડાસા-૧ વિધાનસભા

**આપશ્રી કર્મઠ લોકસેવાધારી દ્વારા અબડાસા તાલુકાના હમનખુડી સ્થિત પ્રાચીન ઝુલેલાલ મંદિર સ્થાનકના રસ્તાનું રિસર્ફેસિંગ ઓફ કુનરી હમનખુડી રોડ ૪ કિ.મી. માર્ગનાં નિર્માણ માટે રૂા. ૧૫૦ લાખની માતબર રકમ તેમજ કન્સ્ટ્રકશન ઓફ વેન્ટેડ કોઝવે ઓન કુનરી હમનખુડી રોડનાં નિર્માણ માટે રૂા. ૫૦ લાખની રકમના રસ્તા વિકાસ કામ સરકારમાંથી મંજૂર કરાવવા સમગ્ર રઘુવંશી સમાજના ગૌરવ હમનખુડી દરિયાલાલ સ્થાનક માટે અંગત રસ લઈ ભવ્ય સેવાનું કામ કરે છે, તે બદલ સમગ્ર લોહણા રઘુવંશી સમાજ આપનો સહૃદયપૂર્વક આભારની લાગણી વ્યકત કરી આપનો ખૂબ ખૂબ આભાર માને છે.**

**આ સ્થાનકના માર્ગનું ખાતમુહૂર્ત ભૂમિપૂજન તા. ૫/૩/૨૦૨૬, ગુરુવારે સાંજે ૪.૩૦ કલાકે હમનખુડી, તા. અબડાસા મધ્યે પધારતા આપ ધારાસભ્યને આવકારીએ છીએ તથા આ પ્રસંગે સમસ્ત ગામોના લોહાણા રઘુવંશી ભાઈ/બહેનોને પધારવા ભાવભર્યું હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.**

શુભેચ્છક નિમંત્રક

- **શ્રી ઝુલેલાલ ચેરિટેબલ ટ્રસ્ટ**
- **શ્રી અખિલ કચ્છ રઘુવંશી સોશિયલ ગ્રુપ**
- **શ્રી લખપત તાલુકા લોહાણા મહાજન**


## ગાંધીધામમાં એમ.ડી. ડ્રગ્સ અને પોષડોડા સાથે યુવક ઝડપાયો

**નવી સુંદરપુરીના રાયમા ચોક વિસ્તારમાં બાતમીના આધારે એ-ડિવિઝન પોલીસની કાર્યવાહી, રાજસ્થાનના કનેક્શનની આશંકા સાથે તપાસ તેજ**





ગાંધીધામ : શહેરને નશામુક્ત કરવાના અભિયાન હેઠળ પૂર્વ કચ્છ પોલીસને વધુ એક મોટી સફળતા મળી છે. ગાંધીધામ એ-ડિવિઝન પોલીસે બાતમીના આધારે રાયમા ચોક વિસ્તારમાં દરોડો પાડીને એક શખ્સને પ્રતિબંધિત માદક પદાર્થોના જથ્થા સાથે રંગેહાથ ઝડપી પાડ્યો છે. પોલીસ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહીમાં એમ.ડી. ડ્રગ્સ અને પોષડોડા સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જેના કારણે નશાના સોદાગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આ કેસની વિગતો મુજબ, સરહદી રેન્જ આઈજી ચિરાગ કોરડીયા અને પૂર્વ કચ્છ એસપી સાગર બાગમારની સૂચના મુજબ જિલ્લામાં માદક પદાર્થોની હેરાફેરી અટકાવવા માટે 'સે નો ટુ ડ્રગ્સ' મિશન

**અનુસંધાન પાના નં.૫ પર**

# જસાપર વાંઢમાં ૯.૪૬ લાખનો ગાંજો પકડાયો

## ભીમાસર ભુટકિયામાં ૯ કરોડની નશાની ખેતી પકડાયા બાદ પૂર્વ કચ્છમાં ૭મી કાર્યવાહી



## હબીબને બચાવી લેવાયો? કોણે કરી ૨૫ લાખની તોડ?

ગાંધીધામ : એક તરફ સરકાર અને પોલીસ તંત્ર દ્વારા ગુજરાત અને કચ્છને નશામુક્ત બનાવવા માટે રાત-દિવસ મહેનત કરવામાં આવી રહી છે અને માદક પદાર્થોની હેરફેર કરનારા ગુનેગારો સામે કડક કાર્યવાહીના દાવા કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ આ જ પ્રકારના એક ગંભીર કેસમાં 'હબીબ' નામના શખ્સને આબાદ રીતે બચાવી લેવાયો હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. પોલીસ તંત્રના અમુક કથિત ભ્રષ્ટ તત્વો દ્વારા પોતાની રોકડી કરી લેવાની લાયમાં આ પ્રકરણમાં મસમોટો વહીવટ કરવામાં આવ્યો હોવાના ગંભીર આક્ષેપો ઉઠી રહ્યા છે. આ ચકચારી કિસ્સામાં હબીબ નામના વ્યક્તિનું નામ ખુલવા છતાં અને તેની ભૂમિકા શંકાસ્પદ હોવા છતાં, અંદરખાને થયેલા વ્યવહારના કારણે તેને કાયદાના સકંજામાંથી મુક્ત રાખવામાં આવ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ પ્રકરણમાં અંદાજે ૨૫ લાખ રૂપિયાની મોટી લેતીદેતી થઈ હોવાની વાતો વહેતી થતા અનેક સવાલો ઊભા થયા છે, કારણ કે જો આટલી મોટી રકમ આપીને કોઈ શખ્સ છૂટી જતો હોય, તો તેની પાસે માદક પદાર્થો અને ગાંજાની હેરફેરનું કેટલું મોટું નેટવર્ક હશે તે સમજી શકાય તેમ છે. હવે જોવાનું એ રહે છે કે પોલીસના ઉચ્ચ અધિકારીઓ આ મામલે ઊંડી તપાસ કરીને એ સત્ય બહાર લાવે છે કે કેમ કે આખરે લાખોનો તોડ કરીને હબીબને બચાવનાર અસલી ચહેરાઓ કોણ છે? આ ઘટનાએ નશામુક્ત કચ્છના અભિયાન સામે મોટા પ્રશ્નાર્થો ખડા કર્યા છે.

ગાંધીધામ - કચ્છઉદય : રાપર તાલુકાના ભીમાસર ભુટકિયામાં ૯ કરોડની નશાની ખેતી પકડાયા બાદ પૂર્વ કચ્છ પોલીસની કામગીરી સામે સવાલો ઉઠ્યા બાદ ખાસ કરીને વાગડ વિસ્તારમાં પોલીસે અચાનક ગાંજાના કેસ શોધવાનું શરૂ કર્યું છે. ટુંકા ગાળામાં વાગડ અને અંજાર, ગાંધીધામ વિસ્તારમાં એનડીપીએસના ૭ કેસ થયા છે. ભચાઉ તાલુકાના જસાપરવાંઢમાં સ્થાનિક સામખિયાળી પોલીસે દરોડો પાડયો હતો. આરોપી મૂળ માળિયા મિયાણાના હાલે અહીં રહેતા રસુલ અબ્દુલા ટાંકે પોતાના કબ્જાની ઓરડીની આસપાસ વગર પાસ પરમીટે ગાંજાના ૧૬ છોડ વાવેલા હતા. કુલ ૧૮.૯૨૫ કિલો ગાજો કિ.રૂા. ૯,૪૬,૨૫૦નો મુદામાલ કબ્જે કરી આરોપી રસુલની અટક કરવામાં આવી હતી. આ કામગીરીમાં પીઆઈ જે.એમ. ઝાલા, પીએસઆઈ કે.જે. વાઢેર જોડાયા હતા. ક્રોસ તપાસ ગાગોદર પોલીસને સોપાઈ છે.


## અશ્રુભિની શ્રદ્ધાંજલિ



**સ્વ. તેજસ પરેશ કારિયા**

સ્વ. તારીખ : ૨૬/૦૨/૨૦૨૬
મુળ : વાયોર અબડાસા,
હાલે : કલ્યાણ મુંબઈ

**આપની અણધારી વિદાય અમારૂ કાળજુ કંપાવી ગઈ, આશા અને અરમાનોની શ્રેષ્ઠ ક્ષણોમાં જીવન જીવ્યા ટુંકુ પણ ઉત્તમ જીવી ગયા, સર્વત્ર સ્વાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના..**

- સ્વ. લીલાધર ભીમજી ઠક્કર
- સ્વ. જમનાદાસ ભીમજી ઠક્કર
- સ્વ. શંકરલાલ લીલાધરભાઈ ઠક્કર
- મુકેશભાઈ લીલાધરભાઈ ઠક્કર
- પરેશ લીલાધરભાઈ ઠક્કર
- વસંતભાઈ લીલાધરભાઈ ઠક્કર
- પ્રકાશભાઈ લીલાધરભાઈ ઠક્કર
- કુશલ મુકેશભાઈ ઠક્કર
- મમતાબેન જયંતિલાલ ઠક્કર
- ભક્તિબેન ભાવેશભાઈ ઠક્કર
- નયનાબેન મુકેશભાઈ ઠક્કર
- કુસુમબેન જયસુખભાઈ ઠક્કર
- હંસાબેન કૈલાસભાઈ ઠક્કર
- મિનાબેન પરેશભાઈ ઠક્કર

**સદગતની પ્રાર્થના સભા**
શ્રી બિલેશ્વર મંદિર, ભુજ મધ્યે, તા. ૦૫/૦૩/૨૦૨૬, સાંજે ૪ થી ૫ કલાકે
લૌકિક વ્યવહાર બંધ છે.


## ફોન હેક કરીને ખાતામાંથી ૪૫ હજાર ઉપાડી લેવાયા

ગાંધીધામ - કચ્છઉદય : પૂર્વ કચ્છમાં ઓનલાઈન ઠગાઈના બનાવોમાં વધારો થયો છે. અવાર નવાર મોબાઈલમાં લીંક કે એપ્લીકેશન મોકલાવી મોબાઈલ હેક કરી રૂપિયા ઉપાડી લેવામાં આવે છે. ત્યારે વધુ એક બનાવ સામે આવ્યો છે. શિણાયમાં રહેતા રાહુલભાઈ ખેતાભાઈ મ્યાત્રાના જણાવ્યા પ્રમાણે કોઈ અજાણ્યા ઈસમે તેમનો મોબાઈલ હેક કરી એચડીએફ બેંકના ખાતામાંથી આઈએમપીએસ પીટુએ ટ્રાન્સફર મોડથી ઓનલાઈન ૪૫ હજાર ઉપાડી સેન્ટલ બેંકના ખાતામાં જમા કર્યા હતા, જે મામલે આદિપુર પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

## કચ્છમાં અપમૃત્યુના બનાવોમાં ૬ લોકોના મોત થયા

**ચાંદ્રાણીમાં કેરોસીન છાંટી મહિલાએ આપઘાત કર્યો : ન-'દગામ પાસે યુવાનનું મોત : સિરાચા અને અંજારમાં યુવાને ફાંસો ખાધો : પરજાઉમાં યુવકે દવા પીધી : ગાંધીધામમાં સીડી પરથી પગ લપસતા ઈજાઓના કારણે યુવાનનું મોત**

ગાંધીધામ - કચ્છઉદય : જિલ્લામાં બે દિવસ દરમિયાન અપમૃત્યુની અલગ અલગ ૬ ઘટનાઓ સામે આવી છે. આ બનાવોથી પરિવારમાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી.

આ બાબતે મળતી વિગતો મુજબ અંજાર તાલુકાના ચાંદ્રાણી ગામે રહેતા ૫૦ વર્ષિય લખીબેન ખેંગારભાઈ હુંબલે પોતાના ઘરે કેરોસીન છાંટી અગ્નિ સ્નાન કરતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેઓનું સારવાર દરમિયાન મોત થતાં દુધઈ પોલીસમાં એડી દાખલ કરવામાં આવી હતી.

આ તરફ ગાંધીધામમાં સેકટર -૨માં આરતી મેન્સન ખાતે રહેતા ૪૦ વર્ષિય દિપેશભાઈ જયંતીભાઈ જોષી સીડી પરથી ઉતરતા હતા, ત્યારે પગ લપસી જતાં ઈજાઓ થવાના કારણે સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેઓનું મોત થતાં બી ડિવિઝન પોલીસે એડી દાખલ કરી હતી.

આ તરફ અંજારમાં

**અનુસંધાન પાના નં.૫ પર**

## ચપરેડીની વાડીમાં પતિ સાથે તકરાર થયા બાદ પત્નીનો આપઘાત

**પતિ સામે મરવા માટે મજબૂર કરવાની કલમો તળે નોંધાયો ગુનો**

ભુજ : તાલુકાના ચપરેડી ગામે મૂળજી ગોપાલ ગાગલની વાડી પર કામ કરતા પરપ્રાંતિય શ્રમજીવી પરિવાર વચ્ચે તકરાર થયા બાદ મહિલાએ આપઘાત કરી લીધો હતો, જે મામલે પતિ વિરૂદ્ધ ગુનો દાખલ કરાયો છે.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ પ્રથમ પદ્ધર પોલીસમાં અકસ્માત મોતની નોંધ દાખલ થઈ હતી, આ બનાવ ૩ તારીખે સાંજે ૪થી

**અનુસંધાન પાના નં.૫ પર**